॥ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥

શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજના ચિત્રો સહિત

# જીવનલીલા તથા ઉપદેશ



પ્રેરક


પ. પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

પ્રકાશક

પ. પૂ. સ્વામી શ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય

સંપાદક

શ્રી કાન્તિભાઈ ઈશ્વરદાસ પટેલ વિરતા



પ. પૂ. શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી ૐ શીવોહંસાગરજી મહારાજ

॥ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥

ૐ

શ્રી ૧૦૦૮ સ્વામી શ્રીમાધવાનંદજી મહારાજના ચિત્રો સહિત

# "જીવનલીલા તથા ઉપદેશ"

**પ્રેરક**

પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

**લેખક તથા વ્યાખ્યાકાર**

પ.પૂ. સ્વામી શ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

**સંપાદક**

**શ્રી કાન્તિભાઈ ઈશ્વરદાસ પટેલ - વિરતા**

**પ્રથમ સંસ્કરણ** : ૩૦૦૦ પ્રત (સર્વાધિકાર સુરક્ષિત)

**પુસ્તક પ્રાપ્તિ સ્થાન**

શ્રી આંતર રાષ્ટ્રીય માધવાનંદ આશ્રમ
નર્મદા કેનાલની બાજુમાં,
ગાંધીનગર, અમદાવાદ, એરપોર્ટ રોડ,
સુઘડ ફોન : ૩૨૭૬૧૫૧

શ્રી માધવાનંદ આશ્રમ
શ્રી નાગેશ્વરાનંદ ધામ
ભૂવાલડી, તા. દસક્રોઈ,
અમદાવાદ ફોન : ૨૯૦૦૭૫૪

www.OmShreeMadhavanandji.org

# પ.પૂ. માધવાનંદજી મહારાજની ગુરૂ-શિષ્ય પરંપરા

- પૂ. આનંદગિરિજી મહારાજ (શાસ્ત્રી સ્વામી)
- પ.પૂ. શિવાનંદજી મહારાજ
  - પૂ. આત્માનંદજી મહારાજ
  - પ.પૂ. ચિદાનંદજી મહારાજ
    - પ.પૂ. શિવોહંસાગરજી મહારાજ
      - પ.પૂ. સ્વામીજીશ્રી ચિદ્‌ઘનાનંદગિરિજી મહારાજ
      - પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગર મહારજશ્રી
        - પ.પૂ. પ્રકાશાનંદ સાગર મહારાજ – વેદાન્તાચાર્ય
          - માધવપિઠાધીપતિ પ.પૂ. શ્રી ૧૦૦૮ અનંત શ્રી વિભૂષિત સ્વામીશ્રી જગદીશાનંદ સાગર મહારાજ-વેદાન્તાચાર્ય
          - પૂ.બ્ર. હરીશાનંદજી મહારાજ-ભાગવતાચાર્ય
          - પૂ. વિવેકાનંદ સાગર મહારાજ-વેદાન્તાચાર્ય
          - પૂ. ભૂમાનંદ સાગર મહારાજ-વેદાન્તાચાર્ય
          - પૂ.બ્ર. મોહનાનંદજી મહારાજ-વેદાન્તાચાર્ય
          - પૂ. બ્રહ્માનંદ સાગર મહારાજ-વેદાન્તાચાર્ય
        - પૂ.બ્ર. સુરેશ્વરાનંદજી મહારાજ-શાસ્ત્રી
          - પૂ.બ્ર. હરિહરાનંદજી મહારાજ-વેદાન્તાચાર્ય
          - પૂ. ગણેશાનંદ સાગર મહારાજ
          - પૂ. દયાનંદ સાગર મહારાજ
          - પૂ. દેવાનંદ સાગર મહારાજ
          - પૂ.બ્ર. શ્રી જયાનન્દજી મહારાજ
      - બલદેવાનંદ
      - બ્ર. કૃષ્ણાનંદજી મહારાજ સર્વદર્શનાચાર્ય
  - પૂ. નાગેશ્વરાનંદજી મહારાજ

# -: સંપાદકીય નોંધ :-

પરમ પૂજ્ય પ્રગટ પરમાત્મા સદ્‌ગુરુજી શ્રી ૧૦૦૮ માધવાનંદજી મહારાજ તથા પરમ પૂજ્ય બ્રહ્મલીન શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યના પટ્ટ શિષ્ય શ્રી માધવ પિઠાધીપતિ પ.પૂ.અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યની પરમ કૃપાથી શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજના ચિત્રો સહિત **"જીવન લીલા તથા ઉપદેશ"** ની અધ્યાત્મરસિક નાની પુસ્તિકા અધિકારી આત્માઓ સમક્ષ પરમ પૂજ્ય અનંત શ્રી વિભૂષિત બ્રહ્મલીન મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજના દ્વિતિય નિર્વાણ જયંતિ મહોત્સવનિમિત્તે સચિત્ર પ્રથમ આવૃત્તિ રૂપે તેઓશ્રીના પવિત્ર ચરણોમાં અર્પણ કરવામાં આવે છે.

આ પુસ્તિકામાં પ.પૂ.પ્રગટ પરમાત્મા સદ્‌ગુરુ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજના જીવનના પ્રસંગો સચિત્ર આલેખવામાં આવ્યા છે. કે જેથી આબાલવૃધ્ધ સર્વે હોંસે હોંસે ચિત્રો જોતા જાય અને વાંચવામાં રસ પડે તે માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે. સર્વે સેવકોની શ્રધ્ધા ભકિત વધે અને સર્વનું કલ્યાણ થાય તેજ આ પુસ્તિકાનો આશય છે.

ભાષા શુધ્ધિ, જોડણી અને વ્યાકરણ પ્રત્યે ખાસ ધ્યાન રાખીને લખવા પ્રયત્ન કરેલ છે.

આધ્યાત્મિકના તથા વેદાન્તના ઉચ્ચ સિધ્ધાંતોનું રહસ્ય આ સંક્ષિપ્ત પુસ્તિકામાં કરવામાં આવ્યું છે. તો આ અમુલ્ય પુસ્તકને જળ, સ્થળ અને શિથિલ બંધનથી રક્ષણ કરશો અને તેને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરશો.

અંતમાં આ પુસ્તિકામાં આધ્યાત્મ દર્શનનું જે અમૂલ્ય રહસ્ય ભર્યું છે. તેનો લાભ લઈ આત્મકલ્યાણના માર્ગે વળે અને કરેલો પુરુષાર્થ સફળ થાય એજ ભાવના સાથે વિરમું છું.

| | |
|---|---|
| પ.પૂ. સ્વામીશ્રી અખંડાનંદ સાગજી મહારાજની | સંપાદક |
| દ્વિતિય નિર્વાણ તિથિ, | પ.પૂ.સદ્‌ગુરુદેવનો સેવક |
| વૈશાખ સુદી ૧૧, બુધવાર | કાન્તિભાઈના ગુરુજીના |
| તા. ૨૨-૫-૨૦૦૨ | ચરણોમાં કોટી કોટી વંદન |

www.OmShreeMadhavanandji.org

## -: આશીર્વચન :-

પરમ પૂજય સચ્ચિદાનંદ સ્વરૂપ અનંતશ્રી વિભૂષિત સ્વામીજી મહારાજની અસીમ કૃપાથી ચિત્રો સહિત પ્રગટ બ્રહ્મ સ્વરૂપ માધવાનંદ સ્વામીજી મહારાજની **"જીવન લીલા તથા ઉપદેશ"** નામનું આ પુસ્તક છપાવવામાં આવેલ છે. તેનો નાના બાળકો તથા વડીલો એમ સમસ્ત સેવકો પૂજય સ્વામીજી જેવું જીવન જીવવવાનું શીખે અને એમની આજ્ઞાઓ પાળવામાં ધ્યાન આપે એ હેતું છે.

।। धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ।।

શ્રીમદ્ ભગવત ગીતામાં ભગવાનની પ્રતિજ્ઞાનુંસાર ખુદ ભગવાન ધર્મના રક્ષણ માટે અવતાર લે છે. તેમાં ભગવાન બે રીતે પ્રગટ થાય છે. (૧) રુદ્ર રૂપે (૨) સૌમ્ય રૂપે. રુદ્ર રૂપે કૃષ્ણ, રામ, પરશુરામ વગેરે અવતારો થયા છે. જેમાં અસુરોને દંડાત્મક શિક્ષા આપી ધર્મનું રક્ષણ કર્યું છે. જયારે સંતો રૂપે સૌમ્ય અવતાર ધારણ કરે છે. પોતે ખૂદ કષ્ટ વેઠી બીજાનાં દુ:ખ હરણ કરી ધર્મનું રક્ષણ કરે છે. એટલા માટે કહ્યું છે કે- ।। परोपकाराय सतां विभूतय: ।। પરોપકાર અને ધર્મના રક્ષણ માટે મહાપુરુષો, સંતો કાયા ઘસી નાખે છે. આવા પરોપકારી માણસોના જીવનમાંથી સુખદુ:ખને સહન કરવાની પ્રેરણા લેવી જોઈએ.

સાધકો તથા મુમુક્ષુઓ માટે આ પુસ્તકમાં સદ્ગુરુ માધવાનંદજી મહારાજના "જીવન લીલા તથા ઉપદેશ" ઉપર ખૂબ જીણવટભરી ભારતીય સંસ્કૃતિના દર્શન ઉપર ધ્યાન આપી વૈદિક સનાતન ધર્મનું રહસ્ય રજુ કરવામાં પરમ પૂજય સ્વામી બ્રહ્માનંદ સાગરજી મહારાજજીએ અથાગ પ્રયત્ન કરીને સેવા કરી છે. તેમને તથા આ પુસ્તકમાં આર્થિક તેમજ સંપાદકીય રીતે જે સેવકભાઈઓએ તન,મન,ધનથી યોગદાન આપ્યું છે. તેવા સમસ્ત સેવકભાઈ બહેનોને પૂજય સ્વામીજી મહારાજના ચરણોમાંથી શુભ આશીર્વાદ.

આ પુસ્તકનો જેમ બને તેમ વધારે પ્રચાર પ્રસાર થાય તે હેતુથી બધા ખાસ વાંચે અને યથા યોગ્ય મૂલ્ય સમજી પ્રસાદી રૂપે ઘરમાં રાખે તેમજ સાચવે એજ શુભાશિષ!!!

**સદ્ગુરુ ચરણાનુચર.**
**સ્વામી જગદીશાનંદ સાગર.**

www.OmShreeMadhavanandji.org

॥ ૐ શ્રી સદ્ગુરુભ્યો નમઃ ॥

# "પ્રસ્તાવના"

अनन्तशास्त्रं बहुलाश्च विद्या
अल्पश्च कालो बहु विघ्नता च ।
यत्सारभूतं तदुपासनियं
हंसो यथा क्षीरमिवाम्बु मध्यात् ॥

શ્રુતિ, સ્મૃતિ, વેદ, પુરાણ એમ અનંત શાસ્ત્રો છે. ૧૦૮ ઉપનિષદ,૧૮ પુરાણ, મનુસ્મૃતિ, યાજ્ઞવલક્ય સ્મૃતિ વગેરે ગ્રંથોમાં અનંત વિદ્યાઓછે.આ બધું ભણવા બેસીએ તો આપણા કામકાજમાંથી પસાર થતાં અનેકવિધ્નો દૂર કરતાં આપણી પાસે સમય જ નથી. જેથી આપણે આ બધું સત્ય સમજીને સાચો નિર્ણય લઈ જીવન જીવી શકીએ. પરંતુ સાર રૂપમાં જેમ હંસ દૂધપીવેછે.ત્યારે પાણી દૂધમાંથી કાઢી નાંખે તેમ આપણે પણ સાર સાર ગ્રહણ કરી આગળ વધવું જોઈએ.

પરંતુ પ્રશ્ન એ છે કે સાર સાર ગ્રહણ કરીએ તો સારૂં અને નરસું, સત્ય અને અસત્ય કોને કહેવાય? (૧) આપણા મનને ગમે તે અથવા (૨) શાસ્ત્રો કહે તે? જો આપણે આપણા મનનું ગમતું કરીએ તો મનને ઘણું બધું ગમે છે જેવીરીતે બજારમાં જતાં કોઈ સ્ત્રી તમને ગમી ગઈ. પરંતુ એ સ્ત્રી તમને પસંદનથીકરતી તો તેની પાછળ દોડી દોડીને દુઃખી થઈ ઉપરથી માર ખાઈ અને હેરાન થવું પડે છે. તેથી મનને ગમતું હોય તે સત્ય નથી એ નક્કી છે. કદાચ મનને ગમતુંથઈ પણ ગયું તો આવેલું સુખ કયાં સુધી? એક ની એક વસ્તુ મનનેગમેપણછે.અને એની એજ વસ્તુ નથી પણ ગમતી એવું ઘણી વખતબનેછે.જેમિત્રઅત્યારેતમારો જીગર જાન દોસ્ત છે. અને બે દિવસ પછી એ દોસ્ત દુશ્મન પણ બને છે. તો એ શું બતાવે છે? મનની પસંદગીમાં તત્વ નિર્ણયનથી.સત્યતાનથી.ઘણી વખત એવું પણ બને છે. તમારા લગ્ન પછી નાનેથી મોટા કરનાર માવતર નથી ગમતાં પણ જયારે તમારી પત્ની બે થી ત્રણતમારાંછોકરાંનેમૂકીને કોઈ પર પુરુષ સાથે જાય અથવા કુદરતી મૃત્યુ પામેત્યારે "છોરુકછોરુથાયપણ માવતર કમાવતર ન થાય". "મા તે મા બાકી વગડાના વા" ત્યારે મનને કડવો ઘૂંટડો ઉતારતાં સમજાય છે કે મેં કર્યું તે ખોટું કર્યુંછે.મેંબહુમોટીભૂલકરીછે.માવતરની અવગણના કરી અને પત્નીમાં મનરાખ્યું તો બધું જ મનનું ગમતું સારુંનથી હોતું જયારે શાસ્ત્રોમાં બહુ વિચાર કર્યા પછી જે શાશ્વત સનાતન સત્ય છે.તેનો નિર્ણય કરવામાં આવ્યો છે. માટે શાસ્ત્રના આધારે આપણા મનને ન ગમે તોપણ જીવન જીવવાની ટેવ પાડવી જોઈએ.


www.OmShreeMadhavanandji.org

પરંતુ શાસ્ત્રોમાં પણ ઘણાં મતમતાંતરો છે એમાં-

श्रुतिर्विभिन्ना स्मृतयोर्विभिन्ना
नैको मुनिर्यस्य वचः प्रमाणम् ।
धर्मस्य तत्त्वं निहितं गुहायां
महाजनो येन गतः स पन्था ॥

શ્રુતિ, ઉપનિષદ, સ્મૃતિ પુરાણાદિ શાસ્ત્રોના મતમતાંતરોમાં નક્કી નથી થતું કે શું કરવું? અને શું ન કરવું? શિવ પુરાણમાં શિવની મહિમા, વિષ્ણું પુરાણમાં વિષ્ણુંની મહિમા, સ્કંદ પુરાણાંતર્ગત, દુર્ગા સપ્તશતીમાં દુર્ગાની મહિમા વાંચતાં આપણું મન ભ્રમિત થઈ જાય છે. કે કોની ઉપાસના કરી જીવનમાં સાચું સુખ મેળવવું? એમાં પણ વૈષ્ણવાચાર્ય, શૈવાચાર્ય, શાકતપંથના આચાર્ય આ બધા સંપ્રદાયના ધર્માચાર્યો પણ જુદા જુદા થયા અને એમના વિચારો પણ જુદા જુદા તો હવે કયા ધર્માચાર્યના શરણે જઈ જીવનના સારને સમજી આપણે સુખી થઈએ? નરસિંહ મહેતા કહે છે-

**"ગ્રંથે ગડબડ કરી વાત ન કરી ખરી,**
**જેહને જે ગમે તેહ ને તે પૂજે"।**

આવી પરિસ્થિતિમાં લોકો સુખી થવા માટે અનેક ઉપાયો કરતાં કરતાં ભગવાનની ભકિતમાં પણ મનને ગમતી ભકિત શરુ કરી. અનેક દેવી દેવતાઓની ઉપાસનામાં શાસ્ત્રના સાર સમજયા વગર જેને જેવું મનમાં આવ્યું તેવું કર્યું અને પોતે જે કરે છે તે જ સાચું છે. બીજું ખોટું છે. એવા અભિમાન થાં ધર્મમાં આવેલાં વિકૃતિ સમાજમાં જયારે ચરમ સીમાએ પહોંચે છે ત્યારે ખોટી અંધશ્રધ્ધામાંથી બહાર કાઢવા માટે ખોટા અંહકારને દૂર કરવા ધર્મનું સાચું રહસ્ય સમજાવવા ખુદ ભગવાન મહા પુરુષના રૂપે અવતરે છે.

धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ॥ ( गीता )

અધર્મને ધર્મ સમજવો, જે દેવ નથી તેને દેવ માનવા, બીજાને દુઃખ આપાં આપણે સુખાં થઈએ. એવાં માન્યતા જયારે ધર્મના નામે ફેલાય છે ત્યારે સમાજમાં આવી માન્યતાથી આવી અંધશ્રદ્ધાથી અધર્મ



www.OmShreeMadhavanandji.org

જ વધે છે. દોરા, ધાગા,મારણ, મોચણ,વશીકરણ, નરબલિ જેવા પ્રસંગથી લોકો બીજાને દુ:ખી કરી બીજાને પીડા આપી પોતે સુખી થશે એવું ખોટું સમજી બેસે છે. આવી ભયંકર વિકૃતિમાં માણસ અધર્મને આચરે છે. અને પાછો પોતાને મોટો ભગત કહે છે, હું સિધ્ધ છું!?

આજથી આશરે ૨૦૦ વર્ષ પહેલાં આવીજ પરિસ્થિતિ હતી. આજ વર્તમાનમાં મંત્ર, તંત્રને માનનારા તાંત્રિકો હજુ પણ સત્ય સમજવાની કોશિષ કરતા નથી, વિજ્ઞાને આજે આટલો બધો વિકાસ કર્યો છે. રેડિયો, ટી.વી.,ફોન, મોબાઈલ ફોન, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ જેવા વિજ્ઞાનના વિકાસથીઆખું વિશ્વ એક થઈ ગયું છે. છતાં પણ મૂઢ હજુ જીવે છે. જે છોકરી છોકરાનાં અપહરણ કરી આજના કહેવાતા નેતા લોકો સત્તાની લાલસામાં યજ્ઞ હવનને નામે દેવી દેવતાને બલિ ચડાવતાં શરમાતા નથી! મનની અતિ લાલસાને લોભથી મનુષ્ય પાપાચાર કરે છે એને ખબર નથી કે આનાથી દુ:ખ જ આવશે. કેમ કે અધર્મને ધર્મ માની બેઠા છે. જે લોહી પીને રાજી થાય છે. એ રાક્ષસને દેવ માની બેઠા છે. જે દેવ નથી તેને દેવ માને છે, બીજા જીવને દુ:ખી કરી, તેને પીડા આપી હાય લે છે! સુખ આપી બીજા જીવને તૃપ્ત કરી એની આશિષ નથી લેતા. હાય લે છે! અને માને છે કે અમે ધર્મ કર્યો? અમે ધાર્મિક છીએ. આવું કહેવાતા સુધરેલા લોકોમાં જોવા મળતું હોય તો અશિક્ષિત વર્ગના લોકોની કેવી હાલત હશે. એનીં કલ્પના કરો તો ખ્યાલ આવશે ???

આજથી આશરે ૨૦૦ વર્ષ પૂર્વે જે હાલત હતી તે પરિસ્થિતિને સમજી અતિ નાની ઉંમરમાં પ્રગટ બ્રહ્મ સ્વરૂપ અનંત શ્રી વિભૂષિત સચ્ચિદાનંદ સ્વરૂપ સ્વામી શ્રી માધવાનંદજીએ "धर्मस्य तत्वं निहितं गृहायाम् "ધર્મના સત્ય રહસ્યને સમજવા અથાગ પરિશ્રમ કર્યો અને ગહન ચિંતન કર્યા પછી અતિ સૂક્ષ્મ વિચારોથી ધર્મના તત્ત્વને સમજી સમાજમાં પડેલા દુષણો દૂર કરવા દ્રઢ સંકલ્પ કર્યો. ગામડે ગામડે ફરી જન જાગરણ કરી લોકોને સત્માર્ગે વાળ્યાં. પૂજ્ય સ્વામીજીએ પોતાના આચાર વિચારથી લોકોને કેવી રીતે સન્માર્ગે વાળ્યા અને પોતે કેવી રીતે સત્યની ખોજમાં સફળ થયા. તે સઘળું આ તેઓ શ્રી ની જીવનલીલા ઉપરથી ખ્યાલ આવશે. પૂજ્ય સ્વામીજીના વિચારો તથા આચરણો જલદીથી જીવનમાં ઉતરે અને સમજી શકાય તે માટે ચિત્રો સહિત જીવનને આલેખવામાં આવ્યું છે. જેથી બાળકને પણ ચિત્રો સાથે રમતા રમતા બોધ થાય એ હેતુથી મહામહેનતે ચિત્રો તૈયાર કરાવ્યા છે. જેની પાછળ પાંચ વર્ષનો સમય લાગ્યો છે. કેમકે કોઈ પણ ઘટના પૂર્ણ ઐતિહાસિક



www.OmShreeMadhavanandji.org

શિષ્ય ન થાય ત્યાં સુધી અને પૂજ્ય સ્વામીજી એ જે આપેલું જ્ઞાન આજ સુધીની પરંપરા સાથે જોડાયેલું છે. તેની સાથે મેળ ન બેસે તો વિષયાંતર થાય તેથી મોટી ઉંમરના ઘણા બધા વડીલોનો સહારો લઈ આ પુસ્તક તૈયાર કર્યું છે. જેમાં શ્રી નારણભાઈ હિરાભાઈ પટેલ લીંબાસી વાળા તેમણે "શ્રી ૧૦૦૮ સ્વામીજી માધવાનંદજી મહારાજનો વૃત્તાંત અને ઉપદેશ સંક્ષિપ્ત ચરિત્ર" નું પુસ્તક અનંત શ્રી વિભૂષિત બ્રહ્મલીન મહામંડલેશ્વર સ્વામીશ્રીની આજ્ઞાથી તૈયાર કરેલા છે. તેના આધારે અને બીજા વડીલો આંકરુવાળા પ્રતાપસંગભાઈ સોલંકી તેમની રૂબરુ મુલાકાતથી તથા વસ્તડીના ગઢવીશ્રીની પણ મદદ લીધી છે.

તેમજ અન્ય પરંપરાના જુના સેવકોના આધારે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તક તૈયાર કરવાની કેમ પ્રેરણા થઈ? તે જણાવું તો સન ૧૯૯૪માં પ.પૂ.શ્રી ૧૦૦૮ મહા મંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજની અધ્યક્ષતામાં ચાણોદ મુકામે આપણા આશ્રમમાં બાળકોની "બાળસંસ્કાર શિબિર" નું આયોજન હતું. તે વખતે હું પણ શિબિરમાં એક વિષય લેતો. તેમાં મેં પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સ્વામી શ્રી માધવાનંદજીના જીવન પ્રસંગોને રજુ કરી અને બાળકોને સન્માર્ગે વાળવાની પ્રેરણા આપી અને મારો વિષય મેં પુરો કર્યો. તો પૂજ્ય ગુરુવર્ય સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજે મને કહ્યું કે બ્રહ્માનંદ, તું આપણી પરંપરાના જેટલા સંતો થયા છે તે અને પ.પૂ. સ્વામીજીના જીવન ચરિત્રને તારા પિરિયડમાં ભણાવજે. આટલું કહી પૂ. સ્વામીજી ફરવા ગયા. પછી મને વિચાર આવ્યો કે કોઈ પણ સંજોગોમાં જો ચિત્ર સહિત એક પુસ્તક છપાય અને આંકરુના આશ્રમ હોલની દિવાલો ઉપર આ ચિત્રો સાથે જીવન ચરિત્ર આલેખવામાં આવેતો ગુરુભકિત દ્વારા ગુરુના ગુણગાન ગાવાથી ગુરુના ઋણમાંથી મુકત થઈ શકાય. બાકી કોઈ રસ્તો નથી. રાત્રે શયન સમયે પૂ. સ્વામીજીની સેવા કરતાં કરતાં યોગ્ય સમય જોઈને મેં વાત કરી શ્રી માધવાનંદ સ્વામીજીના જીવન ચરિત્રના અમુક પ્રસંગોને ચિત્રથી આલેખી અનેપુસ્તક રૂપે તૈયાર કરીએ તો બાળકોને જલદી સમજાય અનેરુચીથી ચિત્રો જોતાં જોતાં વાંચે પણ ખરા. તો સ્વામીજીએ તરત કહ્યુંકેચિત્રો તૈયાર કોણ કરે ? અને આ મહેનત કોણ કરશે? તો મેં કહ્યું આપ આશીર્વાદ આપોતો હું મહેનત કરું પછી પૂજ્ય સ્વામીજી કશું બોલ્યા નહીં પણ ''मौनं स्विकार लक्षणम्'' ના આધારે મેં પરિશ્રમ જારી રાખ્યો. અને ચિત્રો તૈયાર કરવાની મહેનત આદરી. સને ૧૯૯૬માં હું ભાવનગર શીવમ્‌નગરમાં આપણા આશ્રમમાં રોજ રાત્રે પૂ. શ્રી માધવાનંદજીના જીવન ચરિત્ર ઉપર કથા કરતો હતો. તે વખતે આપણા પૂજ્ય સ્વામીજીના જન્મભૂમિ ગામ પિપળિયાના ગુજરાતી પરિવારના શંભુભાઈ ગુજરાતી પેન્ટર "અનંત આર્ટસ"ને મેં મારા પ્રવચન દરમિયાન શબ્દોના આધારે ચિત્રો દોરવાનું અને તેમણે પ્રત્યેક પ્રસંગને

શબ્દચિત્રમાંથી આબેહૂબ ચિત્ર તૈયાર થાય તેવા લે આઉટ ચિત્રો તૈયાર કર્યા. પછી તેમાં રંગરૂપ આપીને આજથી ૨૦૦ વર્ષો જૂની સંસ્કૃતિ ઊભી કરી આપી. પૂ. સ્વામીજી જયારે આકરુ પધાર્યા ત્યારે હું ત્યાં જ હતો. અને એક નાના બાળકને જેમ આખી સ્ટોરી(વાર્તા) સમજાવાય તેમ બધા ચિત્રો રજૂ કર્યા. તો પૂ. સ્વામીજી ખૂશ ખૂશ થયા. ખૂબ રાજી થયા. અને સમય પારખી ફરી મેં વાત કરી કે હવે અહીં આ આકરુંમાં આશ્રમનો હોલ તૈયાર થયો છે. અહીં જ આ ચિત્રોને મૂકીએ તો પગપાળા આવતા દર્શનાર્થીઓને સમાધિના દર્શનનો મહિમા સમજાય અને થાક ઉતરે. તો પૂ. સ્વામીજીએ તરત જ કહ્યું કે અહીં ફોટા મુકવા નથી દેતા તો આ ચિત્રો કયાંથી મુકવા દેશે! હું ૨૫ વર્ષે માંડ માંડ આટલું કરી શકયો છું તો તમે હજુ તપ કરો. મેં સ્વામીજીને એટલું કહ્યું કે આપશ્રીએ જે તપ કર્યું છે. એ તપ જ કામ લાગશે. અમારે હવે તપ નહીં કરવું પડે. હવે કેરી ખાવાનો સમય છે તો પૂ. સ્વામીજી મંદમંદ હસતા હસતા કહે છે કે મહેનત કરો. સફળતા મળશે. અને આકરું હોલમાં એ ચિત્રો મુકવા માટેની હાલ તૈયારીઓ ચાલી રહી છે. જેથી પ્રત્યેક ચિત્રને દર્શન સાથે જીવનમાં સાચી પ્રેરણા મળે. આ બધી મહેનત કરી રહ્યો હતો તે દરમિયાન ચાંણોદમાં એક વખત પૂ. સ્વામીજી અને નાવડાના ભકત શિરોમણી શ્રી નથુભાઈ બંને વાડીમાં ફરતાં ફરતાં, વાત વાતમાં પૂજય સ્વામીજીએ નથુભાઈને કહ્યું કે, બ્રહ્માનંદ! મૂળમાંથી મૂળ તત્વનો પ્રચાર કરશે. આ એક તેઓશ્રીની આશિષ અને પ્રેરણાથી જ હું એક નિમિત્ત બનીને આ પુસ્તક તૈયાર કરી રહ્યો છું. તેથી હું પોતાને ધન્યભાગી સમજું છું પરંતુ એક વાતનું એ દુ:ખ છે કે પૂ. સ્વામીજી મહારાજની હાજરીમાં આ પુસ્તક તૈયાર ન થઈ શકયું એ કમનસીબી છે. પુસ્તક તૈયાર થાય તે પહેલાં પૂજય સ્વામીજીએ તા-૧૪-૫-૨૦૦૦ વૈશાખ સુદ ૧૧ના દિવસે સુઘડ મુકામે સવારે લગભગ ૮-૩૦ વાગે બ્રહ્મલીન થયા. એક વર્ષ સુધી તેઆ શ્રી ની યાદ અને પ્રેમની લાગણી સંતો કે ભકતો ભૂલી શકયા નથી. આમ આ રીતે આ પુસ્તક તૈયાર કરવામાં એક વર્ષ મોડું થયું. તેમના પૂર્ણ કરેલા અને અમારા માટે અધૂરાં કાર્યો પૂરાં કરવા માટે તેઓ શ્રી ની જગ્યાએ અધ્યક્ષ પદે આશીન પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી જગદીશાનંદ સાગરજીના અધ્યક્ષ પદે પરમ પૂજય અનંત શ્રી વિભૂષિત બ્રહ્મલીન મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજના દ્વિતિય નિર્વાણ જયન્તી મહોત્સવ નિમિત્તે સચિત્ર પ્રથમ આવૃત્તિ રૂપે આ પુસ્તક પુરુ કરવાનો નિર્ણય લેવાયો અને આજે આ પુસ્તકનું વિમોચન કરતાં અતિ આનંદ સાથે પૂજય સ્વામીજીનાં ચરણોમાં વિરમું છું.
જય સચ્ચિદાનંદ ???

લી.

સ્વામી બ્રહ્માનંદ સાગરજી મહારાજ, વેદાન્તાચાર્ય



www.OmShreeMadhavanandji.org

ॐ


# -: જીવન લીલા તથા ઉપદેશ :-

લીંમડી પાસે ભોગવા નદીને તીરે વસ્તડી નામનું નાનકડું ગામ. આજ પણ ૨૦૦ વર્ષ જુની યાદ અપાવી દે એવું ને એવું જ ગામ છે. જયાં હજુ પણ દેશી નળિયાંનાં ખોરડાં છે. કાચી માટીના મકાનો છે. એ ગામની અંદર દશનામી ગોસાઈ સાધુ ગિરિ શાખાના શ્રી શામગરજી મહારાજનું નામ મોટું હતું. તેમને ગામની જમીનમાંથી ૫૦૦ પાંચસો વીઘા જમીન પોતાના કુટુંબના નિભાવ અર્થે મળી હતી. આ રીતે પોતાનું ગુજરાન ચલાવતા આનંદથી પરિવારમાં રહેતા હતા. તેમની પત્નીનું નામ "જીવામા" નામથી પ્રસિધ્ધ હતું. તેઓશ્રીની કૂખે પ્રથમ પુત્રનો જન્મ થયો. તેનું નામ ખીમગરજી રાખ્યું. ખીમગરજી નાનપણથી જ દેવી દેવતાઓની જડ ઉપાસનામાં મંત્ર તંત્રને તામસ ઉપાસનામાં વધારે રુચી રાખતા હતા. ખીમગરના જન્મ પછી દીકરી છે કે કેમ તે કોઈ ઈતિહાસ નથી. પરંતુ મોટા દીકરા પછી ૧૨ થી ૧૫ વર્ષે આશરે વિ. સંવત ૧૮૫૦ની આસપાસ બીજા પુત્રનો જન્મ થયો. એનું નામ માધવગર રાખ્યું બસ એજ આપણા યતિકુલભૂષણ માધવગર સ્વામીજી જેમનો જન્મ થતાં બંને માવતર અતિ આનંદ ઘેલા થયા.

બાળરૂપે માધવાનંદ સ્વામીજી જીવામાની ગોદમાં રમતાં રમતાં બાળલીલા કરતા. બંને માવતરને ખૂબ આનંદ આપી રહ્યાં છે. આનંદ વિભોર થયેલા શામગરજી મહારાજ જીવામાને કહે છે કે- અરે પ્રિયે- આ બાળકનો જન્મ થતાં તેના બાળ પ્રકૃતિનું શાંત સૌમ્ય મુખડું નિહાળું છું ત્યારથી મને અંદર ભીંતરમાં કોઈ અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે. જેનું વર્ણન હું શબ્દથી નથી કરી શકતો. નિશ્ચિત આ બાળક તારી કૂખ ઉજાળશે. મારું નામ કરશે. આવા શબ્દો સાંભળી જીવામા પોતાના પુત્રની પ્રશંસા સાંભળી અને પુત્રના અતિ વાત્સલ્ય પ્રેમનો ઉભરો જાણે જીરવી ન શકતા હોય તેમ અતિ ગંભીર મુદ્રામાં સમાધિસ્થ થયા છે. આમ બાળરૂપ માધવની બાળલીલામાં આનંદથી દિવસો પસાર થઈ રહ્યાં છે. સમય જતાં જીવામા ત્રીજા છોકરાને જન્મ આપે છે. તેનું નામ હરિગર રાખ્યું છે. આ રીતે જીવામાની કૂખે ત્રણ પુત્ર-રત્નોના જન્મ થયા છે. આ ત્રણ ત્રણ પુત્રોની જનેતા જીવામાને ધન્ય છે કે જેમણે સમાજની ઉપર મોટો ઉપકાર કર્યો છે. આ ત્રણેય પુત્રોના જીવનમાંથી સમાજ પ્રેરણા લે છે કે મારે કેવું જીવન જીવવું?




www.OmShreeMadhavanandji.org




જીવામાના ખોળે રમતા માધવ




પિતા શામગરજીના ત્રણ પુત્રોના વિવિધ સંસ્કારો



રમતા બાળકો વચ્ચે માધવગરની ભક્તિ જુદીજ તરી આવે છે.



કુવામાં પાણી ઉપર આસન વાળી યોગ સાધનામાં રત માધવ

ત્રણેય બાળકો દિન પ્રતિદિન મોટા થતા જાય છે. તેમાં મોટા ખીમગરજી ૨૨ વર્ષના થયા છે. શ્રી માધવ ૮ વર્ષના થયા છે. હરિગરજી ૬ વર્ષના થયા છે. ત્રણેયની જીવન શૈલી તદ્દન જુદી જ તરી આવે છે. તેમાં સૌથી મોટા ખીમગરજી મહારાજ, મેલડી માતાની પૂજામાં રત રહેતા. તેમને લોકો "મેલડીયા મહારાજ" તરીકે ઓળખતા અને તેમણે એ રીતની ખ્યાતિ મેળવેલી. એટલું જ નહીં તેઓ શૂરવીર બહારવટિયા અને નિર્ભય ધારપાડું તરીકે પણ પંકાયા હતા. એમ કહેવાય છે કે વસ્તડીથી પગપાળા અમદાવાદ આવે. ત્યાંથી ઘોડા ઉપર ૨૦,૨૫ ગાઉ દૂર સુધી પવન વેગે જઈ ગામડાંમાં ધાડ પાડી. પોતાની ધાક જમાવી પાછા અમદાવાદ આવે. ઘોડાઓ અમદાવાદમાં રાખે. પગે ચાલી વાયુ વેગે પાછા વસ્તડી પહોંચી જાય. ખીમગરજી રોજ સવારે વહેલા ઉઠી મેલડી માતાની પૂજા અર્ચના કરે. જ્યારે ધાડ પાડવા કે લૂંટ કરવા જાય ત્યારે મેલડી માને ચરણે પોતાનું મસ્તક નમાવી, હથિયાર કુહાડી વગેરે મૂકી બે હાથ જોડી પ્રાર્થના કરે કે હે! મા! તું આજની ધાડમાં વહારે આવજે. નિર્ભયતાથી ઘર છોડી ચાલી નીકળે.

ખીમગરજી અને માધવગીરજી બંને ભાઈઓના સ્વભાવમાં અને આચરણોમાં ધરતી આસમાનનો ફેર છે. શ્રી માધવનું જીવન ખૂબ વિપરીત છે. તેમને મન માતાપિતા જ સાચા દેવ છે. એવું માની રોજ સવારે માતા પિતાને પગે લાગે આશીર્વાદ મેળવે. અને નાના ભાઈ હરિગરને પણ સારા સંસ્કારનું સિંચન કરતા. તેમને પણ માતા પિતાના આશીર્વાદ લેવડાવતા. આ રીતે બંને ભાઈઓ માતાપિતાની આજ્ઞાનું પાલન કરી તેમની સેવામાં રત રહેતા અને સાચા આશીર્વાદ મેળવતા.

પૂ. શ્રી માધવની નાનપણથી જ જીવન શૈલી તદ્દન જુદી જ હતી. તેમનું ભાવિ કંઈક અનોખું હતું.

**"બાળપણું તેં જીવ અજ્ઞાની, ખબર વિનાનું ખોયુંજી,**
**સારૂં નરસું કાંઈ ન સમજ્યો, રમતમાં મન મોહ્યુંજી."**

બીજા બધા બાળકો અજ્ઞાન-વસાત સારા સારનો વિચાર કર્યા વગર રમતમાં વ્યર્થ જીનવને ખોઈ રહ્યા છે ત્યારે શ્રી માધવ જીવનનું મૂલ્ય સમજી એક સત્યની ખોજ પાછળ શિવારાધના કરતાં ધ્યાન, ભજન, પૂજન, કરતા નજરે આવે છે. વસ્તડીમાં જ્યાં શ્રી માધવનો જન્મ થયેલો તે જગ્યાએ મોટા ખીમગરના વંશજો રહે છે ત્યાં ખીમગરજી દ્વારા સ્થાપિત મેલડીનો જુનો મઢ છે અને ત્યાં જ બાજુમાં નદી કિનારે ઘરને અડીને શિવજીનું સ્થાપિત કરેલ લીંગ પણ છે. પૂ. શ્રી માધવને શંકર ભગવાનના લીંગ



www.OmShreeMadhavanandji.org

સિવાય બીજા કોઈપણ દેવી દેવતા કે ભૂત પ્રેત, યક્ષ, કિન્નર આદિમાં નિષ્ઠા નહોતી. પૂર્વે વૈદિક સંસ્કૃતિથી રંગાયેલા માધવ તો બસ ધ્યાન યોગાભ્યાસમાં જ સમય પસાર કરે છે. જાણે કે પૂર્વ જન્મનાં કોઈ યોગી જ પોતાની અધુરી સાધના પુરી કરવા આવ્યા હોય તેવું લાગેછે.

વસ્તડી ગામની લોક વાયકામાં એમ કહેવાય છે કે એક વખત શ્રી માધવ સવારના સ્નાન માટે ન્વાહા નદીમાં ગયા હતા. ત્યાં એ વખતમાં એક કૂવો હતો. આજ પણ નદીમાં એ કૂવો જીર્ણક્ષીણ અવસ્થામાં પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યો છે. ત્યારે પાણી તો એકદમ ઉપર જ હતું આશરે ૮ વર્ષની ઉંમરના શ્રી માધવ તો કૂવામાં સ્નાન કરીને કૂવામાં જ પાણી ઉપર પદ્માસનવાળીને બેઠા પ્રાણાયામ, ધ્યાન, યોગ કરવા લાગ્યા. એવામાં ગામમાંથી એક ડોસીમા કૂવે આવ્યા. જુએ તો આ શું? અરે....આ માધવગર તો જો પાણી ઉપર બેઠા છે.


તેઓ નવાઈ પામ્યાં. આશ્ચર્યચકિત થયાં. મનમાં એમ થયું કે મને સ્વપ્નતો નથી આવ્યું. ને? એમણે આંખો ચોળી, ખાતરી કરી કે ના! ના! ખરેખર પાણી ઉપર જ માધવ પલાંઠી વાળી બેઠા છે. ડોસીમા તો હરખ ઘેલાં થતાં દોડતાં આવીં પિતા શામગરજીને બધીં વાત કરીં. બાજુમાં જીવામા પણ બેઠાં છે. વાત પૂરેપૂરી સાંભળ્યા પછીં કહે છે કે વાત સાવ સાચી લાગે છે. ચાલો આપણે બધા ત્યાં જઈએ. શામગરજી તથા જીવામા સાથે બધા ગામના લોકો ટોળે મળી ડોસીમા સાથે ચાલતાં ચાલતાં કૂવે આવે છે.

કૂવા ઉપર આવી કૂવામાં નજર કરીતો બધા મુગ્ધભાવે આ દ્રશ્ય જોતાં જ આશ્ચર્ય પામ્યાં. માતાપિતાને અતિ આનંદ થયો છે. જીવામા અતિ આનંદમાં એમના પતિ શામગરનો હાથ પકડીં કહે છે કે એક દિવસ તમે મને કહેલું કે આ બાળક તારીં કૂખ ઉજાળશે! એ મને હવે સમજાણું. હું ધન્ય બની છું. નિશ્ચિત આ છોકરો કુળ ઈકોતેર તારશે?? બધા આવેલા ગામના લોકો પણ એક જ વાત કરે છે. કે જીવામા અને શામગર ધન્યભાગી છે કે એમને ત્યાં આવા એક યોગીનો અવતાર થયો છે. ચોરે ને ચૌટે બસ એક જ વાત ચાલે છે. શ્રી માધવગરની જીવનશૈલી બધાથી જુદી જ તરી આવે છે. આમ આનંદથી દિવસો પસાર થઈ રહ્યાં છે. સમય સમયનું કામ કરે છે.


હવે પિતા શામગરજીની ખૂબ મોટી ઉંમર થઈ છે. વયોવૃધ્ધ થયા છે. વૃધ્ધાવસ્થાને લીધે તેઓ અવારનવાર બિમાર રહે છે. શ્રી માધવગર ખૂબ સેવામાં તત્પર છે. રાત દિવસ તેમની પાસે રહી સેવામાં રત છે



www.OmShreeMadhavanandji.org



માધવગરની યોગ સાધનાનો પરચો જોવા ગામ આખું ઉમટી પડે છે.



પિતાની સેવામાં તત્પર શ્રી માધવગરજી

વૈદ્ય હકીમો બોલાવ્યા. છતાં શરીરમાં કમજોરી આવતી રહી. સારૂં થયું નહીં આમ સેવા કરતાં

માધવગરજી એક વખત પિતાજીનાં ચરણ સેવામાં રત હતા. તે સમયે શામગરજીને જાણે મહાપ્રયાણ કરવાનું હોય તેમ પુત્ર માધવને નજરે નિહાળ્યા કરે છે અને અંદર અંદરથી આશિષ આપતા હોય તેવું લાગે છે. કે બેટા તારો જન્મ સફળ થાય. તારા આદર્યા કામ પૂરા થાય. પરંતું દિવ્ય બાળક માધવના દર્શનથી દિવ્યતા અનુભવી રહ્યા છે. બાજુમાં જીવામા બેઠાં છે. બંને માવતર પુત્ર માધવની કર્તવ્ય પરાયણતા ઉપર વારી ગયાં છે. પુત્ર માધવની કર્તવ્ય પરાયણતાની દિવ્ય સેવાથી આજ શામગરના અંતરના દિવ્ય ચક્ષુઓ ખૂલ્યા છે.

**"દિવ્ય ચક્ષુથી જ દિવ્યના દર્શન"**

કરતાં શામગરજી ધન્ય બન્યા છે.

**"આંખ મારી ઉઘડે ત્યાં સચ્ચિદાનંદ દેખું**
**ધન્ય મારૂં જીવન કૃપા એની લેખું"।**

આવી રીતે દેહનું ભાન ભૂલી તમામ ચિતાઓ મૂકી પોતાના સ્વરૂપમાં લીન થયા. દેહમાંથી દિવ્યાત્માએ ચિર વિદાય લીધી. શ્રી માધવગરજી તો ધીરજ અને હૈયે હામ રાખી પિતાજીની બધી જ અંતિમક્રિયા કરી. ત્રણેય પુત્રો હાજર છે પણ શોક મગ્ન અવસ્થામાં (વાતાવરણમાં) માધવગરની કોઠાસૂઝ જુદી જ તરી આવે છે. પિતાજીના શોકને ભૂલવા માધવગર કર્તવ્ય પરાયણ રહી પ્રભુ ભજન કરે છે. ૧૦ વર્ષનો નાનો બાળક માધવ કેટલો સંસ્કારી છે. માતાપિતાની આજ્ઞામાં રહી. માવતરની સેવામાં તત્પર કર્તવ્ય પરાયણ દિવ્ય કર્મ કરનાર માધવના સહારે જીવામા પોતાના રંડાપાના દુઃખને ભૂલી ગયાં છે. માધવના દર્શનથી જીવામાના ઉરમાં આનંદ ઉભરાય છે. તે આનંદ જીવામાથી જીરવાતો નથી.

**"દર્શનથી દુષ્કૃત ટળે, સ્પર્શતાં પાવન થાય,**
**બ્રહ્માનંદ સુખ ઉપજે રે...આવરણ અવિદ્યા જાય.......**
**વારી જાઉં વારણે........**

આમ માધવનું રટણ કરતાં દર્શન કરતાં જીવામાના અંતરમાંથી આવવરણ દૂર થયું. અંદર પ્રકાશ થયો છે. શામગરના અવસાન થયાને આશરે ૬ માસ વ્યતિત થયા હશે. ત્યાં જીવામાએ એકવાર વાતવાતમાં સહુને કહ્યું કે હું આવતી કાલે સમાધિ લઈશ. વસ્તડી ગામની લોક વાયકા એમ કહે છે. જીવામાએ બપોરે ૧૨ વાગ્યાનો સમય આપેલો. અને બીજા



www.OmShreeMadhavanandji.org


દિવસે ૧૨ ના ટકોરે જીવામાએ દેહ ત્યજયો. ને સમાધિસ્થ થયાં. તે દિવસે સવારથી જ લોકો જીવામાના દર્શને ઉમટયાં હતાં. ગામ આખું ભોગાવા નદીને કિનારે ભેગું થયું. ગામે ગામથી લોકો પધાર્યા. જયાં જયાં સમાચાર મળ્યા ત્યાંથી લોકો પધાર્યા. ને જીવામાને પાસેના ભોગાવા નદીના પવિત્ર કિનારે સારી જગ્યા જોઈ તે પવિત્ર જગ્યામાં સમાધિ આપી. આજે પણ વસ્તડીમાં ભોગાવાને કાંઠે જીવામાની સમાધિ શોભી રહી છે. લોકો પણ આજે પોતાની મનોકામના પૂર્ણ કરવા ત્યાં દર્શને જાય છે.

બન્નેમાવતરની ટૂંક સમયમાં જીવન લીલા સમાપ્ત થતાં ઘરની તમામ જવાબદારી મોટા ભાઈ ખીમગરજી ઉપર આવી પડી. શામગરજીને એક રામેશ્વરગર નામનો એક ચેલો હતો. શામગરજી પાસે ૫૦૦ વીઘા જમીન હતી. તેમાંથી આ રામેશ્વરગર ચેલાએ ૨૦૦ વીઘા જમીન મેળવી લીધી હતી. હવે ખીમગરજી મહારાજ પાસે ૩૦૦ વીઘા જમીન બાકી રહે છે. આજે પણ વસ્તડીમાં તેમના વંશવારસો તે જમીનનો ભોગવટો ભોગવે છે. હવે ૨૫ વર્ષના પૂર્ણ યુવાન ખીમગરજીને ઘરમાં કોઈ રોક ટોક કરવાવાળું છે નહીં. તેથી તેઓ સ્વતંત્ર છે. આઝાદ થયેલા ખીમગરજીને હવે તો મન ગમતું કરવાનું વધારે ફાવતું મળ્યું. ભાવતું હતું ને વૈધે કહ્યું. મેલડી માના ઉપાસક "મેલડીયા મહારાજ" તરીકે પંકાયા. મેલડી માના મઢમાં માના તાવા કરે છે. હવન કરે અને નર બલિ, પશુ બલિ, સાથે માંસ, દારૂ, જેવા અભક્ષ્ય પદાર્થો દ્વારા મોટા ઉત્સવો થવા લાગ્યા. અને ગામમાં પણ લોકો તેમની વાહ વાહ કરવા લાગ્યા. સાચો ધર્મ શું છે? તેની કોને ખબર છે?


પરંતુ પશુ બલિ વખતે જે પશુને કાપવામાં આવે તે વખતે તે પશુનો આર્તનાદ સાંભળતાં જ માધવનું મનડું મુંઝાતું. મન રડી પડતું. હરીગરનું હૈયું ચિરાતું બંને ભાયોને આવું કુકર્મ પસંદ નહોતું માધવગર ઘણું ઘણું પોતાના ભાઈને સમજાવે કે ભાઈ કોઈ જીવની હત્યા કરી તેની હાય લેવાથી સુખી થવાય નહીં. કોઈ જીવની આંતરડી દુભાવવાથી આપણે કયારેય સુખી ન થઈ શકીએ. આવો પવિત્ર વિચાર ભાઈને સંભળાવે ખૂબ ખૂબ સમજાવે. મા! કોઈ દિવસ, કોઈનો ભોગ માગે નહીં! આ તો આપણા મનનાં વૃત્તિઓ સંતોષવા માટે જ બલિ અપાય છે. ગુજરાતીમાં પણ કહેવત છે કે "મા આખીર મા, બાકી વગડાના વા" એ કહેવત પ્રમાણે માને કોઈ દિકરોવાલો કે દવલો નથી હોતો. એને મન તો બધાજ સરખા હોય છે. આપણાં ઘરનાંજ જનેતાને (માને) ઘરના બધાજ બાળકો વહાલા છે કોઈ તેને ભેદભાવ નથી કોઈ વહાલો કે દવલો નથી. તો આ તો જગદંબા છે. જગત જનની છે. સૃષ્ટિ પરના તમામ જીવો તેનાં બાળકો છે. તેને જગતની જનેતાની ઉપમા આપવામાં આવી



www.OmShreeMadhavanandji.org



સત્યની શોધ માટે નાના ભાઈ સાથે ઘરનો
ત્યાગ કરી ભીમનાથ પધારે છે.



શ્રી ભીમનાથ મહાદેવની સેવા-પૂજામાં
નિમગ્ન માધવ તથા હરિગર

છે. બાંજાને ઉગારે તેને દેવ કહેવાય. મેલડી માની ઉપાસનામાં આવું હોય કે મા ભોગ માગે છે અને જગત જનની બનીને જગતના પોતાના જીવોનું (સંતાનોનું) જ લોહી પીવે તો, તો એ મા કહેવાને લાયક પણ નથી. "મા" ની ઉપમા કેટલી પવિત્ર છે. કવિશ્રી બોટાદકરે માના ગુણ ગાતાં કહ્યું છે કે......

**"જનનીની જોડ સખી નહીં જડે રે લોલ,**
**મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ....જનની.**
**પ્રભુના યે પ્રેમ તણી પુતળી રે લોલ**
**જગથી જુદેરી એની જાત રે....જનની.**
**ઘડીક વરસે વ્યોમ વાદળી રે લોલ.**
**માડીના મેઘ બારે માસ રે....જનની.**

આવી રીતે મોટાભાઈ ખીમગરજીને જગત જનનીં જગદંબા મેલડીમાની પવિત્ર મહિમા સમજાવી. માધવગર બે હાથ જોડીને, પગે લાગી, મોટાભાઈને કરગરીને ઘણું સમજાવે છે. મોટાભાઈ આવું અકૃત્ય ન કરો??? પણ, "જેનાં અવળાં અંતઃકરણ છે. તેને વળી શું સારૂં સૂઝે?"નાનકડા શિશુ સમાન માધવગરની વાત મોટાભાઈને કેમ ગળે ઊતરે? સુર અને અસુર વચ્ચે મેળ ક્યાંથી થાય? બસ ખીમગરજી તો પોતાની મસ્તીમાં લીન છે. તેમને કોઈ બોધની અસર નથી. બસ તેમને તો અત્યારે એક જ વાત સત્ય લાગે છે. સવારે ઊઠી મેલડીની પૂજા, પ્રાર્થના કરી ધાડ પાડવા જવું, લૂંટફાટ કરી અનીતિનું ધન ભેગું કરવું. આવું ઘરમાં આવતું અનીતિનું કુકર્મનું ધન જોઈ ખૂબ મુઝાય છે. દુઃખી થાય છે. આ પાપનું ધન છે. આવું પાપી ધન ઘરમાં જે ભોગવે તે પાપના ભાગીદાર થાય છે. માટે માધવગરજીએ નક્કી કર્યું કે કાં, ભાઈને સુધારવા, કાં તો ઘરનો ત્યાગ કરવો?? બસ એકજ દ્રઢ સંકલ્પ કર્યો, નાના મોઢે મોટી વાત પણ થાય શું? જેને ધર્મને મારગે ચાલવું છે? વિરોધ કરે તો મોટાભાઈને ન ગમે. વિરોધ ન કરે તો અંતરાત્માને ન ગમે! કોને રાજી રાખવા! મનમાં ઘણી ઘડમથલો ચાલે છે. જીવ ઘણો આકુળવ્યાકુળ બન્યો છે.

એક પ્રસંગે એવું બન્યુ મોટાભાઈ ખીમગરજી માતા મેલડીને બોકડો ચડાવતા હતા. તે વખતે માધવગરે સખત વિરોધ કર્યો. અને કહ્યું કે આ ઘરની અંદર આવું બધું હું નહીં થવા દઉં. તમો આ પશુ હિંસા બંધ કરો. યા હું આ ઘર છોડીને ચાલ્યો જઈશ. મોટા ખીમગરજીએ તરત કહ્યું કે "કાલે જતો હોય તો આજે જ ચાલ્યો જા" તારે જયાં જવું હોય ત્યાં જજે, પણ મારા કામમાં હવે ક્યારેય માથું મારીશ નહિ. હું જે કંઈ કરું છું તે બધું બરાબર છે. મારા માટે યોગ્ય છે.


www.OmShreeMadhavanandji.org

ખીમગરજીનો માર્ગ બદલાય તેમ નહોતું. તેથી માધવગર આશરે બાર વરસની વયે નાનાભાઈ હરીગરને લઈ જનની જન્મ ભૂમિને અંત:પૂર્વક પ્રણામ કરી વિદાય લીધી. ખીમજીગરજીની પરતંત્રતામાંથી મુકત થઈ હળવાશ અનુભવતાં આગળ વધે છે. ઘર છોડયા પછી કાલે મારું શું થશે? એનો વિચાર નથી આવતો. પરંતુ સમાજ કઈ દિશા તરફ જઈ રહ્યો છે? લોકોને સાચા માર્ગે કેમ વાળવા એનો જ વિચાર કરે છે. અને રસ્તો કાપતાં કાપતાં આગળ વધે છે.

મનોમંથન કરતાં કરતાં આગળ વધે છે. કંઈ કરી છૂટવાની ઊંચી ભાવના છે. નિલકા નદીને કિનારે ધંધુકા ને બરવાળાની વચ્ચે ઐતિહાસિક સુંદર રમણીય ભીમનાથ મહાદેવનું પ્રસિધ્ધ એક મંદિર છે ત્યાં રોકાય છે. અહીં એક નાનકડું ગામ છે. આ ગામનું નામ પણ મંદિરના નામથી જ “ભીમનાથ” ગામ પ્રસિધ્ધિને પામ્યું છે. અહીં વનવાસ દરમ્યાન પાંડવો આવેલા અને અહીં રોકાયેલા પાંડવોને સવારે શંકર ભગવાનની પૂજા કર્યા વગર ખાવાનું નહીં એવા નિયમો હતા. તેથી ભીમને અહીં કોઈ જૂનું અપૂજ શિવનું લીંગ હતું તે શોધી કાઢયું. અને પૂજા કરી ત્યારથી તેનું નામ ભીમનાથ મહાદેવ નામ પ્રસિધ્ધ પામ્યું. દિન પ્રતિદિન તેનું મહત્વ વધવા લાગ્યું. હાલ આ મંદિર ત્યાં વિદ્યમાન છે. બંને ભાઈઓ મંદિરના મહંતને પ્રણામ કરીને એક અલૌકિક ક્રાન્તિકારી ગંભીર મુદ્રામાં ઊભા છે. બંને ભાઈઓને મહંતશ્રીએ આવકાર્યા છે. અત્યંત કુમળી ઉંમરના માધવગરની મુખ મુદ્રાનું દર્શન કરતાં મહંતશ્રી ખૂબ પ્રભાવિત થયા છે. તમે બંને ભાઈઓ અહીં રહો તમારી બધીજ વ્યવસ્થા કરી આપું છું. અહીં રહી ભીમનાથ મહાદેવની સેવા પૂજા કરજો. આ રીતે મહંતશ્રીની આજ્ઞાનું પાલન કરતા બંને ભાઈઓ ત્યાં રહેવા લાગ્યા.

રોજ સવારે બ્રહ્મમૂહૂર્તમાં વહેલા ઊઠી નિલકા નદીમાં સ્નાન કરી ભોળાનાથની સેવા, પૂજા, અર્ચના, વંદના કરી ખૂબ ભાવથી આરતી ઊતારતા. આ રીતે ભગવાન ભીમનાથની સેવા પૂજા કરવા છતાં માધવગરને મનમાં શાંતિ નથી. કારણકે સમાજમાં ધર્મને નામે આવેલી વિકૃતિને દૂર કેમ કરવી? જયાં સમાજ અધર્મને ધર્મ માની બેઠો છે દેવ નથી તેને દેવ માને છે. ધર્મના નામે ધતિંગ ચાલે છે. જયાં બીજાને પીડા આપવાથી, દુ:ખ દેવાથી, સુખ નથી મળતું, સુખી નથી થવાતું. એ જગ પ્રસિધ્ધ છે. છતાં પશુહિંસાથી પોતે સુખી થવાના સ્વપ્ન જોવે છે. અને ઘડીભર માટે આનંદ લૂંટે છે.



www.OmShreeMadhavanandji.org

બાર વર્ષના બાળ માધવ વિચાર કરે છે કે લોકો આવું ઉલ્ટું ઉલ્ટું શું કામ કરે છે. મનમાંને મનમાં ચિંતનથી આનું કારણ શોધે છે. સત્યની શોધમાં એવો ખ્યાલ આવે છે કે પ્રત્યેક જીવ સુખી થવાની તીવ્ર ઈચ્છાથી કામાંધ વ્યકિત વિવેક શૂન્ય બને છે. સુખી થવાની કામના માણસને ભટકાવે છે.

પરંતુ પ્રશ્ન એ થાય છે કે સાચું સુખ અને સાચી શાંતિ વગરનું જીવન પણ વ્યર્થ છે. તો સુખ શાંતિ તો મળવી જ જોઈએ. જીવનનું લક્ષ્ય પણ એજ છે. જે કંઈ ઉપાય મહેનત કરવામાં આવે છે તેની પાછળ એક જ કારણ છે. સુખ શાંતિ પ્રાપ્ત થાય. માણસ ભકિત કરે છે. ધર્મ કર્મ કરે છે. તો સુખ શાંતિ માટે જ અનેક વ્રત, ઉપવાસ, બાધા, આખડીઓ કરે છે. દોરા ધાગા, દેવી દેવને રીઝવે છે. સુખ શાંતિ માટે જ પરંતુ સાચી સુખ શાંતિ માણસને મળતી કેમ નથી? આવા સત્યની ખોજના વિચારોથી માધવ એકાંતમાં બેઠા બેઠા સત્યની ખોજ કરે છે.

એકાંતમાં શાન્ત ચિત્તાથી ધ્યાન મગ્ન માધવ ચિત્તામાં ચિંતન કરે છે. મનન કરે છે. સુખના કેન્દ્રોનું સુખ કયાં છે? હોઈ શકે? પૈસા મિલકતમાં, ધનમાં, પુત્રમાં, કે પોતાના શરીરમાં? પરંતુ-

**"લાખો કરોડો ધન જયાં હોયે, પુત્ર ત્યાં એકેય ના હોય,**
**ખાવાનાં ફાંફાં, ત્યાં બાળક જા જા(ર) વિચિત્ર ગતિ જણાયરે.**
**ત્યાં છે પૂણ્યની ખામી, નાવ્યા શ્રી સ્વામી...ગહન ગતિ, ન કળાય."**

લાખો કરોડો ધન જયાં છે તે પુત્ર વગર દુ:ખી છે. જેને ઘેર છોકરાઓ છે. તેને ખવરાવવાની તાણ છે. માટે દુ:ખી છે કદાચ ભગવાને દયા કરી ધન દોલત અને પુત્ર બે આપ્યા હોય તો પણ સુખ નથી કારણ-

**"મૂર્ખ પ્રજા હોય હાય પનારે, પૂર્વના પૂરા પાપ,**
**સારી પ્રજા સાંપડી હોય તેવા તેનો ને જાણ તાપ.**
**બળે છે બહુ બિચારા, એવાથી વાંઝીયા સારા...**
**જોને વીતી હોય તે જાણે, અજાણ્યો કાંઈ ન જાણે"..**

ધન દોલત હોય સાથે ઘણા પુત્રો હોય તો બાપની મિલકત માટે આપસમાં લડાઈ ઝઘડા કરી મરે છે. રોજના કંકાસ સાંભળી માવતર તાપથી બળે બહુ બિચારા આનાથી વાંઝીયા સારા એમ મુખમાંથી આહ નીકળી જાય છે. વાંઝીયા પુત્રો વાળાને સુખી જોવે છે. પુત્રોવાળા


www.OmShreeMadhavanandji.org

પૈસાવાળાને સુખી જોવે છે. પરંતુ સારો પુત્ર હોય તો પણ તેને ભગવાન વહેલો વહેલો લઈ જાય છે.

**"જુવાન મૃત્યુ સ્વપ્ને ન ઈચ્છે કાળ તેને લઈ જાયરે,**
**તેડું ઈશ્વરનું આવે, કોણ અટકાવે, ગહન ગતિ ન કળાય,"**

કદાચ વહેલો ન પણ લે, લાંબુ જીવીને ઘરડો થઈને મરવાનો તો છે જ તો નિરંતર મોતના ભયથી ભયાકાંત વ્યકિત સુખી કેમ હોઈ શકે? આવું મનમાં મનન કરતાં કરતાં આવી રીતે ચિંતન કરતાં આપણા માધવગર ભોજન ભૂલી જાય છે. તેઓ ઉપવાસ કરતા નથી. ઉપવાસ થઈ જાય છે. સાચા સુખની ખોજમાં ઈન્દ્રિયોનો સંયમ કરતા નથી. સંયમ થઈ જાય છે. અતિ જીજ્ઞાસાથી રાતના જાગરણ કરતા નથી. પણ જાગરણ થઈ જાય છે.

ઉપનિષદ્ મંત્ર દ્વારા ઋષિઓએ દાઢી વધારી નથી દાઢી વધી જાય છે. એમણે કંદ, ફળ, ફૂલ, મૂળ ખાધાં નથી. ખવાઈ ગયાં છે. સત્યની ખોજ કરતાં જયાં સુધી શરીરના પ્રાણ ભૂખથી ન અકળાય ત્યાં સુધી વિચારતા રહ્યા છે. જયારે ભૂખથી પ્રાણમાં વિક્ષેપ થયો અને વિચારધારા તૂટી તો જે સામે હતું તે કંદ, ફળ, ફૂલ ખાઈને ક્ષુધાનું નિવારણ કરી પાછા મૂળ વિચારોની સત્યની ખોજ કરતાં રહ્યા છે. આવી રીતે મહેનત કરવામાં આવે તો જ આપણને સફળતા મળશે. નહિતર નહીં મળે. બાકી ઋષિ મુનિયોની ગમે તેટલી નકલ કરીશું અને અક્કલને નહીં વાપરીએ તો આ ધર્મનું સાચું રહસ્ય નહીં સમજાય.

**"વેશ લીધો વૈરાગ્યનો દેશ રહી ગયો દૂરજી,**
**ઉપરનો વેશ અચ્છો બન્યો. માંહી મોહ ભરપુરજી...**
**ત્યાગ ટકે નહીં વૈરાગ્ય વિના."**

પરંતુ માધવગરના જીવનમાં કાંઈ દંભ નહોતો. ઉપરની નકલ નહોતી.નર્યું અંધાનુંકરણ નહોતું. તેમનામાં વાસ્તવિકતા હતી. જીવનમાં સત્ય સહજતા હતી. સત્યની ખોજ એ જ લક્ષ્ય હતું. શ્રી બાળરૂપ માધવને અંદર ઘણા ઘણા પ્રશ્નો ઉદ્દભવે છે. એક જ ઘરના એક માતના કૂખે બે દિકરા જન્મેલા. મા એક જ છતાં એક સજજન અને બીજો દુર્જન. એક વેલાના બે તુંબડા એક કડવું અને બીજું મીઠું. એમ કેમ? એક જ મા બાપના બે દિકરા છતાં જયારે જુદા થાય છે ત્યારે એક ધનવાન અને બીજો ગરીબ, એક મૂર્ખ અને બીજો વિદ્વાન, એક કમજોર, વિકલાંગ અને બીજો સુંદર અને શાણો. સંસારમાં આવું બધુ વિચિત્ર કેમ છે? સંસારમાં કોઈ પણ જીવ સુખી નથી.



www.OmShreeMadhavanandji.org

ભલે પછીં ભકિત કરે, વ્રત કરે, ઉપવાસ કરે, રાત્રિ જાગરણ કરે.

**"નૃત્ય કરે પણ પ્રભુ મળે નહિ, ગીત મધૂરાં ગાવાથી,**
**હડીયું કાઢયે, હાથ ન આવે, જપ, તપ, તીરથ કરવાથી.**
**મનનો મેલ કદી નવ જાયે, નિત્ય ગંગામાં ન્હાવાથી,**
**મોહ મદ મટે નહિ ભાઈ અડસઠ તીરથ જાવાથી."**

આમ બધી જ ધાર્મિક ક્રિયા કરે છે છતાં કેમ જીવ સુખી નથી?

ભગવાનનુંનામ લે અને સુખી ન થાય તો પછી નામની શી મહિમા? દુ:ખમાંથી છૂટવા માટે ભગવાનની ભકિત કરે, ઉપાસના કરે, બાધા રાખે, દોરા ધાગા કરે, દેવ દેવીને રીઝવે પણ પરિણામ કેમ નથી દેખાતું--

**"અભય પદ બરદ ત્મારૂં હોય,**
**આવે શરણે ત્હેને હણે નહિ કોય,**
**ત્હમોગુણ ગાયે જો કર્મ ન નાસે,**
**ત્યારે કોણ ચરણ ત્હમારા ઉપાસે."**

**"રવિને ઊગે રહે અંધકાર, ત્હારે તેહને શીદ ઈચ્છે સંસાર,**
**અમૃતને પીધે જો રોગ ન જાય, ત્યારે શો અમૃતનો મહિમાય.**
**તીરથમાં નહાયે ન જાયે પાપ, ત્યારે શો તીરથનો પરતાપ."**

જો સંસારમાં ભગવાનનું જ મોટું નામ હોય, અભય પદ આપતું હોય તો આપણે એના ગુણ ગાઈએ, ધર્મ કર્મ કરી ચરણ ઉપાસીયે. યથા યોગ્ય ચરણે પત્ર પુષ્પ સમર્પણ કરીએ છતાં પરિણામ શૂન્ય કેમ?

આવા અનેક પ્રશ્નોથી ઘેરાયેલા શ્રી માધવ ભીમનાથ મંદિરે આવતા જતા ઘણા બધા સંતોના ચરણ સેવી સાચા જવાબ મેળવવાની કોશિષ કરતા. પરંતુ કયાંયથી સંતોષકારક જવાબ મળતો નથી. બધા એક જ જવાબ આપે છે. ભગવાનમાં શ્રધ્ધા રાખો. બધું સારું થઈ જશે. પણ કાંઈ સારું થતું દેખાતું નથાં. તેથાં માધવગરજી મનમાં વિચારે છે કે નિશ્ચિત આ શ્રધ્ધામાં આ ધર્મમાં કંઈક અંશે ભૂલ છે. નહિતર આનું પરિણામ આવું ન આવવું જોઈએ.

**"ન ભરવા ભૂલના ભારા, સમજવા ધર્મના ધારા,**
**ખરુ હિત હાથમાં તારા, વિચારી ચાલજે વાલા,"**



www.OmShreeMadhavanandji.org

આમ વિચાર કરતાં કરતાં બંને ભાઈઓ શિવની આરાધના ખૂબ શ્રધ્ધાથી કરે છે. પણ સંતોષ નથી.

એક દિવસ માધવગર અને નાના હરીગરજી મનમાં વિચારે છે કે ભગવાન શિવ સિવાય બીજું બધું મિથ્યા છે. એને એકાગ્ર ચિતથી કેવલ ભગવાન શિવજીનું ધ્યાન કરવા માંડયું. સૂતાં, બેસતાં, ઊઠતાં, હરતાં, ફરતાં ભગવાન શંકરમાં જ એમનું મન રમવા લાગ્યું. રાત્રે સૂતાં સ્વપ્નામાં પણ ભગવાન શંકરનાં દર્શન થવા લાગ્યાં. એકવાર એવું બન્યું કે હરીગરજી મહારાજને રાતના સ્વપ્નમાં ભગવાન શંકરે દર્શન દીધાં અને સવારમાં ઊઠીને કમળ પૂજા કરવાનું કહ્યું. હરીગરજી સવારમાં વહેલા ઊઠી મોટાભાઈ માધવગરને વાત કરી પણ માધવગરજીએ નાનાભાઈને આવું કરવાની ના પાડી કેમ કે શ્રધ્ધાથી ભગવાનને જીવન સમર્પિત કરવું અને કમળ પૂજા કરવી. આ કમળ પૂજામાં પણ મને કંઈક અંશે ભૂલ જણાય છે. આ જીવન બીજાને ઉપયોગી બને. બીજાના કામમાં આવે તો જ સાચી કમળ પૂજા છે. નાનાભાઈ હરીગરજીએ કહ્યું ભાઈ હું તો કેવલ ભગવાનની આજ્ઞાનું પાલન કરવા માગું છું. હું આમાં બીજા જીવને કયાં દુ:ખી કરું છું. હું પોતે રાજી થઈને હસતા મોંઢે કમળ પૂજા કરવા તૈયાર છું અને મારું જીવન ભગવાનને ચરણે ધરી દેવું છે. આ રીતે હરિગરજીએ પોતાનો નિર્ણય જાહેર કરી ભગવાન શંકરને ચરણે પોતાની જાતે શીશ ઉતારી દીધું. ધડથી મસ્તક જુદું થતાં લોહીની ધારા લીંગ ઉપર ઊડીને પડી. આ દ્રશ્ય મોટાભાઈ માધવગરે નિહાળ્યું. અને પોતાના ભાઈને શિવલોક પ્રાપ્ત થયો. માધવગીરજીએ નાનાભાઈના શબની અંતિમ વિધિ કરી મનમાં વિચારે છે કે-

**"પ્રભુનામ લેતાં દમે અજ્ઞાન, ત્યારે કોણ કહે છે ભલા ભગવાન,**
**કામ, ક્રોધ, લોભ, લૂટે જયારે ચોર, ત્યારે શું નાથ ત્હમારૂં જોર,**
**પીડા પામે દાસ પ્રભુને ખોટ, અમો પર કાળ ચલાવે ચોટ,**
**પ્રભુંનું ભજન કરે તે પીડાય, ત્હેનો તમને બટ્ટો લાગે ગુરુરાય.,"**

આ રીતે નાનાભાઈ હરીગરનું મૃત્યું થતાં માધવને અત્યંત દુ:ખ થયું. ભગવાન શંકરના મંદિરમાં આ જ માધવ સજલ નેત્રો પ્રભુને આરાધે છે. હે પ્રભુ તારી પ્રભુતા કયાં છે? મારો નાનોભાઈ ધડથી મસ્તક જુદુ કરી તમારા ચરણે કુરબાની આપી દીધી ! જો ખુદ વ્યકિત આટલું બધું આપના માટે કરતો હોય તો તું એના માટે કંઈ પણ નથી કરી શકતો? જેણે આપના માટે જાનની બાજી ખેલી હે પ્રભુ ! તું સાચી સુખ શાંતિ



www.OmShreeMadhavanandji.org

અને નિર્ભયતા નથી બક્ષી શકતો? સંતો મહંતોના વચનો યાદ કરી આજ માધવ ભોલેનાથ શંકરને મીઠો ઠપકો આપતાં કહે છે કે હે પ્રભુ ! સંતો, મહંતો લોકોને બોધ આપતાં કહે છે કે અતુટ શ્રધ્ધા રાખો. ભગવાનને શરણે રહો. આ બધું મારા ભાઈએ કર્યું, એને તમે મોત સિવાય શું આપ્યું? આ મૃત્યુંની રીત કેવી? કમળ પૂજા કરવાની તમે આજ્ઞા કરી છે? એવું મારો ભાઈ કહેતો હતો પણ આથી હે પ્રભુ! તમને શું મળ્યું? તમારા બાળ સમાન આ સંસારીના જીવનું શું થયું? આમાં કઈ રીતે જીવનું કલ્યાણ સમાયેલું છે? હે પ્રભ! આ બધું મને સમજાતું નથી? તેની મને સમજણ પડતી નથી? મારૂં મન ખૂબ વ્યથિત થયું છે. હવે હદ થઈ ગઈ છે?

**"અનાદી આપ વૈદ્ય છો, સાચા, કોઈ ઉપાય વિષે નહિ કાચા,**
**દિવસ રહ્યા છે ટાંચા વેળા વાળજો...રે....મારી નાડ.**
**વિશ્વેશ્વર! શું?-હજુ વિચારો, બાજી હાથ છતાં કાં હારો?--**
**મહા મુઝારો, મોરો નટવર!--ટાળજો રે.....**
**મારી નાડ તમારે હાથ હરી સંભાળજો રે.....**
**મુજને પોતાનો જાણી પ્રભુ પદ પાળજો રે.....મારી નાડ."**

આમ મોડી રાત સુધી માધવ પ્રભુને રીઝવવા ઘણા બધાં મનામણાં કર્યા. મનની મૂંઝવણ સાથે બહાર ફરતા ફરતા માધવગર એકલા જાગે છે. પોતાના નાનાભાઈનો વિયોગ આજ માધવને ખૂબ સતાવે છે.

**"મન મારૂં હાય! મુઝાય રે, હું કયાં જઈ કહું?--**
**ચિંતા વધારે થાય રે હું કયાં જઈ કહું?....ટેક.**
**આધિ, વ્યાધિને ઉપાધિથી, આપે ભેદ અપાર,**
**પૂર્વે કીધા કર્મ કઠણતે મારે ભારે માર..રે હું કયાં જઈ કહું?(૧)**
**બહુ તાપેથી આ તન ઉકળે, વંઠે વિનય વિચાર.**
**નીતિ ન્યાય કશું નહિં સૂઝે આ સંસાર અસાર રે...**
**હું કયાં જઈ કહું ?............(૨)**
**અકલિત કાલ કલા શું કહેવું, ક્ષણ ભંગુર તન તેમ,**
**જન્મ સફળ કરવો શી રીતે, આંસુ આવે એમ....રે હું કયાં જઈ કહું(3)**
**સ્વાર્થે જે સબન્ધ બધાનો, અંતે મૃગજળ રૂપ,**



www.OmShreeMadhavanandji.org


**ધનને ધામ ધરાને ત્યારે, શું દેવો છે ધૂપ?.....રે હું કયાં જઈ કહું ? (૪)**
**પ્યારા પુત્ર કલત્ર કયાં છે, કયાં છે મિત્ર પવિત્ર ?**
**અંતે સઘળાં અળગા રહેશે, એવી વાત વિચિત્ર,**
**હું કયાં જઈ કહું ?.....(૫)**
**હેત કરી હરિહરની સાથે, ભજન કરાય ન લેશ,**
**આવે છે અત્યંત નઠારા, અંતર માયા વેશ રે.....**
**હું કયાં જઈ કહું ?.....(૬)**
**કેશવ પ્રભુની થાય કૃપા તો, જાય બધા સંતાપ.**
**તન બળ બુધ્ધિ સફળતા પામી, આનંદ આપે અમાપ....રે...**
**હું કયાં જઈ કહું ?.....**

આ રીતે માધવગર હવે સંસારથી એકદમ ઉપરામ થયા છે. હવે કયાંય પણ રૂચી નથી. હવે ભગવાનના દર્શનની પણ રૂચી નથી.હવે કોઈ સંતોમાં પણ રસ નથી. જયાં જયાં ગયા ત્યાં ત્યાં પરિણામ શૂન્ય જોવા મળ્યું. અંતે જીવનમાં નિરસતા આવી ગઈ. હવે મંદિરમાં પૂજા કરવા જાય છે. પરંતુ કાંઈ રસ નથી. સંતો મહંતો ઘણા બધા આવે છે. પરંતુ હવે તેમને મળવાની તાલાવેલી નથી. હવે તો કેવળ મંદિરના આશરે રહેતા માધવ પોતાનું કર્તવ્ય સમજી આશરો આપનારનો બદલો ચુકવવા ફરજ પ્રમાણે યંત્રની માફક વર્તે છે. પરંતુ હવે જીવનમાં કાંઈ પણ સત્યનું તથ્ય હાથમાં ન આવતાં ઉપરામ થયા છે. ઘણા ઉપાયો કર્યા સત્યને સમજાવા પરંતુ કયાંયથી આશાનું કિરણ ના મળ્યું. જેથી માધવના અંતરમાં અંજવાળા થાય. આમ જયાં માધવના અવતાર લીલામાં ઉપરામતા નિરસતા બાધક બની. બધે જ નિરસતા જોવા મળે છે. તેમને જે શાંતિ જોઈએ છે તેના માટે કોઈ જગ્યાએથી આશાનું કિરણ જોવા મળતું નથી. પણ સાચે જ કહેલું છે કે......


**"ગુરુ બીન જ્ઞાન ન ઉપજે, ને ગુરુ બીન મીટે ન ભેદ,**
**ગુરુ બીન સંશય ના મીટે, ભલે વાંચ્યો ચારો વેદ."**

જો કોઈ સાચા સદગુરુ મળે અને માધવના હૃદયની ગ્રંથીઓ તોડે સંશયો છે દે અને તેમના અંતરમાં અંજવાળાં થાય તો જ તેમનું અવતાર કાર્ય પુરું થાય તેમ છે. એટલે જ પ્રીતમ કહે છે-


www.OmShreeMadhavanandji.org




સત્ય સુખની શોધમાં નિમગ્ન માધવગરજી



બ્રહ્મમૂર્તમાં અવધૂત બાપજી નો અચાનક ભેટો થયો.

**" કોઈ સાચા મળે સુખ થાય, ભવદુઃખ ભાંગે રે.**
**તારો રોગ જનમનો જાય, વાર ન લાગે રે.....**
**તારુ શૂળ મૂળગું જાય, વેદના વરતે રે.**
**જેમ પીએ તેમ રસ પાય, સુખની શરતે રે....**
**તારી હોયે ભ્રમણા ભંગ, કર્મને કાપે રે**
**કહે પ્રીતમ સાધુ સંગ, સદા સુખ આપે ર".....**

માધવના અવતાર કાર્યમાં ઉપરામતા કેમ પરવડે?

એક દિવસ સવારના નિયમ મુજબ બ્રહ્મ પૂજામાં નિલકા નદીમાં સ્નાન કરવા જતાં નદીને તીરે એક અવધૂત બાપજીનાં દર્શન થયાં. પણ આજ શ્રી માધવને કોઈ પણ સંત ફકીરમાં રસ નથી. તેમ છતાંય દિવ્ય વિભૂતિ સંતનાં દર્શન કરવા એક ઔપચારિકતા નિભાવવા શિષ્ટાચારના નાતે બે હાથ જોડી પ્રણામ કરે છે. પણ ઉદાસીનતાના ચહેરા પર નિરાશાના ભાવ ચોખ્ખા તરી આવે છે. મુકતભાવે હાથ જોડી ઉભેલા માધવને મસ્તકે હાથ મૂકી અવધૂત બાપજી કહે છે કે બેટા! તારે શું દુઃખ છે? તું આટલો બધો ઉદાશ કેમ છે?

તારા મનમાં એવી શું મુજવણ છે? મને કહે હું તારા મનની બધી જ મુંજવણ દૂર કરવા આવ્યો છું. બોલ બેટા બોલ???

નાના ભાઈના વિયોગથી એકલા પડેલા માધવનું આજ કોઈ નથી. એવા ખાલી પણામાં અચાનક અવધૂત બાપજીના પ્રેમ અને લાગણી યુકત મસ્તકે હાથ ફરતા પ્રિય મધુરવાણી સાંભળતાં આજ માધવના હૃદયમાં કોઈ અલૌકિક પ્રકાશ થયો છે એમ કહેવાય છે કે શાશ્વત શંકર ભગવાન અવધૂત બાપુજીનું રૂપ લઈ અને માધવની મુંઝવણ દૂર કરવા આવ્યા ન હોય? અવધૂત બાપજીના દર્શનથી સ્પર્શથી પવિત્ર થયેલા માધવ આજ ધન્ય બન્યા છે.

**દર્શનથી દુષ્કૃત ટળે. સ્પર્શતાં પાવન થાય.**
**બ્રહ્માનંદ સુખ ઉપજે...રે આવરણ અ વિદ્યા જાય.**
**વારી જાઉં વારણે...**

સજલ નેત્રે આજ માધવ અવધૂત બાપુજીને ચરણે નમતાં કહે છે પ્રભુ આજ સુધી ઘણા સંતો, મહંતોના ચરણ સેવ્યા પરંતુ આપના જેવા શરણાગત વત્સલ્ય મહાપુરુષના દર્શન અત્યંત દુર્લભ છે. આજ હું આપની પ્રિયવાણી અને આપના પ્રેમાળ સ્પર્શથી હું ધન્ય બન્યો છું. હું જે કાંઈ પૂછવા માંગતો હતો તે હવે આજ કાંઈ પૂછવાનું રહેતું નથી. કેમકે હું જે મેળવવા માગું છું. હું જે જાણવામાગું છું. એ બધું આજ મને આપના દર્શનથી પ્રાપ્ત થયું હોય એમ લાગે છે. કોઈ પણ કામના વગર નિષ્કામતાથી


www.OmShreeMadhavanandji.org

આજ માધવ અવધૂત બાપજીની સેવા કરવા લાગ્યા.

**"અલખ યોગી અવધૂત સ્વામી, માધવને મળીયા સંત,**
**અક્ષર કેરૂ જ્ઞાન આપીને સાચો બતાવ્યો પંથ**
**માધવ ત્યાંથી આવીયા કાશી.**
**જયાં ફેરા ટળે લક્ષ ચોરાશી".....**

અવધૂત બાપજી માધવગરની સેવાથી ખૂબ પ્રસન્ન રહેતા. નદીની રેતીના પટ ઉપર અક્ષરો લખી એમણે માધવને અક્ષર જ્ઞાન આપવા માંડયું. માધવગરજી હોંશે હોંશે ભણવા લાગ્યા. સાથે સાથે સાંખ્યયોગ દ્વારા માધવના મનની તમામ મુંજવણો દૂર કરી.

પ્રકૃતિ અને પુરુષનોવિવેક કરાવ્યો. પ્રકૃતિ જડ દુઃખરૂપ છે. જયારે આત્માએ અલખ પુરુષ, આનંદરૂપ છે. સત્ય છે. ચેતન છે. જયારે પ્રકૃતિ તેથી વિપરીત જડ દુઃખરૂપ છે. વ્યવહારમાં સુખ અને દુઃખએ મનના ધર્મો છે. બંધન અને મોક્ષએ મનનું કારણ છે. માટે મન એ આપણું સ્વરૂપ નથી, આપણે તો ચૈતન્ય આત્મા છીએ. સંસારના પદાર્થો માટે ભકિત કરનાર હંમેશા દુઃખી રહે છે. જગતના સુખો આજે છે કાલે રહેવાના નથી. તો તેને માટે દેવ દેવીને રીઝવી માનવ ધર્મને ભૂલે છે. માનવનો સાચો ધર્મ છે. આત્માનું કલ્યાણ કરવું. એવું તત્વજ્ઞાન સમજાવ્યું. પરંતુ એનાં નાનાભાઈની કમળ પૂજા વિશે પૂછવાનું મન થયું. બાપજી મારા નાનાભાઈએ ભગવાનના ચરણે પોતાનું મસ્તક ઉતારી કમળ પૂજા કરી તો એનું મને રહસ્ય સમજાવો. અવધૂત બાપજી મંદ મંદ હાસ્ય કરતાં માધવને કહે છે. કે બેટા! તારા નાનાભાઈના જવાથી તને બહુ દુઃખ થયું છે. તે હું જાણું છું. પરંતુ તારા નાનાભાઈની તું જરા પણ ચિંતા કરીશ નહીં. એ પૂર્વ જન્મનો મારો ભકત હતો. અધૂરી સાધના પૂરી કરી મારા શિવલોકને પામ્યો છે.

કમળ પૂજાનું રહસ્ય હું તને વિસ્તારથી સમજાવું છું સાંભળ! જેવી રીતે જળમાં કમળ રહે છે. તેમાં ઉત્પન્ન થયેલું કમળ જળનો ખોરાક ખાઈને જીવે છે. છતાં એ કમળ જળમાં લેપાતું નથી. તેમ માણસે સંસારમાં રહેતા છતાં સંસારના વ્યવહારમાં લેપાવું જોઈએ નહિ. કમળની જેમ સુગંધમય જીવન જીવવું જોઈએ.



www.OmShreeMadhavanandji.org

**"કામ ક્રોધ મદ મોહને જીતી, વ્યવહાર કરજે રૂડી રીતી,**
**પ્રેમ તણો પરાગ ભરીને, જીવન પુષ્પ ખીલવતોજા.....**
**આવ્યો છે તું આ સંસારે"...**

કમળ પૂજામાં પોતાની બંને આંખો કાઢી અને મસ્તક ઉતારી દેવામાં આવે છે. એનું કારણ એ છે કે સંસારની દ્રષ્ટિ છોડી જ્ઞાનની દ્રષ્ટિ મેળવવાની છે.

। द्रष्टि ज्ञान मयीं कृत्वा पश्येद् ब्रह्ममयं जगत ।

ત્યાર પછી મસ્તિક ઉતારવાનું અર્થાત્ અહંકારને ત્યાગવાનો, આ રીતે કોઈ પણ પ્રકારનો અહંકાર ન રાખે કે હું જ્ઞાની છું. ધ્યાની છું. યોગી છું.સંન્યાસી છું. તો એ ભગવાનના ચરણે રહી પરમ પદને પામે છે. સમાજમાં રહેલા જડ નિયમોને તોડી સાચું સમજાવવા તારા ભાઈએ નિષ્કામતાથી અનાશકત થઈ સમાજના જડ લોકોને સમજાવવા અને પોતાનો અવતાર પૂરો કરવા કમળ પૂજા કરી છે. માટે તું એની હવે ચિંતા કરીશ નહીં. આ રીતે તમામ શંકાઓથી મુકત કરે, એવું જ્ઞાન શ્રવણ કરી માધવ ખૂબ ભાવ વિભોર બન્યા છે. શ્રી માધવને ખૂબ ભાવ ભકિતથી અવધૂત બાપજીની સ્તુતિ કરી અને પ્રાર્થના કરી કે હે ગુરુદેવ? તમારા ચરણ વગર હું સાચું ન સમજી શકત? પરંતુ આપના દર્શનથી હું આજ ધન્ય થયો છું અને પવિત્ર ભાવથી પોતાનો શુભ સંકલ્પ વ્યકત કરતાં કહે છે કે બાપજી? અત્યંત કામાંન્ધ થયેલા આશકિતમાં ડુબેલા લોભ લાલચથી લલચાયેલા જીવો પોતાનો સ્વાર્થ સિધ્ધ કરવા ધર્મને નામે અનેક દેવ દેવીઓની ઉપાસનામાં બીજા જીવોની હત્યા કરે છે. પરાયા જીવના હક્કને છીનવી પોતાના હક્ક કરવા જાય છે. બીજા જીવનું સુખ છીનવી પોતે સુખી થવા માંગે છે. આવા સંસારના તુચ્છ સુખ માટે માનવ કેવા પાપ કરે છે? માટે આપ આશીર્વાદ આપો તો હું સમાજમાં રહેલા દુષણોને દૂર કરી સાચા ધર્મને મારગે વાળવા પ્રયત્ન કરું.

ત્યારે મંદ હાસ્ય કરતાં અવધૂત બાપજીએ કહ્યું બેટા? તારો અવતાર જ એટલા માટે થયો છે. તારા મનની મૂંઝવણ દૂર કરવા માટે જ હું તારી પાસે આવ્યો છું. અને તારામાં રહેલી આત્મશકિત જગાડવાનું જ મારૂં કામ હતું. હવે મારૂં કામ પુરું થાય છે. પણ બેટા! તારે એક કામ કરવું પડશે. તારી ઉંમર હજુ બહુ નાની છે. માટે તું કાશી જા. અને ત્યાં વેદશાસ્ત્રોનો અભ્યાસ કરી શ્રોત્રિય થા. ગુરુ હંમેશા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ હોવા જોઈએ. મેં તારી તમામ શંકાઓ સમાવી બ્રહ્મનિષ્ઠા જગાવી દીધી છે. પરંતુ શ્રોત્રિય થયા વગર તારું જીવન અધુરું કહેવાય, માટે તું કાશી



www.OmShreeMadhavanandji.org

ભણવા જા. પરંતુ માધવ કાશી ભણવા જવા માટે પૂછે છે કે કાશી આવ્યું ક્યાં? ત્યાં જવું કયા રસ્તે? ત્યારે અવધૂત બાપજીએ પુરૂં સરનામું આપ્યું અને આવી રીતે એમ કહેવાય છે કે અવધૂત બાપજીના સહવાસમાં બે મહિના પુરા કર્યા. રોજના કાર્ય મુજબ સેવામાં રત એવા માધવ આજ અવધૂત બાપજીની પાસે ગયા તો આ શું?એ તો ત્યાં મળે જ નહિ? બહુ બહુ રાહ જોઈ આમ તેમ દોડતાં આકુળ વ્યાકુળ થતા એક ટેકરા પર ચડી બૂમો પાડવા લાગ્યા.

અવધૂત બાપજી.........આપ ક્યાં છો?

અવધૂત બાપજી.........આપ ક્યાં છો?

અવધૂત બાપજી.........આપ ક્યાં છો?

અવધૂત બાપજી.........ત્યાં સામેથી આકાશવાણી રૂપે પડઘો સંભળાયો. મેં તને કાશીનું સરનામું આપ્યું છે. ત્યાં આવીને મળજે. હું તને ફરી દર્શન આપીશ એ પડઘાની દિશામાં માધવે નજર કરી પણ ત્યાં કોઈ ન હતું. બસ! અવધૂત બાપજી તો ગયા તે ગયા!!! હવે માધવગરને પેલો દિવ્ય સાદ જે સંભળાયો હતો તે પ્રમાણે તેમની જંખના કાશી જવાની થાય છે. કેમ કરી કાશીએ જવાય?ક્યારે પેલા અવધૂત બાપજીને મળાય? કેમ? કેમ? ક્યારે? ક્યારે? મળીશ? હે બાપજી? આવી જંખના ચાલ્યા જ કરી. આમ માધવગરના હૃદયમાં અવધૂતજીને મળવાની અભિલાષા વધારે ને વધારે પ્રદિપ્ત થતી ગઈ. ક્યારે કાશી જાઉં? ક્યારે અવધૂતને મળું? એમ સતત તેમને મળવાના જાપ શરૂ થઈ ગયા.

આખરે એક દિવસ એમણે મહંતજીને વાત કરી. મહંતશ્રી વિમાસણમાં પડી ગયા. એમણે તો માધવગરજી પર આશાના મોટા મિનારા રચ્યા હતા. એ બધા જાણે કે પાયામાંથી ડગમગવા લાગ્યા. એ કહે "માધવ" બેટા? તને આ શું સૂજયું? આ ભીમનાથની જગ્યા કંઈ કાશી કરતાં ઓછી છે? હું તો હવે ઘરડું પાકું પાન. ક્યારે ટપ દઈને ખરી પડું એ ખબરેય નહિ પડે. બારગામની આવકનો વહીવટ તારા હાથમાં સોંપવાનો છે. ધારો કે તું કાશી ગયો. ભણ્યો ગણ્યો પંડિત થયો.


પછી શું? ભગવાનની ભકિત જ કરવી છે. ને તો ભગવાનની ભકિત તો અહીંયાં પણ થાય. પછી આ છોડીને ત્યાં જવાની શી જરૂર છે? તેમ છતાં તારે ભણવું જ હોય તો તું અહીં રહે ને નિરાંતે શાસ્ત્રોભ્યાસ કર. હું તને બધી વ્યવસ્થા અહીં ભણવાની કરી આપું છું.



www.OmShreeMadhavanandji.org



અવધૂત બાપજી અંતરધ્યાન થયા પછી આકાશવાણી શ્રવણ કરતા માધવ



મંદિરના મહંત પાસે કાશી ભણવા જવાની રજા માંગતા માધવ

પરંતુ જેના હૃદયમાં સમાજમાં ચાલતા રૂઢીવાદને નાથવાની લગન છે. તે સમયમાં સાંપ્રદાયિકવાડામાં બંધાયેલા જડ નિયમોને આધારે સબડાતા જીવોનો ઉધ્ધાર કરવાની જેનામાં તાલાવેલી છે. જે તમામ બંધનો તોડી, સીમાઓ તોડી અસીમની અંદર પ્રવેશ કરી ચુકયા છે. તે વળી એક મહંતની ગાદીના વારસદાર કયાંથી થાય? સાંપ્રદાયિક ગાદીના વારસદાર હંમેશા મિલકતની ચિંતામાં ઘેરાયેલા હોય છે. એને વારસદારની ચિંતા હોય છે. પરંતુ જેને સાચા ગુરુ મળ્યા હોય તે સાંપ્રદાયિક દિવાલોમાં જકડાતા નથી. ગુરુ પરંપરામાં જ્ઞાન પ્રધાન છે. જયારે સાંપ્રદાયિક ગાદી પરંપરા મિલકત પ્રધાન છે. તે બંનેમાં જમીન આસમાનનો ફરક છે. અંધકાર પ્રકાશનો ફરક છે. મિલકત સંપત્તિમાં ભાઈઓ ભાગ પડાવી શકે. તો કોર્ટ કચેરીના ઝઘડા થાય. વાપરે તો ઘટે, ચોરાય, લૂંટાય, લડાઈ ઝઘડા થાય. પરંતુ જ્ઞાનની પરંપરા જુદી છે. એક ગુરું પોતાનું જ્ઞાન દશ શિષ્યોને આપી ૧૦ ઘણું કરીને થાય છે. જ્ઞાન વાપરતા વધે છે. ઘટતું નથી. ૧૦ ટુકડા નથી થતા. પૂર્ણમાંથી પૂર્ણ આપતાં પૂર્ણ જ હોય છે. એ અધુરું થતું નથી. અધુરાપણું જયાં છે. ત્યાં જ્ઞાન નથી. માટે ગુરું પરંપરામાં વ્યકિત વિશેષ નથી. જ્ઞાન વિશેષ છે. જયાં જ્ઞાન છે. ત્યાં ગુરુ તત્વ વિરાજમાન છે. માટે-

विद्वान सर्वत्र पूज्यते ।

જયાં જયાં વિદ્વાન જાય છે. ત્યાં તેની પૂજા થાય છે. એમાં આને જ ગુરુ કહેવાય. બીજા નહિ આવી રૂઢીવાદની પરંપરામાં ફસાયેલા લોકો મૂર્ખને વિદ્વાન સમજી રૂઢીવાદમાં દુ:ખી થાય છે. વિદ્વાન વ્યકિત ભલે ગમે તેવો કદરૂપો હોય, મિલકત વગરનો હોય, ગરીબ હોય, રોગી હોય, અથવા અષ્ટાવક્રની જેમ હોય-

**"તેમાં આણીશ મા દેહભાવ કે મોટો મર્મ છે જીરે"....**

પછી ભલે ગમે તે વર્ણાશ્રમનો દેહ હોય પરંતું જે વ્યકિત જ્ઞાનને પ્રધાનતા આપે છે તે ગમે ત્યાંથી પોતાના આત્માનું કલ્યાણ કરે છે. એવું જ્ઞાન મેળવી લે છે. દત્તાત્રેય મુનિયે જ્ઞાનને લક્ષમાં રાખી ૨૪ ગુરુ કર્યા હતા.



www.OmShreeMadhavanandji.org

એટલા માટે જ જ્ઞાનમાં જીજ્ઞાસું માટે પૂજય માધવાનંદ સ્વામીજીએ આ આપણી ગુરુ પરંપરા શરૂ કરી જયાં કોઈ પણ રામ, કૃષ્ણ, ગણેશ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિ દેવ કે દેવીને પ્રધાનતા નથી આપી. શિક્ષાપત્રીમાં પણ આ નિયમનો ખાસ ઉલ્લેખ કર્યો છે. કેમ કે એ બધા દેહ ધારી છે. માટે, જયારે ગુરુ પરંપરા એથી વિશેષ છે. ત્યાં દેહને પ્રધાનતા નથી અપાતી. ત્યાં ચેતનની પ્રધાનતા છે. જ્ઞાનની સાચી સમજણની પ્રધાનતા છે. એટલા માટે પૂજય સ્વામીજીના જીવન પ્રસંગમાં આગળ આવશે કે તેઓશ્રીએ પોતાનો ફોટો પણ લેવાની ના પાડી છે. તેનું કારણ એ જ છે. અવધૂત બાપજીના બે માસના સહવાસ દરમિયાન એક વખત ભીમનાથના મહંતની મુલાકાત વખતે મહંતને અવધૂત બાપજીએ કહેલું કે મહંતજી આ બાળકને તમે તમારી ગાદીના વારસદાર તરીકે બેસાડી સીમામાં બાંધવાની કોશિષ ન કરતા કેમ કે આ બાળક તમામ સીમાઓની દિવાલો તોડી અસીમની મસ્તીમાં રહી લોકોને આનંદ આપશે. આના માટે આ કામ ઘણું નાનું છે. જ્ઞાની વ્યક્તિ સીમાઓમાં બંધાતો નથી.

આ જ્ઞાનની પરંપરામાં કોઈ દિવસ લડાઈ ઝઘડા ન થાય. કારણ કે જ્ઞાનમાં કોઈ ભાગ પડાવી શકતો નથી.


न चोर हार्य, न च राज हार्य,
न च मातृभाज्यम्, न च भारकारी ।
व्यये कृते वर्धत एव नित्यं,
विद्या धनं सर्व धनं प्रधानम् ॥

આશ્રમોની મિલકત માટે, તેની ગાદી માટે મહંતની મહત્તા માટે ઝઘડા શકય છે. અને એમાં ઘણા બધા રીબાય છે. પરંતુ જેની પાસે જ્ઞાન છે. તે જયાં છે. ત્યાં મસ્ત છે. એને કોઈની પરવા નથી. માટે માધવાનંદ સ્વામીજીએ નાનપણથીજ સાચું રહસ્ય સમજી મહંતજીને નમ્ર પણે નિવેદન કરી અહીંથી જવાની રજા લેવી અને કાશી તરફ પ્રયાણ કરવું તેવું નક્કી કરે છે. પણ મહંતજી તેમને છોડવા તૈયાર નથી.

"મહાત્મા ભાગે રાતમાં" એ કહેવતના આધારે પૂજય સ્વામીજી ભીમનાથનાં મહંતની રજા વગર રાત્રીના સમયે કાશી જવા નીકળી પડે છે. તે વખતના વિકટ રસ્તાઓ વટાવતા આગળ વધે છે. ૧૨ વર્ષના માધવ બાળક અવસ્થામાં રાત્રિના ભયંકર બિહામણા વાતાવરણમાં પગે ચાલીને જતાં જરાપણ ડરતા નથી. જેના મનમાં એક જ દ્રઢ સંકલ્પ છે કે સમાજનું હિત થાય તેવું કરવું છે.



www.OmShreeMadhavanandji.org



વિકટ રસ્તાઓ પાર કરતા કાશી તરફ પ્રયાણ



વિરતા ગામના ઝવેરભા જેશંગભાના આંગણે માધવ

**"મેરું રે ડગે પણ જેના મનડા ડગે નહીં.....પાનબાઈ.**
**ભલે ને ભાંગી પડે બ્રહ્માંડ રે"..........**

રસ્તામાં ભૂખ તરસ લાગે તો ભીક્ષાટન કરતાં આગળ વધતા જાય છે. એ વખતે અજાણી ભૂમિમાં વિચરતાં, ભિક્ષા માગવા જતાં, માન અપમાનના ઘણા કડવા ઘૂંટડા ઉતારવા પડતા હતા. આ બધું સહન કરવાનું કારણ ફક્ત એક જ હતું કે સમાજ માટે કંઈક કરી છૂટવાની નેમ સાથે સંકલ્પ કરીને નીકળ્યા છે. ભલેને ગમે તે પરિસ્થિતિનો સામનો કરવો પડે તે સહન કરીશ. તે વખતે ઘણા સંપ્રદાયો હતા. મોટી પ્રસિધ્ધિ પામેલા સંતો, મહંતો હતા પણ કેવળ આશ્રમ કે મિલકતની ગાદીના વારસદાર માટે, જ્ઞાનથી નહીં, સાચી સમજણથી નહીં. માધવગરને તો સમાજમાં રહેલા દુષણોને રુઢતાની જડમાંથી ફસાયેલા લોકોને, શાસ્ત્ર પ્રમાણ સાથે પોતાની આગવી કોઠા સૂઝથી સન્માર્ગે વાળવા દ્રઢ સંકલ્પો કર્યા છે. એમાં પોતાનો કોઈ સ્વાર્થ નથી. કોઈ અપેક્ષા નથી.

**"નિરપેક્ષ સદ્‌ગુરું વિરલા કોઈ.**
**મેં દેખ્યા સબ જગમાં જોઈ ટેક.**
**સમ દ્રષ્ટિ સમ રસ ચિત્ત જા કે.**
**થાય ઉથાપન હોઈ,**
**અવિનાશી કે ઘર કી બાતાં**
**જાનેગે નર સોઈ...નિરપેક્ષ.**
**નિંદા સ્તુતિ શ્રવણ કરીને,**
**હર્ષ શોક નહિ આણે,**
**તે જગમાં યોગેશ્વર પુરા,**
**નિત્ય ચડતે ગુણ ખાણે...નિરપેક્ષ."**

કોઈપણ અપેક્ષા વગર, સ્વાર્થ વગર સમાજનું હિત કરવાનું જ લક્ષ છે.



www.OmShreeMadhavanandji.org

**"માર્ગ ભૂલેલા જીવન પથિક ને માર્ગ ચીંધવા ઊભો રહું,**
**કરે ઉપેક્ષા એ મારગની તોયે સમતા ચિત્ત ધરું.**
**દીન ક્રૂરને ધર્મ વિહોણા દેખી દીલમાં દર્દ રહે,**
**કરુણા ભીની આંખોમાંથી અશ્રુનો શુભ શ્રોત વહે.**
**મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુઝ હૈયામાં વહ્યા કરે...**
**શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે."**

દીનદુ:ખી અજ્ઞાની પામર જીવો ઉપર અકારણ કરુણાનું ઝરણું જેના હૃદયમાં વહેતું થયું છે એવાં માધવ આજ કાશી જવા ઘેલા થયા છે. ગમે તેવા સંકટો સામે આવે આ બધા સંકટોનો સામનો કરતા રમતા જોગીની જેમ આનંદથી આગળ વધી રહ્યા છે.

ભીમનાથથી નીકળી પગે ચાલતાં ચાલતાં રસ્તામાં અનેક ગામડાં આવે છે. તાપ, તડકો, ઠંડી સહન કરી આગળ વધે છે. સમયે સમયે માધુકરી કરે છે. અને પોતાની મસ્તીમાં આગળ વધે છે.


મહેસાણા જિલ્લાના વિરતા ગામે પધારે છે. ત્યાં વિરતીયા પરિવાર વસે છે. ભકત શિરોમણી શ્રી ઝવેરદાસ જેસંગદાસ પટેલ તથા ગામ લોકો શ્રી માધવગરને આવકારે છે. તેમને અઠવાડિયું મહેમાનગિરિ કરી રાખે છે.

ભીમનાથથી વિરતા સુધીનો લાંબો પંથ કાપ્યા પછી ગામ લોકોના આગ્રહને માન આપી માધવગર વિરતા રહે છે. સત્સંગ, ભજન કિર્તનમાં કયાંય દશ દિવસ પસાર થઈ જાય છે. અને કાશીનો મારગ પૂછી રજા માંગે છે. ઝવેરભાએ પણ ખૂબ ભાવભીની વિદાય આપતાં કહ્યું કે અરે? આટલી નાની ઉંમરેતમો કાશી કયારે પહોંચશો? કયાં કાશી અને કયાં ગુજરાત? ભલે ત્યારે તમારી જેવી ઈચ્છા! પણ! મારી એક વાત યાદ રાખજો, ભણીગણીને વિદ્વાન થઈ પુન: મારા વિરતા ગામને પાવન કરવા જરૂરથી પધારશો. આટલું કહી સજલ નેત્રે બાપજીને વિદાય આપી.


માધવગર તો મારગ પૂછતા જાયને આગળ વધતા જાય. બસ કાશી સુધી ચાલીને જ જવાનું હતું હૈયે હામ અને ધિરજ હતી. એ સમયમાં કાંઈ ગાડી, મોટર કે વિમાનની સુવિધાઓ ઓછી હતી. રોડ કે પાકા રસ્તાઓનો પણ આટલો વિકાસ ન હતો. એ વખતે આટલી વસ્તી વધારો પણ ન હતો. જેથી રોડ ઉપર કે રસ્તાઓ કે વેરાન પ્રદેશોમાં માણસોની આટલી અવર જવર જોવા મળે. દૂર દૂરના ગામડામાં જયારે પહોંચે ત્યારે માણસો મળે અને રસ્તાની પૂછ પરછ કરે. અને પંથ કાપતા જાય. નિર્જન જંગલો, વેરાન પ્રદેશો પસાર કરતાં વિકટ રસ્તા તથા હિંસક પ્રાણીઓનો સામનો કરી માધવગર કાશી પહોંચે છે.



www.OmShreeMadhavanandji.org



વિદ્યાપીઠ કાશીમાં ગંગા કાંઠે અવધૂત બાપજી
પાસે વિદ્યાભ્યાસમાં રત માધવ



બાર વર્ષનો વેદાભ્યાસ પૂરો કરી
ધર્મ પ્રચાર અર્થે ગુજરાત તરફ પ્રયાણ

આશુતોષ વિશ્વનાથની નગરીમાં પ્રવેશ કરતાં મા ભગવતી સલીલા ગંગામૈયાનાં દર્શનથી ધન્યતા અનુભવતા સ્થાન દેવનાં દર્શનનો લાભ લેવા માટે સ્વ પ્રાગટય જયોર્તિલીંગથી પ્રસિધ્ધિ એવા આશુતોષ વિશ્વનાથના દર્શનેજાય છે. જયાં મંદિરમાં પ્રવેશતાં જ જયોર્તિલીંગનાં દર્શન કરે છે. ત્યાં તેજ લીંગમાં માધવને અવધૂત બાપજીનાં દર્શન થાય છે. અને જાણે માધવને આવકાર આપી એમ કહેતા હોય એવું લાગે છે કે બેટા! તું આવી ગયો? ભાવ વિભોર માધવ આટલું જ બોલે છે. હા, બાપજી?

કાશી નગરી આપણા સનાતન ધર્મની પીઠ ગણાય છે. ત્યાં, વેદ, ઉપનિષદ, ન્યાય, મીમાંશા, સાંખ્ય યોગ ષડ્ દર્શનનોના શાસ્ત્રોકત અભ્યાસ થાય છે. જયાં મોટા પંડિતોને સંતો, મુનિવરો અનેક મહાત્માઓ વસે છે. તેમના ચરણ સેવીને અનેક મુમુક્ષુઓ શાસ્ત્રાભ્યાસ કરે છે. એવી આ કાશી નગરીની પ્રણાલીમાં માધવગર અહીં અવધૂત બાપજીના પુન: દર્શનથી ધન્યતા અનુભવતા તેમના સાનિધ્યમાં વેદ વેદાંત સાથે ગહન શાસ્ત્રોનો અભ્યાસ શરૂ કરે છે.

એમ કહેવાય છે કે આ રીતે ૧૨ વર્ષ સુધી કાશીમાં સનાતન ધર્મના રહસ્યને સમજવા ગહન શાસ્ત્રાભ્યાસ કર્યો. કાશીમાં ૧૨ વર્ષ શાસ્ત્રાભ્યાસ પૂરો કર્યા પછી હવે તેઓ માધવગર નથી રહ્યા. હવે તેઓ ભીમનાથની જગ્યાના નાનકડા મહંત નથી.

માધવગર હવે તો પૂર્ણબ્રહ્મજ્ઞાની થયા છે. "ब्रह्मविद ब्रह्मैव भवति" બ્રહ્મને જાણકાર સાક્ષાત બ્રહ્મ જ છે. હવે તેઓ અંધકાર દૂર કરી પ્રકાશ પાથરનાર શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુ પદની યોગ્યતાને પ્રાપ્ત કરી ચુકયા છે.

गुकारस्त्वन्धकारोस्ति, रुकारस्तेज उच्चते ।
अज्ञानग्रासकं ब्रह्म गुरुरेव न संशयः ।।

આ રીતે માધવગર ચતુર્થાશ્રમનાં દિક્ષા એટલે પૂર્ણ સન્યાસાં દિક્ષા પ્રાપ્ત કરી એક નવું નામ ધારણ કરે છે. જે આજે આપણે બધા ખૂબ આદરભાવથી નામ લઈએ છીએ. હવે તેઓ પૂર્ણ સન્યસ્ત થયા બાદ માધવગરમાંથી "પ.પૂ.સ્વામી શ્રી માધવાનંદ સાગરજી મહારાજ" થયા છે.આમ બ્રહ્મજ્ઞાન મેળવીને લોકહિતાર્થે સૌની વચ્ચે પાછા ફરે છે. સમાજમાં રહેલા જડ નિયમોનું નિકંદન કાઢવા, લોકોમાં રહેલી અંધશ્રધ્ધાને નાથવા, માર્ગ ભૂલેલાને સત્યરાહ પર લાવવા, પૂજય સ્વામીજી કાશીથી દેશાટન માટે પાછા ફરે છે.

પૂજય સ્વામીજી દેહથી કરીને અતિ દર્શનીય હતા. વિશાળ છાતી, વિતત સ્કંધ એ એમની પ્રતિભાને વિશિષ્ટતાથી શોભતા હતા.



www.OmShreeMadhavanandji.org

આજાનબાહું એવા સ્વામીજી ખૂબ પ્રભાવશાળી સરલ સ્વભાવના હતા. આવા સુંદર દેહમાં વળી બ્રહ્મજ્ઞાન મળ્યું પછી શું મણા રહે? સામાન્યમાં સામાન્ય માનવીથી માંડીને રાજા મહારાજાઓ સુધીના સૌ કોઈ સ્વામીજીના શિષ્ય થવામાં પોતાનું સૌભાગ્ય સમજતા હતા. પૂજ્ય સ્વામીજીનો ઉપદેશ પણ એટલો જ સરળને શુધ્ધ ઉચ્ચારણ મુકત હતો.

એમને તો પાપી-પુણ્યશાળી, ગરીબ-તવંગર એવો કશો જ ભેદ નથી. સૌમાં એક જ ચૈતન્ય વિલાસી રહ્યું છે. એવું જેઓ જાણે છે. તેઓના ચિત્તમાં હંમેશ સમત્વ સમાયેલું છે. સ્વામીજીનો મુખ્ય ધ્યેય એ હતો કે જે પ્રજા ગ્રામીણ છે કે જે છેવાડે રહે છે અને તેઓ ખોટાં વ્યસનોમાં દારૂ, માંસ વગેરેમાં ફસાયેલા છે ખોટા વહેમ, અંધશ્રધ્ધા, દોરાધાગા, દેવદેવીઓની બાધા આખડી, ભૂવા ભોપાળામાં, ખોટા રીત રિવાજોમાં, મોટપણમાં, ફેશનોમાં બંધાયેલા છે તેમને આગળ લાવવા અને તેમાંથી મુકત કરવાનો છે.

**હંસા! નિર્મળતા જેના નયનોમાં,**
**દ્વેષ દ્રષ્ટિના હોય લગાર...દુર્લભ એવા સંત છે.**
**હંસા! વાણી જેની છે અમૃત જેવી,**
**પીતાં આવે અમીના ઓડકાર...દુર્લભ એવા સંત છે.**
**હંસા! બ્રહ્મરૂપે ભાળે બ્રહ્માંડને**
**જેની વૃત્તિ અખંડ બ્રહ્માકાર...દુર્લભ એવા સંત છે.**
**હંસા! ભમરી જેવી જેની ભાવના,**
**કરી પોતાના રૂપ રાજી થાય....દુર્લભ એવા સંત છે.**

આવા પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં આવનાર સૌ કોઈ દર્શન - સ્પર્શથી પાવન થઈ ધન્યતા અનુભવતાં હતાં.

**દર્શનથી દુષ્કૃત્ય ટળે, સ્પર્શતાં પાવન થાય.**
**બ્રહ્મનંદ સુખ ઉપજે રે....આવરણ અવિદ્યા જાય...વારી.**

જેમના હૃદયમાં "वसुधैव कुटुंबकम्"ની પવિત્ર ભાવના છે. એવા પૂજ્ય સ્વામીજી કાશીથી ચાલતાં ચાલતાં ગુજરાત તરફ આવવા નીકળ્યા છે. કાશી જતાં જે વચન આપી ગયેલા તેવા મહેસાણા જિલ્લાના વિરતા ગામે, પૂર્ણ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શાસ્ત્રોકત વેદાન્તાચાર્ય બનીને ફરી



www.OmShreeMadhavanandji.org

બીજીવાર ઝવેરભાના મહેમાન થાય છે. ભકત શિરોમણી ઝવેરદાસ જેસંગદાસ પટેલના અતિ આગ્રહને માન આપી પૂજ્ય સ્વામીજી મહારાજ પ્રથમ ચર્તુમાસ માટે રોકાઈ જાય છે. ત્યાં નિયમિત સત્સંગ પ્રવચનનો અનેરો લાભ ભકતો હાંસે હાંસે લઈ રહ્યાં છે.

વિરતા ગામ પુષ્પાવતી નદીના કિનારે પંખીના માળા જેવું નાનકડું ગામ છે. તે ગામ પૂજ્ય સ્વામીજીના પાવન પગલે આજ તીર્થધામ સમુ શોભી રહ્યું છે. પૂજ્ય સ્વામીના સત્સંગમાં દિન પ્રતિદિન ભકતોની ભીડ વધતી જાય છે. પૂજ્ય સ્વામીજીના સત્સંગમાં "સત્-ચિત્ અને આનંદ" ની સાચી ઓળખ આપે છે. પ્રત્યેક હૃદયમાં રહેલો આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે જયારે જેથી વિપરીત શરીર એ નાશવાન તથા દુઃખરૂપ છે. માટે શરીરનાં સુખે સુખી થઈ ફૂલાઈ ન જવું. આજે શરીરની અનુકુળતા છે. માટે સુખી છે. કાલે પ્રતિકુળતાથી શરીરમાં રોગ થશે તો દુઃખ આવશે ત્યારે શું કરશો? શરીર આજે જુવાન છે. કાલે ઘરડું થઈ જશે. અને અંતે રાખમાં મળી જશે. માટે શરીરના સુખે સુખી નહીં અને શરીરના દુઃખે દુઃખી નહીં એમ આત્મભાવથી એક રસ રહેવાનો સાચો બોધ આપ્યો હતો.

**સુખમાં ફૂલશો નહીં, દુઃખમાં ડુલશો નહીં**
**એક રસ રહેજો રે મારા સહુને સચ્ચિદાનંદ!**
**આનંદમાં રહેજો રે .....મારા સૌને સચ્ચિદાનંદ**

દેહના ભાગ્યમાં જે સમે જે મળે તેમાં સંતોષ રાખી પ્રારબ્ધને આનંદથી ભોગવો અન્તે સ્વાત્માનુરાગી થવાનો ઉત્તમ બોધ પાઠવતાં કહે છે કે......

**દેહના ભાગ્યે જેવા જેને ફળ મળે રે,**
**તેને ભોગવવા આનંદ ભેર, ચિંતા રહિત જીવો પૂરી જિંદગી,**
**આત્માને અજર અમર જાણજો રે.....**
**સુખ સ્વરૂપ જાણો સદાય, ચિંતા રહિત જીવો પૂરી જિંદગી.**



www.OmShreeMadhavanandji.org

આ રીતે વિશુધ્ધ આત્મબોધ દ્વારા સમાજમાં રહેલી જડતાને કુરિવાજોથી મુકત કરવાનો સરળ ઉપદેશ આપ્યો હતો.

ભારતીય સંસ્કૃતિના સનાતન ધર્મના ગ્રંથો જેવા કે ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર અને ભગવત્ ગીતા, અને ભારતીય વાંગમય દર્શનના "પ્રસ્થાન ત્રયી" મૂળ ગ્રંથો કહેવાય છે. ભારતીય સંસ્કૃતિના તમામ ધર્મ ગ્રંથોમાંથી આ ત્રણ ગ્રંથોને તત્વ નિર્ણય માટે પ્રમાણિક માનવામાં આવે છે. આવા તાત્વિક અને અતિ તર્કશીલ ગ્રંથોને અતિ સરળ ભાષામાં ગામડાંના લોકોને ગામઠી ભાષામાં પૂજય સ્વામીજીએ પોતાની આગવી શૈલીમાં સમજાવવાની કોશિષ કરી છે. ખાસ કરીને દેહની મમતા દૂર કરવી અને દેહમાંથી હું પણું દૂર કરવાનો સાચો સદુપયોગ કરવા પ્રેરણા આપી છે. શરીરને ગમે તેટલું સાચવશો, તેલ, માલીશ કરશો કે શણગારશો તો પણ તે એક દિવસ ખાખમાં ખપી જવાનું છે.

**અંગે તેલ ફુલેલ લગાવે, માથે છોગા ઘાલેજી.**
**યૌવન ધનનું જોર જણાવે, છાતી કાઢી હાલેજી.**
**જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઈ હાલેજી.**
**બહાર તાકી રહી બિલાડી, લેતા વાર ન લાગેજી,**

માટે શરીરમાંથી હું ને મારું કાઢી આળશ ખંખેરી જેટલું શરીરથી સત્કર્મ થાય તેટલું કરી લેવું જોઈએ. આળસુ પ્રમાદી થઈ એકલા સૂઈ રહેવાથી શરીર સોનાનું નથી થવાનું? ગમે તેટલો દારૂ પાવ કે પછી બીડી, તમાકુના બ્યસન કરાવો છતાં શરીર એક દિન મરવાનું છે છે છે ને છે જ! માટે ખોટા બ્યસન, ફેસન, મોજ, મજા, શોખ છોડી ઉચ્ચ વિચાર સાદુજીવન એજ માનવનો સાચો ધર્મ! છે. શરીરના મોજ શોખ પૂરા કરવા માટે વિષયોની વાસના પૂરી કરવા માટે આપણે ગમે તેટલા વ્રત, તપ, જપ કરીએ, ઉપવાસ કરીએ, બાધા આખડીઓ રાખીએ આ બધું એક દિવસ મળ્યા પછી કાયમ રહેવાનું નથી. માટે આવા તુચ્છ પદાર્થો માટે ખોટું જીવન વેડફાઈ ન જાય તે માટે આત્મખોજની રીત બતાવી,

**તું કોણને કોણ છે તારૂં, તું કયાંનો ને કયાં જવાનો,**
**એ તત્વને સાંભળવા, તમે આવો સત્સંગ દ્વારે,**



www.OmShreeMadhavanandji.org

આ રીતે પૂજય સ્વામીજીએ વિરતામાં ચર્તમાસ દરમિયાન પોતાની આગવી શૈલીમાં સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીનો પણ બોધ આપ્યો. જે શિક્ષાપત્રીનો ઉલ્લેખ વિસ્તારથી કરેલ છે. ઝવેરભા પાસે બાપજી વિદાય માગે છે ત્યારે આખું ગામ ભેગું થયું છે. બાપજીના સત્સંગથી તરબોળ થયેલા બધા લોકો બાપજીને સજળ નેત્રો વિદાય આપે છે. અને પ્રાર્થના કરે છે કે બાપજી અમારા ગામમાં પીવાના પાણીની સમસ્યા છે. તો આપ કૃપા કરીને કંઈક આશીર્વાદ આપો. તો પીવાના પાણીનો પ્રશ્ન હલ થાય. એ જ વખતે પૂજય સ્વામીજી ગામના ગાંદરે આવેલા અને જયાં ઊભા હતા ત્યાં જ હાથથી ઈશારો કરી કહ્યું કે અહીં ખોદકામ કરજો તમને મીઠું પાણી પીવાનું મળી રહેશે. બાપજીના ગયા પછી ગામ લોકોએ ભેગા મળી ત્યાં કૂવો ખોદવાનું કામ શરૂ કર્યું તો અંદરથી બાંધેલો તૈયાર કૂવો નીકળી આવ્યો. તે અત્યારે હાલ પણ મોજૂદ છે. તે પીવાના પાણી માટે પ્રસાદી રૂપે ગામ લોકો વાપરે છે. જતાં જતાં પૂજય ઝવેરભાને મુખ્ય ત્રણ રોગની દવા આશીર્વાદ રૂપે આપતા ગયા. જેવી કે - (૧) ગડ-ગુમડ કે ગાંઠ (ગળીયો) (૨) ક્ષય (ટી.બી) (૩) કસુવાવડ આ રોગની દવા બતાવતાં કહ્યું કે તમારા પરિવારમાંથી કોઈ પણ પુરુષ (આપણો સેવક) દવા આપશે. તો દર્દીને રોગ મટી જશે. અત્યારે હાલ પણ વિરતા માધવાનંદ આશ્રમમાં આ દવા નિ:શુલ્ક આપવામાં આવે છે. ઘણા દર્દીઓ પૂજય સ્વામીજીના આવા આશીર્વાદથી હસતા હસતા પોતાને ઘરે જાય છે.

" शरीरमाद्यं खलु धर्म साधनम् "

શરીર એજ સાચું ધર્મનું સાધન છે. માટે-

'પહેલું સુખ તે જાતે નર્યા' ની ઉકિત પ્રમાણે જો શરીર નીરોગીને સશકત હોય તો મનુષ્ય સઘળા કાર્ય કરી શકે છે. શરીર જ કામ ન આપી શકે તો કશું થઈ શકતું નથી. માટે જ પૂજય સ્વામીજી ખોટા ઉપવાસ કરી ભૂખ્યા રહી પ્રકૃતિ વિરુધ્ધ કામ કરવાની ના પાડતા હતા. આવી રીતે પૂજય સ્વામીજી શરીરને સાચવવાનું કહેતા. પણ શરીરમાં મોહ કરવાની ના પાડતા દેહના ખોટા મોહમાં આળસી પ્રમાદી થઈ જીવન ખોટું ખોવાઈ ન જાય તે માટે ખાસ ભાર મુકતા હતા.



www.OmShreeMadhavanandji.org

આવી રીતે પૂજય સ્વામીજીએ પોતાની આગવી કોઠાસૂઝથી ગામઠી ભાષામાં શાસ્ત્રના આધારે લોક હિતાર્થે ભકત જનોને જીવન વ્યવહાર ઠીક રીતે ગોઠવી શકે તે સારું એક શિક્ષાપત્રી પણ લખી છે કે જે **"સચ્ચિદાનંદની શિક્ષાપત્રી"** કહેવાય છે. અત્યારે હાલ પણ પ્રુફ રૂપે વડોદરાના પ્રસિદ્ધ પ્રાચ્ય વિધામંદિરમાં પોથી સંગ્રહમાં તેની બે હસ્ત લિખિત પ્રતો છે. ગુજરાતના વિદ્વાન સાક્ષર અને સંશોધક ડૉ. મંજુલાલ મજમુદારે **"અખંડ આનંદ"** માસિકના નવેમ્બર ૧૯૫૬ના અંકમાં એ લેખ પણ લખેલો છે. મધ્યકાલિન ગુજરાતી ગદ્યના નમૂનાની શોધને અંગે અનેક પોથીઓ ઉથલાવતાં આ નવી **"શિક્ષાપત્રી"** ની ભાળ લાગી છે. જેનાથી એક નવો જ સંપ્રદાય ગુજરાતમાં અસ્તિત્વમાં હોવાનું જાણવામાં આવે છે.

**"શ્રી સચ્ચિદાનંદની શિક્ષાપત્રી"** ના પ્રેરક કોઈ સચ્ચિદાનંદ માધવાનંદ ગુરુ છે. ગુરું કયારે થઈ ગયા અને ગુજરાત કે સૌરાષ્ટના કયા સ્થળમાં તેઓ રહેતા હતા તેની માહિતી પ્રાપ્ત નથી. આ સંપ્રદાયના માન્ય ગ્રંથો માટે નીચે પ્રમાણે **"શિક્ષાપત્રી"** માં ઉલ્લેખ છે.

ડૉ. મંજુલાલ ર. મજમુદારે પોતાના લેખમાં આખી શિક્ષાપત્રી તથા ગુરુગીતા, ગુરુ પંચ્ચક, ગુરુ અષ્ટક, બે ઘોળ વગેરે સહિત સચ્ચિદાનંદ માધવાનંદ નામના સંપ્રદાયનો બહોળો પરિચય આપ્યો છે.

૧૯૫૬ના લખાએલા આ લેખના લેખક સચ્ચિદાનંદ સંપ્રદાય વિશે જાણતા નથી. એ આશ્ચર્ય છે. **"ગુરુગીતાસ્ત્રોત્ર"** ની એક ગુજરાતી ગદ્ય ટીકાવાળી પોથી અંક ૮૨૦૧ **"પ્રાચ્યવિધામંદિર"** માં છે. જયાં ટીકાકાર માધવાનંદ ગુરુને નમસ્કાર કરે છે-

नत्वा श्री माधवानंदं सच्चिदानन्दमुक्तिदम्।
गुर्जराणां सुबोधाय श्लोकार्थः प्रकटी कृतः ॥


આ પરથી આટલું સમજાય છે કે પૂજય શ્રી માધવાનંદજીએ સ્વસ્થાપિત સંપ્રદાય કહો તેમ, અથવા સનાતન ધર્મ કહો કે વૈદિક ધર્મ કહો તો તેમ ધર્મના અભ્યુદય માટે પુરુષાર્થ કર્યો છે.



www.OmShreeMadhavanandji.org



ગામડે ગામડે હરિભક્તોને ધર્મનું રહસ્ય સમજાવતાં પૂ. શ્રી માધવાનંદ સ્વામીજી



પૂ. સ્વામીજીના ચરણે જોધપુરના નરેશ

પ.પૂ. સ્વામીજી સનાતન ધર્મનો પ્રચાર કરતા કરતા વચ્ચે ઈસનપુર (મોટા) અમદાવાદ થઈ આંકરું, નાવડા ચમારડી વગેરે સ્થળોએ ધર્મનો ઉપદેશ આપતા જાય છે. ને મૂઢ જીવોને સન્માર્ગે વાળતા જાય છે.

એક વખત જોધપુર (રાજસ્થાન) પધારેલા. ત્યાં ના જોધપુર નરેશ પૂજ્ય સ્વામીજીના પરમ ભકત હતા. પરમ પૂજ્ય સ્વામીજીનો સત્સંગ પૂરો થયો એટલે જોધપુરના મહારાજએ પૂજ્ય સ્વામીજીને પોતાને ઘેર પધરામણી માટે વિનંતી કરી. વિનંતીને માન આપી પ.પૂ.સ્વામીજી તેઓ શ્રી ને ઘેર પધાર્યા. જોધપુર નરેશ ગુરુ મહિમાને સમજી તેઓશ્રીની સેવા પૂજા કરવા ભાવ વિભોર થયા છે.

**ધન્ય આજની ઘડી(૨) સંત પધાર્યા પ્રેમે પાવન કીધા.**
**થયો આનંદ અપાર (૨) દયા કરીને અમને દર્શન દીધા.**

ગુરુના ચરણોમાં અડસઠતીર્થ વસે છે. ગુરુનાં જ્ઞાન વગર માણસને મોક્ષ મળતો નથી. માટે ગુરુદેવને રાજી કરવા જોધપુર નરેશ પૂજ્ય સ્વામીજીને રીઝવે છે.

**ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિં, પૂજા મૂલં ગુરોઃપદમ્,**
**મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃકૃપા,॥**
**પ્રથમ નમું ગુરુદેવને જેણે આપ્યું આતમ જ્ઞાન,**
**જ્ઞાને ગોવિંદ ઓળખ્યા. ટળ્યું દેહાભિમાન,**
**ગુરુ ગોવિંદ દોનો ખડે, કિનકો લાગું પાય,**
**બલિહારી ગુરુદેવકી જીને ગોવિંદ દીયો બતાય,**

આવા ઉપકારનો બદલો ચૂકવવા માટે ગુરુદેવની સેવા પૂજાને એમનાં ગુણગાન સિવાય બીજો કોઈ માર્ગ નથી.

**ગુરુ પદ પંકજ પૂજતાં ચૌદે લોક પૂજાય, ।**
**શિવ વિરંચીને શારદા મારા ગુરુ તણા જશ ગાય. ॥**



www.OmShreeMadhavanandji.org

આવા પવિત્ર ભાવથી પૂજ્ય સ્વામીજી મહારાજનું ચરણોદક પાન કરી અન્તે દાન દક્ષિણા તથા વસ્ત્ર અપર્ણ કરવા થાળ મંગાવ્યો. પરંતુ પૂજ્ય સ્વામીજીએ ના પાડી કે આમાંથી મારે કોઈ પણ વસ્તુની જરૂર નથી. બીજા કોઈ સાધુ સંતોને જરૂર હોય તો તેમને આપજો. મને જરૂર પડશે ત્યારે જોઈતીં વસ્તુ હું અવશ્ય સ્વીકારીશ. પરંતુ અત્યારે જરૂર નથી. આનું નામ છે ત્યાગ??? **" વણ જોઈતું નવ સંઘરવું"**

પૂજ્ય સ્વામીજી મહારાજ કોઈ પણ વસ્તુ ભેટ આવે તેને પૂરે પૂરી વાપરવાનો આગ્રહ રાખતા સંગ્રહ કરવા નહીં. કોઈ પણ વસ્તુનો બીન જરૂરી સંગ્રહએ આસકિત તથા લોભનું પ્રતિક છે. સંગ્રહ કરનાર વૈરાગ્યવાન ન બની શકે.


જોધપુર નરેશે આપેલી ભેટ પૂજ્ય સ્વામીજીએ સ્વીકારી નહીં તેથી તેમને મન દુઃખ તો થયું પણ શું કરે? છતાં પણ આગ્રહ પૂર્વક એક ગરમ શાલ આપતાં કહ્યું. બાપજી ઠંડીનો સમય છે આપને ઠંડી ન લાગે એટલે એક શાલ જરૂર સ્વીકારો. રાત્રે ઠંડીમાં ઓઢવા કામ લાગે. પરંતુ પૂજ્ય સ્વામીજીએ જોધપુર નરેશને કહ્યું કે મનની ખોટી કલ્પનાઓનો ત્યાગ કરી તમારુ મન મને આપી દો. અને ગુરુની આજ્ઞા પ્રમાણે બ્યવહાર કરો. એજ સાચી દક્ષિણા છે. આમ કહી શાલ પાછી આપી. હવે શું થાય પરંતુ મહારાજનાં હૃદયમાં ખૂબ ભાવ હતો કે બાપજી મારી આપેલી આ સાલ સ્વીકારે તો સારું પરંતુ બાપજી ઊભા થઈ આગળ નીકળી ગયા. ત્યાં પૂજ્ય સ્વામીંજીનાં સાથે શાસ્ત્રીં સ્વામીં એમના એક શિષ્ય સાથે રહેતા હતા. જેમનું નામ આનંદગિરિ હતું. જોધપુરના મહારાજાએ આ શિષ્યાનંદગિરી એટલે શાસ્ત્રી સ્વામીજીનો હાથ ઝાલ્યો અને જબરજસ્તીથી કિંમતી શાલ આપતાં કહ્યું અરે...

બાપજી પાસે ઓઢવાનું કાંઈ નથી અને અહીં ચાલતા જતાં રસ્તામાં કયાંક રાત વાસો કરતી વખતે રાતની ઠંડીમાં ઓઢવા બાપજીને આપજો. આ રાજસ્થાનની કડકડતી ઠંડી રાતના કેમ સહન થાય? બાપજી ! ભલે ના પાડે ?? તમ તમારે લઈ જાવ બાપજીની સેવામાં વાપરજો. આમ કહી ખૂબ આગ્રહ કરી શાલ શાસ્ત્રી સ્વામીને પરાણે આપી દીધી.


આગળ જતાં રસ્તામાં એક પાણીની વાવ આવી. જૂના વખતમાં વટેમાર્ગુઓને પાણી પીવા લોકો વાવનું પાણી વાપરતા. વાવ તળે એક ઝાડની છાયામાં આવી બાપજી વિસામો લેવા રોકાયા. પાછળ પાછળ શાસ્ત્રી સ્વામી પણ આવતા હતા. શાસ્ત્રીને જોઈને સ્વામીજી કહેવા



www.OmShreeMadhavanandji.org



પૂજ્ય સ્વામીજીની ભાવભક્તિથી પૂજા કરતા જોધપુર નરેશ



ચાદર અર્પણ કરતા જોધપુર નરેશ

લાગ્યા કે આપણે અહીં રાત્રી રોકાઈ જઈએ. હવે સાંજ થવા આવી છે. એટલે રાત્રે અહીં આરામ કરીએ. અહીં પાણીની સુવિધા છે એટલે કાંઈ વાંધો નહીં. તરત જ શાસ્ત્રી સ્વામીજીએ પેલી શાલ જે રાજાએ આપેલી હતી તે કાઢી, પૂજ્ય સ્વામીજીને બેસવા માટે પાથરી આપી પણ આ શું? તુરંત બાપજીએ શાસ્ત્રી સ્વામીજીને કહ્યું કે આ શાલ તો મેં લેવાનીના પાડેલી છતાં તેં કેમ લીધી? આપણે આવી શાલની જરૂર નથી? પરંતુ શાસ્ત્રી સ્વામીજીએ કહ્યું બાપજી રાજાએ મને પરાણે આ શાલ આપી છે. મેં લેવાની ના પાડી છતાં મારો હાથ પકડી મારી ઝોળીમાં નાખી દીધી. પરંતુ બાપજીએ કહ્યું કે રાજાએ તને શાલ પરાણે આપી ઝોળીમાં નાખી દીધી તોતે શાલને જોળીમાંથી કાઢી પરાણે રાજાને કેમ પાછી ન આપી? બસ આનો શાસ્ત્રી સ્વામીજી પાસે કોઈ જવાબ નહોતો. તદ્દન મૌન રહી પોતાની ભૂલ સ્વીકારી હાથ જોડી. પૂજ્ય બાપજીના ચરણોમાં પ્રણામ કરી ક્ષમા માંગી છે.
બાપજીએ કહ્યું કે સામે વાવના ટોડલે શાલ મુકી દે જે કોઈ વટેમાર્ગુ આવશે. જેને જરૂર હશે તે લઈ લેશે. પણ? તેં મારી આજ્ઞા વગર શાલ લીધી છે. માટે તારે આનું પ્રાય:શ્ચિત કરવું પડશે? સાચા ત્યાગનું સ્વરૂપ શું છે? એતો તને તારા પ્રાયશ્ચિત કર્યા પછી જ સમજાશે. સમુદ્ર કિનારે વાઘેર લોકોની વસ્તી છે. ત્યાં જઈ પાંચ વર્ષ સુધી માધુકરી રૂપે ભીક્ષા દ્વારા રહીને તારૂં પ્રાય:શ્ચિત પુરું કરીને પછી મને મોં દેખાડ જે. જા આવી આકરી કઠોર શિક્ષા કરી. એક શબ્દ પણ બોલ્યા સિવાય સ્વહર્ષ સ્વીકારી બાપજીનાં ચરણોમાં પ્રણામ કરી **"ગુરુ આજ્ઞા શીરોમાન્ય"** રાખી ને તેજ ઘડીએ ત્યાંથી પ્રાયશ્ચિત માટે નીકળી પડે છે.

આ રીતની શિક્ષા કરવાનું કારણ શું છે? એ શાસ્ત્રી સ્વામીનો ટૂંકો પરિચય આ ઉપરથી આવી જશે.

પૂજ્ય સ્વામીજી મહારાજ અદ્વૈત વેદાન્તનો સંદેશ ગામડે-ગામડે, ઘરે-ઘરે પહોંચાડવા વિચરણ કરતાં કરમસદ, લીંબાસી, સોજીંત્રા થઈ નડીયાદમાં પધારે છે. તે વખતે દેસાઈ કુટુંબના પાટીદાર, સુશિક્ષિત, સંસ્કારી અને રાજ દરબારમાં પણ સારી શાખ (વગ) ધરાવતા હતા. કાકરખાડ, લખાવાડ વગેરે લત્તામાં પણ પ્રતિષ્ઠિત પાટીદારોનાં કુટુંબો વસતા હતાં તે સર્વે લોકોને માન આપી પૂજ્ય સ્વામીજી અદ્વૈત વેદાન્તમાં સત્સંગનો લાભ આપતા હતા. તે અરસામાં બાપજીને સત્સંગમાં એક દિવસ શાસ્ત્રોના જ્ઞાતા એવા એક બ્રાહ્મણ સ્વામીજી પાસે



www.OmShreeMadhavanandji.org

પાસે આવે છે અને નમ્રભાવે પૂજ્ય સ્વામીજીને પૂછે છે કે હે! પૂજ્ય સ્વામીન્ આપના સત્સંગમાં જે કંઈ આપશ્રીએ સંભળાવ્યું તે સર્વ હું સારી રીતે જાણું છું. પરંતુ આપના ચિત્તાની વૃત્તિ જેટલી શાન્ત છે. આપનું મન જેટલું સ્થિર છે એ આપના સૌમ્ય મુખારવિંદ પરથી જ જણાઈ આવે છે આપના સહવાસમાં અમને જે શાંતિ થાય છે તેવી શાંતિ અમારી કાયમ નથી રહેતી. આપનું મન સ્થિર રહે છે. તેમ અમારું મન સ્થિર કેમ નથી રહેતું? અમારા મનને સ્થિર કરવા શું કરવું જોઈએ?

ત્યારે પૂજ્ય સ્વામીજી મહારાજે કહ્યું કે ભાઈ તમો જિજ્ઞાસુ છો તેથી સાવધાન થઈને એકાગ્ર થઈને સાંભળો.

अभ्यासवैराग्याभ्यां तन्निरोधः ।

અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા મનને સ્થિર કરી શકાય છે. તમે જે ભકિત કરો છો તે પૂર્ણભાવે કરો છો? કે પછી પરિછિન્ન ભાવે? આવેલ બ્રાહ્મણ શાસ્ત્રી કહે છે. બાપજી પરિછિન્ન ભાવે ભકિત કરું છું. પૂર્ણ ભાવે હજુ કરી શકતો નથી.

ત્યારે પૂજ્ય સ્વામીજીએ કહ્યું કે અરે ભાઈ! મનને લગાડવા પૂરતું અજ્ઞાની પામર માણસો માટે મહાનુંભાવોએ મૂર્તિની કલ્પના કરેલી છે.

"अज्ञानां परिभावाय मूर्ति परिकल्पिता" ।

મનને પ્રભુ ભકિત તરફ લગાડવા માટે મૂર્તિની જરૂર છે પરંતુ ક્રમે-ક્રમે કરીને ઈષ્ટને વ્યાપક પૂર્ણ અખંડભાવે ભજવાથી મનની સ્થિરતા થાય છે.


"इशावास्यमिदं सर्वम्" (ઉપનિષદ)
"हरिव्यापक सर्वत्र समाना" (રામાયણ)
"सर्व खलिदम् ब्रह्म" (શ્રુતિ)
"सर्व विष्णुमयं जगत्" (પુરાણ)

વગેરે શાસ્ત્ર પ્રમાણોથી પ્રભુને પૂર્ણ વ્યાપક અખંડ રૂપે ભજવાથી મન જયાં જયાં જાય ત્યાં પ્યારા પ્રભુ બિરાજમાન છે. એવો ભાવ દ્રઢ થવાથી મન સ્થિર થાય છે. માટે તમે વિવેક વૈરાગ્યવાન થઈ બ્રહ્મભકિત કરો અવશ્ય મન શાન્ત થશે.


આવો નિર્મળ ઉપદેશ ગ્રહણ કરી શાસ્ત્રીજી તો ઘરે ગયા. શાસ્ત્રીજી તો પૂજ્ય સ્વામીજીના ઉપદેશ અનુસાર ભકિતનો અભ્યાસ કરતાં મનને સ્થિર કરવા લાગ્યા. પણ પ્રભુના ધ્યાન સ્મરણ કરતા કરતા કયારેક મન સ્થિર થાય અને કયારેક પાછું સંશયવાળુ થાય છે. જો પરમાત્મા સર્વત્ર હોય તો પછાં સારા નરસાનો ભેદ કેમ થાય છે ? જો



www.OmShreeMadhavanandji.org



અપરિગ્રહતા અને વૈરાગ્યનું સ્વરૂપ સમજાવતા પૂજ્ય માધવાનંદ સ્વામીજી



પ્રાયશ્ચિત પૂર્ણ કરી પુનઃ ગુરુ ચરણે આવતા શાસ્ત્રી સ્વામી

વિષયોમાં સુખ નથી તો પછી હજારો મનુષ્યો આ વિષયની પાછળ કેમ દોડે છે ? આવા પ્રશ્ન સાથે શાસ્ત્રીજી ફરી પૂજય સ્વામી પાસે આવીને પૂછે છે કે હે બાપજી વ્યાપક બ્રહ્મનું ધ્યાન કરવાથી મન સ્થિર થાય છે. પરંતુ હજી વ્યાપક બ્રહ્મભાવ તથા વૈરાગ્ય દ્રઢ થતા નથી તો શું કરવું જોઈએ?

પૂજય સ્વામીજી એમનો સંશય દૂર કરવા કહે છે કે થોડા દિવસ સાથે રહો સમય આવશે ત્યારે જરૂર દ્રઢ થઈ જશે.

પરમ જિજ્ઞાસુ હોવાથી શાસ્ત્રી, પૂજય સ્વામીજી મહારાજની સેવામાં રહ્યા તેથી તેમને સ્વામીજીની બ્રહ્મનિષ્ઠા અને વૈરાગ્યનો પ્રત્યક્ષ અનુભવ થયો. તેથી પૂજય સ્વામીજીને એમણે પ્રાર્થના કરી. હે! પ્રભુ! સદાને માટે આપને ચરણે શરણું આપો. ને જીવનમુકિતનો લાહવો આપો. આવી વિનંતીને સાંભળી પૂજય સ્વામીજીએ એક વર્ષ પછી યોગ્ય અધિકારી જાણીને યોગ્ય સમયે સંન્યાસીની જીવનમુકિતની દિક્ષા આપી. અને તેમનું નામ આનંદગિરિ રાખ્યું. તેઓ શાસ્ત્રીતો હતા જ એમાં બ્રહ્મનિષ્ઠાવાળા વિરલ ગુરુના સમાગમથી પરિપકવ કરીને પૂર્ણતાને પામ્યા. બસ! આજ શાસ્ત્રી સ્વામીજી કે જેમને ગરમ શાલની બાબતમાં પાંચ વર્ષની શિક્ષા કરી હતી. એવા શાસ્ત્રી સ્વામી ગુરુના વચનમાં વિશ્વાસ રાખી અતૂટ શ્રધ્ધા રાખી પાંચ પાંચ વર્ષ સુધી સમુદ્ર કિનારે નાઘેર લોકોની વસ્તીમાં રહીને ખૂબ તપશ્ચર્યા પૂર્ણ પ્રાયશ્ચિત કર્યુ હતું.

**જેને ગુરુ વચનમાં વિશ્વાસ તેને ન રહે જમનો ત્રાસ,**
**વિશ્વેશ્વરના વચન વિચારે વર્તે બારે માસ,**
**વાકય વિરોધ ન બોલે મુખથી કરે સંતોમાં વાસ...જેને**

આવા દ્રઢ વિશ્વાસ સાથે પોતાનું પ્રાયશ્ચિતપૂર્ણ કરીને જયારે પાછા પધાર્યા ત્યારે પૂજય સ્વામીજી ચમારડી મુકામે બિરાજમાન હતા. પૂજય શાસ્ત્રી સ્વામી ચમારડી મુકામે ગામના પાદરથી જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા કરતા આવે છે.

પાંચ-પાંચ વર્ષના ત્યાગ અને તપસ્યાના બળથી સમર્પણનું એક અનોખું ફૂલ ખીલી ઊઠયું છે પાંચ પાંચ વર્ષથી ગુરુદેવનાં દર્શન વગરની આંખો તલપાપડ થઈ રહી છે. ત્યારે પૂજય ગુરુદેવના ચરણે જતાં પ્રત્યેક દંડવત્થી શાસ્ત્રી સ્વામીજીનું હૈયું હિલોળા લેતું જાય છે. હૈયે હરખમાતો



www.OmShreeMadhavanandji.org


નથી. ચમારડીના પાદરથી ધૂળમાં આજ શાસ્ત્રી સ્વામી આળોટતાં આળોટતાં ભાવવિભોર બન્યા છે. અહોહો ધન્યભાગ્ય આ ગામની પાદરની રજને કે તે બહુ બડભાગી છે કે અહીં પૂજય ગુરુદેવે કેટલીએ વખત આ ધરતી ઉપરથી આવ જા કરી હશે. તેમના ચરણના સ્પર્શથી આ ધરતીની ધૂળ મને પવિત્ર કરી રહી છે. હે પ્રભુ! ધન્ય છે આ ધરતીની ધૂળને આમ વિચારીને જયાં ઊંચે નજર કરી ત્યાં તો, જાણે! જ્ઞાનમાં ઉચ્ચ શિખરની મહિમા ને મૂર્તિમંત રૂપ પ્રદાન કરે એવો ચમારડીના ડુંગરના એક શિખર ઉપર બાપજીના આશ્રમમાં ધજાનાં દર્શન કરતાં સજળ નેત્રે ગદગદ્ થયા છે નેત્રોમાં હર્ષનાં અશ્રુઓ ઊભરાય છે. આમ જયાં આગળ વધી રહ્યા છે. ત્યાં તો ચમારડી ગામના ભાવિક ભકતો શાસ્ત્રી સ્વામીજીનાં દર્શને ઊમટી પડયા છે. ગામના આબાલવૃધ્ધ સર્વે ભકતો પૂજય શાસ્ત્રી સ્વામીની અડગ ગુરુ ભકિતને સમર્પણની પવિત્ર ભાવનાનાં દર્શન કરી ભાવ વિભોર થયા છે.

**તન મન ધન જેણે સોંપિયા સદ્ગુરુજીને હાથ,**
**કહે પ્રિતમ તે પામીયા બ્રહ્મપદનો રે સાથ...**
**સાંભળ શુધ્ધ ચિત્તે કરી.**

પોતાની ભૂલનું પ્રાયશ્ચિત કરી પૂજય શાસ્ત્રી સ્વામી અત્રે પધાર્યા છે એવા સમાચાર આખા ગામમાં વાયુ વેગે ફેલાઈ ગયા. આમ બેચાર ભકતો દોડતા પૂજય સ્વામીજી મહારાજને સમાચાર આપવા ડુંગર ઉપર આશ્રમે ગયા અને કહ્યું...બાપજી શાસ્ત્રી સ્વામીજી આવે છે. આપના દર્શને દંડવત્ કરતા કરતા આવે છે. બસ અહીં નજીક આવી ગયા છે. તુરંત બાપજી ઊભા થયાને આશ્રમના દરવાજે આવી ઊભા શાસ્ત્રી સ્વામીના ત્યાગ અને સમર્પણને વારી જતાં ચમારડીના પહાડના શિખર ઉપરથી ઊભા ઊભા બાપજી મનોમન જાણે એવા આશિષ આપે છે કે દેહના અભિમાન મુકી જે નમ્રતાથી ચાલે છે. એજ આ ઉચ્ચ જ્ઞાનના શિખરને સર કરી શકે છે.



www.OmShreeMadhavanandji.org



શરણાગત વત્સલ પૂજ્ય માધવાનંદ સ્વામીજી

પ.પૂ. સ્વામી મહારાજે સામેથી આવતા શાસ્ત્રી સ્વામીજીને જોઈને ભાવ વિભોર થઈ ગયા અને હૃદયમાંથી એકદમ ઉદ્‌ગારો નીકળ્યા કે ધન્ય છે બેટા ! તને ધન્ય છે? તને ધન્ય છે........

**ઊંચા સબ કોઈ ચલે નીચા ચલે ન કોય,।**
**જો નીચા સબ સે ચલે સો સબ સે ઊંચા હોય ॥**

"विधा ददाति विनय, विनयात् याति पात्रताम्"

આમ જયાં પ્રસન્ન ચિત્ત સાથે બાપજીના હૃદયમાંથી આશીર્વાદના ફૂવારા છૂટી રહ્યા છે. ત્યાં જ દોડતા આવતા પૂજય શાસ્ત્રી સ્વામીજીએ સદગુરુવર્ય શ્રી માધવાનંદ સ્વામીજીના ચરણોમાં મસ્તક મુકયું. એજ વખતે પૂજય સ્વામીજી મહારાજ શાસ્ત્રીને બે હાથે પકડી ઊભા કરી બાથમાં લઈ ભેટી પડયા છે. બધા જ ભાવિક ભકતોની વચ્ચે ગુરુ શિષ્યનાં મિલનના દ્રશ્યમાં અદ્‌ભૂત વાતાવરણ ઊભું થયું છે. જાણે માનો કે એક ગાગર સાગરમાં ભળી ગઈ. એક મેક થઈ ગઈ છે. લવણ પૂતળી સાગરમાં સમાઈ ગઈ હોય એવું અદ્‌ભૂત અદ્વૈત શ્રૃંગારનો ઓપ આપે એવું વાતાવરણ ઊભું થયું છે. આવા સમયે શ્રી શિષ્યાનંદગિરિ (શાસ્ત્રી સ્વામીજી) પૂજય સ્વામીજીના ચરણોમાં સ્તુતિ કરે છે.--

**લસદ્યાતરંગકં ક્ષમારવિંદ શોભિતમ્ ,**
**યતીન્દ્રહંસસેવિતં ભજામિ માધવંનદમ્. ૧**
**વિવેકરત્નભારિણં ભવાર્તિતા પહારિણમ્**
**યતીન્દ્રહંસસેવિતં ભજામિ માધવંનદમ્ ૨**
**યદર્થમેવ ભાવિતં તદર્થમેવ દાયિનમ્**
**યદંઘ્રિરકતપંકજં ભજામિ માધવંનદમ્ ૩**
**શ્લોકત્રયમિદં પુણ્યં બ્રહ્માનન્દ પ્રદાયકમ્,**
**યઃ પઠેત્પ્રાતરૂત્થાય સ ગચ્છેત્પરમં પદમ્. ૪**

ઈતિ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીમતસ્વામી માધનાનન્દ
પૂજયપાદ પ્રમુખ શિષ્ય શાસ્ત્રિસ્વામી વિનિર્મિતં
શ્રી સદગુરુ પ્રાતઃ સ્મરણસ્તોત્રં સમ્પૂર્ણમ્ ।।

****



www.OmShreeMadhavanandji.org

શાસ્ત્રી સ્વામીજીએ બાપજીના સ્તુતિયુક્ત અનેક સ્તોત્રોની રચનાઓ કરી છે. આજે પણ આપણે બધા કેટલા આદર ભાવથી ગાઈએ છીએ. આવા પૂજ્ય સ્વામીજીનો જ્ઞાનનો બહોળો પ્રચાર થાય એ હેતુથી સમાજમાં ઉપકાર માટે યોગવસિષ્ઠ રામાયણની ઉપર ગુજરાતી ટીકા ખૂબ સરળ ભાષામાં લખી છે. તે ઉપરાંત આદ્ય શંકરાચાર્ય વિરચિતં, મણીરત્નમાળા ઉપર શાસ્ત્ર પ્રમાણ પુનઃસર વ્યાખ્યાન લખેલ છે. ગુરુ ગીતાની ટીકા તથા શિવાગીતા વગેરે ગ્રન્થ ઉપર સરળ ગુજરાતીમાં ગામડાનાં લોકોને સમજાય તે હેતુથી સ્વહસ્તે લખેલા છે. આ બધા ગ્રંથો આજ પણ પ્રસાદી રૂપે આકરું ગામના આશ્રમમાં છે. દર્શનાર્થીઓ હજુ પણ આ પ્રસાદીરૂપ ગ્રન્થોનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે.

પૂજ્ય શાસ્ત્રી સ્વામીજીએ સદ્‌ગુરુવર્ય શ્રી માધવાનંદ સ્વામીજીના ચરણોમાં જ એમની સેવામાં જ આખું જીવન ગાળ્યું છે. તેઓ પૂજ્ય સ્વામીજીના નિર્વાણ પહેલાંજ સ્વસ્વરૂપમાં લીન થઈ ગયા. તેઓશ્રીની સમાધિ ઉંચડી ગામમાં તળાવની પાળે મહાદેવના મંદિર પાસે આવેલી છે. જેનાં દર્શને આજે ય લોકો ભાવથી જાય છે. ઉંચડી ગામ ધંધૂકાની પાસે આવેલું છે.

શાસ્ત્રી સ્વામીજીના ચિર વિદાય પછી પૂજ્ય સ્વામીજી પોતાનું કર્તવ્ય સંભાળતા ગામડે ગામડે પરિભ્રમણ કરતા પરિવ્રાજક પદને વિભૂષિત કરી રહ્યા છે.

પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત પરિવ્રાજકાચાર્ય સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ સમાજમાં રહેતા સાંપ્રદાયિક રુઢીવાદમાં ફસાયેલા જડ જેવા જીવોનો ઉધ્ધાર કરવા અને સમાજમાં સત્યને સ્થાપિત કરવા આગળ વધી રહ્યા છે તે વખતે સમાજમાં અંધશ્રધ્ધા, અંધ વિશ્વાસ, વહેમ, ભૂવા ભોપાળા જેવા અનેક રુઢીવાદમાં લોકો ફસાયેલા હતા. તેમાંથી લોકોને કેવી રીતે ઊગારવા તેના માટે સ્વામીજીની ઊંઘ હરામ થઈ ગઈ હતી. તેના માટે પૂ. સ્વામીજી મહારાજ અથાગ પ્રયત્ન કરી રાત દિવસ ઊંઘતા નહોતા.

એક વખત કુદરતી રીતે એવો પ્રસંગ ઊભો થાય છે કે પૂજ્ય સ્વામીજી માટે ધર્મસંકટ અગ્નિ પરીક્ષા જેવું થાય છે. પરંતુ જેના હૃદયમાં સત્યનો પ્રકાશ છે. એવા જ્ઞાની પુરુષને સંસારની કોઈ પણ લાલચ અથવા પ્રલોભન, માન, સન્માન જેવાં આંધીતોફાનો આવે



www.OmShreeMadhavanandji.org

છતાં ડગતા નથી. સાચા જ્ઞાની મહાપુરુષોની અગ્નિ પરીક્ષા લોકેષ્ણાથી બચે એજ છે. (લોકેષ્ણા એટલે પબ્લીસીટી).

પ્રસંગ એવો બને છે કે એક વખત પૂજ્ય સ્વામીજી ફરતા ફરતા ભડકવા (હાલ ભૃગુપુર) દરબારને ત્યાં પધાર્યા હતા. તે વખતે તેમના ત્યાં સત્સંગ કર્યો, સત્સંગ પૂર્ણ થતાં, આરતીના આરંભ પહેલાં બાપજીને ભીક્ષા કરાવવા માટે ભડકવાના દરબાર વિનંતી કરે છે કે આવતી કાલે મહેમાન સહિત મારે ઘેર ભીક્ષા લેવા પધારશો. પૂજ્ય સ્વામીજી મહારાજે આશીર્વાદ સહ ભીક્ષા સ્વાકારીને આરતી પૂર્ણ કરી.

પૂજ્ય સ્વામીજીની તેજસ્વી પ્રતિભા તથા સત્સંગમાં અમૃતમય વાણી સાંભળી બધા ભાવિક ભકતો મંત્ર મુગ્ધ બની જતાં બધા ભાવિક ભકતોને થતું કે બાપજીની છબી (તસ્વીર) અમારા ઘરમાં હોય તો કેવું સારૂં! રોજ ફોટામાં બાપજીનાં દર્શન કરી શકાય. બધાયે ભેગા મળી ભડકવાના દરબારે વાત કરી કે કોઈ સારા ચિત્રકારને બોલાવી બાપજીની એક તસ્વીર લેવડાવીએ. ચાલો આપણે બધા બાપજીને વિનંતી કરીએ.

બધા ભેગા મળી બાપજીને વિનંતી કરે છે કે બાપજી! અમારા બધાની એક અરજ છે. આપ રજા આપો તો આપને એક વાત કહીએ? બાપજીએ કહ્યું શું વાત છે? બધાવતી ભડકવાના દરબારે કહ્યું કે આપની એક છબી દોરવા માગી એ છીએ. જેથી અમને આપનું ધ્યાન, પૂજન, અર્ચન કરવામાં સરળતા રહે. પરંતુ આ સાંભળી બાપજી ઉત્તર આપતાં પહેલાં મંદ મંદ હસી પડે છે.

મનોમન બાપજી વિચારે છે કે દુનિયા કેવી છે? એક મૂકે છે ને બીજું પકડે છે. ભગવાનના નામે સાંપ્રદાયિકતાના જડ નિયમોમાં બંધાયેલા જીવોનો ઉધ્ધાર કરવા હું મહેનત કરું છું ત્યારે લોકો એક મુકી બીજું નવું બંધન ઊભુ કરે છે. ધર્મના નામે સાંપ્રદાયિક બંધન બહુ ખતરનાક બંધન છે. એટલા માટે સાચા ગુરુની ખાસ જરૂર છે.

**નિરપેક્ષ સદગુરુ વિરલા કોઈ,**
**મેં દેખ્યા સબ જગમાં જોઈ,**



www.OmShreeMadhavanandji.org

કોઈ પણ સ્વાર્થ વગર, કોઈ પણ અપેક્ષા વગર બીજાને હિતનો ઉપદેશ આપી અને પોતે પરમાત્મામાં વિલિન થઈ જવા માગે છે. કયાંક ખોટો અહંકાર લોકેષણાથી પુષ્ટ ન થઈ જાય. એટલા માટે પૂજય સ્વામીજીએ તસ્વીર લેવાની ના પાડી. શરીર જડ છે. જડની તસ્વીર(ફોટો) પૂજવાથી ચેતન નહિ સમજાય. જો ચેતન પૂજવાની ઈચ્છા છે તો હું પ્રત્યક્ષ છું જ. આ શરીર તો આજે છે. અને કાલે પડી જશે. માટે આ શરીરની મમતા મુકી. ચેતનની ઉપાસના નો બોધ આપતાં તસ્વીર લેવાની ના પાડી.

ચેતન આત્માની ઉપાસના કરનારને ગુરુ વગર પોતાનું સ્વરૂપ હું સચ્ચિદાનંદ રૂપ છું એવું સમજાતું નથી. માટે કહ્યું છે કે....

**ગુરુ બીન જ્ઞાન ન ઉપજે, ગુરુ બીન મીટે ન ભેદ,**
**ગુરુ બીન સંશય ના મીટે ભલે વાંચ્યો ચારો વેદ,**

વર્તમાન સમયમાં પૂજય માધવાનંદ સ્વામીજીનો ફોટો જે છે તે કેવી રીતે પ્રાપ્ત થયો? તેનું રહસ્ય જાણવા જેવું છે.

ભડકવાના દરબારની દિકરીએ પ્રતિજ્ઞા કરેલી કે પૂજય સ્વામીજીના દર્શન વિના જમવું નહિ. એક તરફ ગુરુની આજ્ઞા અને બીજી તરફ પ્રતિજ્ઞા, આ બન્નેની વચ્ચે શું કરવું અને શું ન કરવું? આનો નિર્ણય લેવો શી રીતે- -પરંતુ એક પક્ષ એવું કહેનાર છે કે ગુરુમૂર્તિનું ધ્યાન કરતાં ગુરુના જ્ઞાનનું મનન કરતાં તદ્રૂપ થવાય છે.


**સ્વયં બ્રહ્મમયો ભૂત્વા સ્થાતવ્યં યત્ર કુત્રચિત્ ।**
**કીટભ્રમર વત્તાત્ર ધ્યાનં ભવતિ તાદૃશમ્ ॥**
**ગુરુ ધ્યાનં તથા કૃત્વા સ્વયં બ્રહ્મમયો ભવેત્ ।**


ઈયળ એક ભમરીનું ધ્યાન કરતાં કરતાં ભમરી રૂપ થઈ જતાં ઊડી જાય છે. તેમ બ્રહ્મજ્ઞાની ગુરુનું ધ્યાન કરતાં બ્રહ્મરૂપ થવાય છે. કારણકે............

**॥ "બ્રહ્મ વિદ્ બ્રહ્મૈવ ભવતિ" ॥**



www.OmShreeMadhavanandji.org





બ્રહ્મને જાણનાર બ્રહ્મરૂપ હોય છે.

એકલવ્યના જીવનની આવી જ એક ઘટના છે. ગુરુના પ્રતિ અતિ અનુરાગ અને પ્રેમ લક્ષણા ભકિતથી સાક્ષાત્ ગુરુ દ્રોણથી દૂર રહેવા છતાં માટીની મૂર્તિમાં ગુરુ દ્રોણનું ધ્યાન કરતાં કરતાં દ્રોણ રૂપ થઈ ઈતિહાસમાં નામ અમર કરી ગયો.

**એકલવ્ય ભીલનો બાળ વિદ્યા માટે ફરતો રે,**
**ગુરું મૂર્તિ કરી વનમાંય ધ્યાન જ ધરતો રે,**
**શ્રધ્ધા ભકિતને ઉમંગ હૃદયમાં રાખ્યાં રે,**
**અર્જુન થકી પણ અધિક વિદ્યાફળ ચાખ્યાં રે.**

અર્જુનને જેટલું ગુરું દ્રોણે શિખવાડયું એટલું જ આવડયું. એટલી જ વિદ્યા પ્રાપ્ત થઈ. પરંતુ એકલવ્ય ગુરુનું ધ્યાન કરતાં ખૂદ દ્રોણ રૂપ બની ગયો. તો આ હેતુથી બધા ભકતો સહિત ભડકવાના દરબારે વિચાર કરી નક્કી કર્યું કે આમાં આપણને કંઈ નુકશાન નથી. ગુરુદેવ ભલે ના પાડે. પરંતું આપણા આત્માના કલ્યાણ માટે અને બીજા મંદ બુધ્ધિના ભાવિક ભકતો માટે સરલ ઉપાય એ છે કે ગુરુ મૂર્તિનું ધ્યાન કરતાં બ્રહ્મનું જ ધ્યાન થાય છે. માટે તેઓશ્રીએ ગુરુદેવ નારાજ ન થાય અને ભકતોનું કામ થાય તે હેતુથી એક એવું આયોજન કર્યું કે પૂજય સ્વામીજીને જાણ ન થાય તેમ છુપી રીતે એક ચિત્રકારને બોલાવી સ્વામીજીનો ફોટો (તસ્વીર) દોરાવીએ.

પૂજય સ્વામીજી એક વખત સ્નાન કરવા બેઠા હતા. ત્યારે ચિત્રકારને પૂજય સ્વામીજીનો જયાં ઉતારો હતો ત્યાં મેડા ઉપર સંતાડીને બેસાડી રાખ્યો, ને કહ્યું કે પૂજય સ્વામીજી જમવા બેસે ત્યારે તેમનું ચિત્ર દોરી લેવાનું છે. આ રીતે ચિત્રકારે પૂજય માધવાનંદ સ્વામીજીનો ફોટો તૈયાર કર્યો હતો. જે ફોટાના આધારે આજે આપણે બધા પૂજય સ્વામીજી મહારાજનાં દર્શન કરી અનેરો લાભ લઈ રહ્યા છીએ. આજથી આશરે ૨૦૦ વર્ષ પૂર્વે પૂજય સ્વામીજી થઈ ગયા. છતાં



www.OmShreeMadhavanandji.org

પણ આજે આપણે આ એક ફોટાના આધારે તેઓશ્રીની આખી જીવન લીલાનો અનેરો લાભ લઈ શકયા છીએ. આ બધો શ્રેય શ્રી ભડકવાના દરબારને શિરે જાય છે. ધન્ય છે તેઓશ્રીને કે એક વિદ્વત્તાપૂર્ણ સમજકદારી પૂર્વક આવો નિર્ણય લીધો.

ભડકવાથી વિચરણ કરતા લીંબડી ગામે પધારે છે. લીંબડીના ભકત શિરોમણી જીવાભા સંઘાડીયા તથા કણબી પટેલ શ્રી હંસરાજભા પૂજય સ્વામીજી મહારાજના અનન્ય સેવક હતા. આ બન્ને સેવકો જ પૂજય સ્વામીજી મહારાજને લીંબડીમાં પ્રથમવાર બોલાવનાર હતા. લીંબડીના ભકતોને હવે આ રીતે અવાર નવાર સ્વામીજી મહારાજના સત્સંગનો લાભ મળ્યા કરતો.

પૂજય સ્વામીજી મહારાજના સત્સંગમાં હવે દિનપ્રતિદિન ખૂબ ભાવિક ભકતોની ભીડ જામતી હતી. પૂજય સ્વામીજી મહારાજનો સત્સંગ નિયમિત અને ચોક્કસ સમયે થતો. જીવાભાના દિકરી નંદુબા પૂજય સ્વામીજીનો સત્સંગ નિયમિત સાંભળે અને સત્સંગનો લાભ લે. નંદુબા પડદા પાછળ બેસી ઓથે રહી સત્સંગ સાંભળતાં કોઈવાર સત્સંગમાં જ્ઞાનની ઊંચી વાત આવે તો અતિ હરખમાં આનંદિત થતા. અને પડદા ઓથેથી ચોરી છુપીથી પૂજય સ્વામીજીનાં દર્શન કરી લેતાં.

## "દર્શનથી દુષ્કૃત્ય ટળે"

આવા ભાવથી ધન્યતા અનુભવતાં હતાં નન્દુબાની ઉંમર નાની હતી પણ સમજ ઘણી ઊંચી હતી. નાનપણના આવા ઊંચા સંસ્કારો પિતા જીવાભા સંઘાડીયાના પ્રતાપે પામ્યાં હતાં. જીવાભાને સંતાનમાં દિકરી નંદુબા અને દિકરો ભવાનભા એમ બે બાળકો હતાં.


નંદુબા જેમ જેમ મોટાં થતાં ગયાં તેમ તેમ પૂજય સ્વામીજીના સત્સંગથી જ્ઞાન વૈરાગ્ય દ્રઢ થતો જાય છે. જયારે નંદુબાએ ૧૯ વર્ષની ઉંમર વટાવી અને સાસરે વળાવવાનો સમય આવ્યો ત્યારે તો નંદુબા મનમાંને મનમાં **"બ્રહ્મ સત્યં જગત મિથ્યા"** ના વિવેકથી દ્રઢ નિશ્ચય કરી ચુકયાં હતાં આ જીવન બ્રહ્મચર્ય પાળી ભકિતમય જીવન જીવવાનો મક્કમ નિર્ધાર કરી ચુકયાં હતાં.



www.OmShreeMadhavanandji.org



પડદા ઓથે રહી સત્સંગ સાંભળતા નંદુબા



સ્વસુર ગૃહે નંદુબા

પહેલાંના સમયમાં બાળલગ્ન પ્રથા હતી. નંદુબાના બાળપણમાં લગ્ન કર્યા હતાં. હવે નંદુબાને સાસરે ન મોકલે તો વેવાઈને આપેલું વચન મિથ્યા થાય. અને બીજી બાજું દિકરીની ભકિતમાં મોટું વિઘ્ન થાય. શું કરવું? પરંતું જીવાભા જ્ઞાતિના ખરાદી હતા. તેઓ એક પ્રતિષ્ઠિત મોભાદાર વ્યકિત હતા. તેથી તેમને એમ થતું કે મારી દિકરીને સાસરે ન મોકલું તો જ્ઞાતિ જનોમાં મારી ફજેતી થાય. એટલે નિંદાના ભયથી ગભરાઈને તેમણે જ્ઞાતિના રિવાજ પ્રમાણે સાસરે મોકલવાનો મક્કમ નિર્ધાર કર્યો.

નંદુબાને લીલાપુર ગામે પરણાવવામાં આવેલાં તેમના સસરા તેડવા માટે આવે છે જીવાભા વેવાઈને આપેલ વચન પ્રમાણે દિકરીને સાસરે વળાવે છે. નંદુબા પોતાની અંદર પડેલી ભકિતની શકિતથી તરબોળ થયાં છે. એમને સંસાર માંડવો નથી. એક બાજુ પિતાની આજ્ઞા છે બીજી બાજુ ગુરુનું જ્ઞાન છે. નિર્ણય શું લેવો તે નક્કી થતું નથી. પિતાની આજ્ઞાને માન આપી નંદુબા સાસરે તો ગયાં. પરંતુ રસ્તામાં નક્કી કર્યું કે ત્યાં જઈ ભકિતનો મારગ પકડીશ. શરીર પડી જાય તો ભલે પડી જાય પરંતુ સંસારના પ્રપંચમાં નથી પડવું. મારે ઘરસંસારનું સુખ ભોગવવું નથી. સંસારની માયામાં પડવું નથી.

સાસરી લીલાપુર ગામે પહોંચતાં નંદુબાએ તો બધાને અચરજમાં નાખી દીધા. શ્વસુરના ઘરના આંગણા આગળ એક લીંબડાનું ઝાડ હતું. લીંબડીના ઝાડ નીચે માથું ઉઘાડું કરીને બેસી ગયાં અને નિર્ભયતાથી કહેવા લાગ્યાં કે મોટા એટલા બધા મારા માવતર સમાન છે અને નાના બધા મારા ભાઈ બહેન છે. આવા વચન બોલી પ્રભુનું એકમાત્ર શરણું સ્વીકારી નંદુબા લીંબડીના ઝાડ નીચે મૌન ભાવે પ્રભુ મગ્નમાં લીન થઈ બેસી ગયાં.

શ્વસુર પક્ષના માણસોને લાગ્યું કે ભકિતની ઘેલછામાં વહુજી ગાંડપણ કરે છે. પરંતુ થોડાક સમયમાં જ થાકીને ઠેકાણે આવી જશે.

જેના હ્રદયમાં સચ્ચિદાનંદ માધવાનંદની ધૂન લાગી છે. એવા નંદુબાને તો એક દિવસ, બે દિવસ કરતાં કરતાં એક અઠવાડિયું વીતી



www.OmShreeMadhavanandji.org

ગયું. ન કશું ખાધુ કે ન કશું પીધું. એમ કહેવાય છે કે સસરા પક્ષના માણસોએ નંદુબાને મેણા મારીને. કહેતા કે ના ખાવું હોય તો લીંબડાનાં પાન ફાકીને ખા. લીંબડીના પાન ખાઈને આઠ દિવસ નંદુબા રહ્યાં.

નંદુબાની આવી ઉગ્ર તપસ્યા નજરોનજર જોઈને શ્વસુર પક્ષના હૈયાં પીગળ્યાં. સૌને થયું કે આ જીવ જુદો જ છે. ભકિત કરવા વહુજીને એમના પિતાને ત્યાં પીયરમાં પાછી વળાવો. જાણેકે શ્વસુર પક્ષના માણસોના હૃદય ભગવાને પીંગળાવી દીધાં. આનો વિચાર કરીને નંદુબાને તેમના સસરા મૂકી આવ્યા. જીવાભા પણ ખૂબ સત્સંગી હતાં. તેઓ પણ સમજી ગયા કે દિકરીના વિચારો ભકિત માર્ગના છે. અને તે સારા માર્ગે જાય, કાયાનું કલ્યાણ કરે એથી રૂડું શું?

હવે તો નંદુબા બાપના ઘરે પાછાં આવી ગયાં છે. શાન્તિથી વધારે તીવ્રતાથી સાધના કરી પ્રભુ ભજન, કિર્તનમાં લીન રહેવા લાગ્યાં. દેહની મમતા દૂર થાય અને આત્મબળ પ્રગટે એવી તીવ્ર તપસ્યા કરવા લાગ્યાં. સાથે સાથે લીંબડીમાં જે ધર્મશાળામાં પૂજય સ્વામીજી અવાર નવાર ઊતરતા હતા તે રામનાથ ધર્મશાળામાં બીજા અનેક સંતો પણ આવતા હતા. પિતા જીવાભાની સાથે રહી નંદુબા પણ સાધુ સંતોની સેવાનો યથા યોગ્ય લાભ લેતાં.

જીવાભા એક વખત નાવડા મુકામે પૂજય સ્વામીજીના દર્શને જઈને પોતાનાં દિકરીનાં બધી વાત કરી કે બાપજી મારી દિકરી નંદુ આજીવન ભકિતમય જીવન ગાળવા સાસરેથી પાછી આવી છે. તો શું એ ભકિત કરશે? ભકિત કરશે તો મારે એના માટે શી વ્યવસ્થા કરવી? પૂજય સ્વામીજી મહારાજે કહ્યું કે ધીરજ રાખો સમય આવશે ત્યારે બધુ થઈ જશે. અત્યારે તમારા ઘરે રહીને ભકિત કરવા દો. આમ બાપજીના વચનમાં વિશ્વાસ રાખી જીવાભા પાછા લીંબડી આવ્યા. જીવાભાએ પોતાના દિકરા ભવાનભાને પરણાવી પટાવીને ઘરની બધી જવાબદારી માથે નાખી દીધી. અને પોતે દિકરી સાથે રહી ભજન કિર્તન કરે છે.

એક દિવસ જીવાભા અચાનક બિમાર પડયા અને કાયા રૂપી ફૂલડું કરમાઈ ગયું??? અચાનક પિતાની ચિર વિદાયથી બન્ને ભાઈ બહેનને થોડા દિવસ પિતાજીની યાદ અને સ્મૃતિ છતાવતી રહી. પરંતુ પૂજય સ્વામીજી મહારાજના જ્ઞાનથી ધૈર્ય ધારણ કરી સ્વધર્મનું પાલન કરવા પૂનઃ સ્વસ્થ થઈ બાપનું નામ ઉજાળતાં મહેનત કરવા લાગ્યાં.



www.OmShreeMadhavanandji.org

નંદુબા રામનાથ ધર્મશાળામાં આવતા અતિથિ કે સાધુ સંતોની સેવા કરતાં. આવતા આગંતૂકોની સેવાપૂજા કરવાનું તેમણે સ્વીકારી લીધું હતું. અને સાથે સાથે ભકિત સત્સંગ વગેરે પણ થતું.

એક વખત અચાનક અતિથિ રૂપે મારવાડથી દ્વારકાની યાત્રાએ નીકળેલા જોધપુર નરેશના ભાઈ તથા તેના બેન બન્ને પધારે છે. નંદુબા સાથે વાતચિતથી એકબીજા વચ્ચે પૂછપરછથી પ.પૂ. સ્વામીજીનો પરિચય થાય છે. અને જોધપુર નરેશના ભાઈ કહે છે કે પ.પૂ.બાપજી અમારે ત્યાં પધરામણી કરી હતી. અને ખૂબ સેવાશ્રુશુષા કરી આશીર્વાદ મેળવ્યા હતા. તમોએ પણ તેમના આશીર્વાદ લઈ જે માર્ગ અપનાવ્યો છે તે બહુ સારો અને કાયાનું કલ્યાણ કરે તેવો ઉત્તમ છે. જોધપુરમાં બાપજી પધારેલા તે વખતે તેમનામાં અમોએ ત્યાગ અને તપસ્યાના અનેક પરચાઓ જોયેલા આવા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુ મળવા દુર્લભ છે.

જોધપુર નરેશના ભાઈએ કહ્યું કે નંદુબેન અમો અત્યારે દ્વારકા જઈએ છીએ. અને વળતાં ફરી અહીં આવીશું. તમો પણ અમારી સાથે આવવા તૈયાર રહેશો. કે જેથી જલદીથી નીકળી શકાય. અમારી બેન કાશીમાં ગંગા કિનારે વિદ્યાની સાથે શાસ્ત્રાભ્યાસ તથા સ્વાધ્યાય કરે છે. ત્યાં મહાત્માઓ સાધુ સંતોના સંસર્ગમાં રહેવાથી મનન નિદિધ્યાસન વગેરે કરવામાં સરળતા પડે છે. તમો પણ મારી બેન પાસે રહો તો તમને પણ ભકિતનો માર્ગ મોકળો લાગશે. અને જીવન પણ ઉજ્જવળ થશે. સાથે સાથે કાશી નગરીમાં આશુતોષ વિશ્વનાથ ભગવાનના આશીર્વાદ મેળવશો. નંદુબાને તો **"જોઈતું હતું ને વૈદે કહ્યું"** ના જેવી વાત થઈ. આ સાંભળી ને ખૂબ આનંદ વિભોર થયાં છે ને વચન આપ્યું કે હું અવશ્ય તમારી સાથે કાશી આવીશ. તમો અહીં જરૂરથી વળતાં આવશો. આમ કહી નંદુબાતો ઘરે ગયાં. અને તેઓશ્રી દ્વારીકાનાથના દર્શને પ્રયાણ કર્યું. ઘેર આવી નંદુબાએ ભાઈશ્રી ભવાનભાને તમામ વિગતે વાત કરી. તો ભવાનભા પણ રાજી થયા. અને કહ્યું કે તેઓ દ્વારકાથી આવે તે પહેલાં આપણે બાપજીની આજ્ઞા લઈ આવીએ. બાપજીની આજ્ઞા મળ્યા પછી જ આપણે નિર્ણય કરવાનો છે. તમારે કાશી જવું કે ન જવું તે બાપજીની આજ્ઞા પછી જ નક્કી થશે.



www.OmShreeMadhavanandji.org

પૂજ્ય ભવાનભા બાપજીની રજા લેવા માટે જાય છે. બાપજીની આજ્ઞા લઈ ભવાનભા ઘરે આવે છે. નંદુબાને બધી વાત કરે છે. તેજ સમયે પેલા અતિથિઓ દ્વારકાથી પણ પાછા આવી જાય છે. ભવાનભા બેનને કાશી ભણવા મોકલવા જોધપુર નરેશના ભાઈને ભલામણ કરે છે. જોધપુર નરેશના બેન કહે છે કે તમો નંદુબાની જરાય ચિંતા કરશો નહીં તેમને મારી બેનની જેમ રાખીશ. અને મારા ભાઈએ સાધ્વી મહિલાઓ માટે રહેવા ફરવા માટેની અલગ વ્યવસ્થા કરી છે. હું પણ ત્યાં જ રહું છું. મારી સાથે બીજી ઘણી બહેનો છે. તેથી તેમને એકલાપણું પણ નહીં લાગે. સ્વાધ્યાય, ભજન, શાસ્ત્રોકત અભ્યાસ નિરંતર થાય છે. કાશી તો વિદ્યાપીઠ તરીકે પ્રસિધ્ધ છે. આશુતોષ વિશ્વનાથ બધુ સારૂં કરશે. નંદુબા જોધપુરના નરેશના નાનાભાઈ તથા તેમની બેન સાથે કાશી જવા ચાલી નીકળે છે. ભવાનભા સંઘાડીયા પોતાની લાડલી બહેનને ભાવભીની વિદાય આપે છે. આથી વિખૂટા પડવાનો ખૂબ આઘાત અનુભવે છે. શ્રી સદ્‌ગુરુના ચરણોમાં પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! સહુના સારાવાના કરજો.


નંદુબાએ કાશીમાં ૧૧ વર્ષ રહી અભ્યાસ અને શાસ્ત્રોકત જ્ઞાન પ્રાપ્ત કર્યુ. તેથી કહી શકાય છે કે તેમની કાશીની યાત્રા સફળ થઈ. ૧૧ વર્ષને અંતે તેઓ લીંબડી પધારે છે. અહીં આવી તેઓ એક મહિલા મંડળની સ્થાપના કરે છે. તેને **"સચ્ચિદાનંદ માધવાનંદ મહિલા મંડળ"** એવું નામ આપવામાં આવ્યું. આશ્રમમાં બહેનો નિયમિત સત્સંગનો લાભ લે છે. અહીં નંદુબાની એક નવી પ્રતિભા ઊભી થઈ છે. તેની વિદ્વતાની ચારે બાજુ ફોરમ ફેલાવા લાગી. તેમની સુસંસ્કારી પ્રવૃત્તિઓની વાત લીંબડીના દરબારના કાને ગઈ અને તેઓ પણ પ્રભાવિત થયા. આવી પ્રવૃત્તિઓથી લીંબડી ઠાકોર ખૂશ થયા. અને તેમને બે ઓરડા સત્સંગ કરવા માટે બાંધી આપ્યા. એક તેમને રહેવા માટે અને બીજો સત્સંગ કરવા માટે. તેમના આર્થિક નિભાવ માટે વર્ષાસન પણ બાંધી આપ્યું. જે આજે પણ પરંપરાગત ચાલું છે. નંદુબાએ લીંબડીમાં "મહિલા માધવાનંદ આશ્રમ" ની સ્થાપના કરેલી તેની આજે પણ દિન પ્રતિદિન પ્રગતિ



www.OmShreeMadhavanandji.org



નંદુબા વિદ્યાભ્યાસ માટે કાશી પધારે છે.



નંદુબા ને સન્યાસની ચાદર વિધિ કરતા પૂજ્ય સ્વામીજી

થતી રહી છે. અને આજે તે પોતાની અસ્મિતા પર જળહળી રહ્યો છે.

નંદુબાએ પૂજય માધવાનંદ સ્વામીજીના ઉપદેશાનુસાર અદ્વૈત સિધ્ધાંતને અનુસરતા ઘણા હસ્તલિખિત ગ્રંથો લખ્યા છે. જે પ્રસાદી રૂપે ત્યાં છે. નંદુબાના સત્સંગ તથા અદ્વૈત વિચારોથી પૂજય સ્વામીજી મહારાજ પરિચિત હતા. તેથી તેમણે નક્કી કર્યું કે આ જીવ પૂર્ણ થયો છે અને સંન્યાસનો અધિકારી બન્યો છે. જયારે યોગ્ય સમય આવશે ત્યારે બધુ થઈ પડશે એવા મનમાં વિચાર કરે છે ત્યાં ભવાનભા એ પૂજય સ્વામીજીને લીંબડી તેડાવવા નિમંત્રણ આપ્યું અને કહ્યું કે બાપજી બહેનનો એક સંદેશો છે કે ભારતીય સંસ્કૃતિ અનુસાર ચાર આશ્રમની વ્યવસ્થા પ્રમાણે પૂર્ણ વૈરાગ્ય યુકત હું બની છું. માટે કૃપા કરી સંન્યાસ દિક્ષા આપવા અનુગ્રહ કરો. આવો ભવાનભાના મુખેથી નંદુબાનો સંદેશો સાંભળી બાપજીએ એટલું જ કીધું કે હવે સમય પાકી ગયો છે મારે પણ હવે જાજું જીવવાનું નથી. હું પણ આવું છું. એમ લીંબડીનું નિમંત્રણ સ્વીકારી પૂજય સ્વામીજી લીંબડી પધાર્યા. યોગ્ય સમય જોઈ પૂજય સ્વામીજીએ બ્રાહ્મણ પાસે મૂર્હત જોવડાવી ઉપનિષદ્‌ના સિધ્ધાંત પ્રમાણે શાસ્ત્રોકત વિધિથી સંન્યાસ દિક્ષા આપવા તૈયારીઓ કરાવી.

સવારે પ્રાત:કાળમાં ભોગાવા નદીના તટ ઉપર ઘણા બધા સેવકો એકઠા થયા છે. તે બધાની ભીડ વચ્ચે ધામધૂમથી નંદુબાને પરમહંસ સંન્યાસની ચાદર વિધિ કરી અને નંદુબાને સદેહે વ્યષ્ટિમાંથી સમષ્ટિમાં પ્રવેશ કરાવ્યો.

પૂજય સ્વામીજી મહારાજના સત્સંગમાં બહેંનો માટે પડદો બાંધવામાં આવતો અને પડદા પાછળ બેસીને જ કથા મહિલાઓ સાંભળે પૂજય સ્વામીજીની આજ્ઞા હતી.

નંદુબાને સન્યાસની દીક્ષા આપી અને પૂજય સ્વામીજી મહારાજે એ સિધ્ધ કરી બતાવ્યું કે જ્ઞાન એ જ સર્વ શ્રેષ્ઠ છે. "ऋते ज्ञानान्न मुक्ति"

**જ્ઞાન વિના બહું ગોથા ખાધા,**
**વળગ્યા હું ને મારૂં જોને.,**



www.OmShreeMadhavanandji.org

પૂજય સ્વામીજી દ્વારા સત્સંગમાં બંધાવવમાં આવેલ પડદો સ્ત્રી-પુરુષના ભેદ ઊભા કરવા નહીં પરંતુ સ્ત્રી અને પુરુષની વચ્ચે વિવેકનો સેતુ બંધાવવા માટે પડદો રાખવામાં આવતો. સ્રીઓ પ્રત્યે ધૃણાથી જોવા માટે નહીં, તેમને તુચ્છ સમજવા માટે નહિ. સ્ત્રી અને પુરુષની વચ્ચે પ્રકાશનો પડદો બાંધવામાં આવતો હતો. અંધકારનો એટલે કે અજ્ઞાનનો નહીં સ્ત્રી અને પુરુષ વચ્ચે જ્ઞાન અને સમજણનો પડદો હતો. જડ નિયમો નહીં. રૂઢીવાદનો નહીં અંધશ્રધ્ધા અને રૂઢીવાદીતાથી સમાજ ધર્મના નામે સાંપ્રદાયિકતાના સામુહિક દુ:ખથી પિડાય છે. આવી સાંપ્રદાયિક અંધશ્રધ્ધામાંથી કોઈ વિરલા જ જીવને સત્ય સનાતન સમજાવે છે. મૂર્તિપૂજા, કર્મકાંડી તથા દ્વૈત આચાર્યોનો ખુલ્લો વિરોધ પૂજય સ્વામીજીએ પોતાના હસ્તે લખેલ શિક્ષાપત્રીમાં દર્શાવેલો છે.

મૂર્તિપૂજાના વિરોધમાં પૂજય સ્વામીજીએ કેવલ જડનો વિરોધ કર્યો છે. ચેતનનો નહીં. મૂર્તિના માધ્યમથી ચેતન ભકિત થાય તો કંઈ વાંધો નહીં. પરંતુ મન ગમતું કરવા મૂર્તિપૂજાની જડમાં દ્રઢતા થતી જાય છે. માટે સગુણ ઉપાસકને સદ્‌ગુરુ જે ચેતન છે તેનું પૂજન કરવાનું કહ્યું અને ચેતન સગુણ ઉપાસના કરવા ગુરુ ભકિત ઉપર વધારે ભાર આપ્યો છે. જે બ્રહ્મવિદ છે. તેની સેવાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. ગુરુમૂર્તિનું ધ્યાન કરતા તદ્‌રૂપ થવાય છે.

કર્મકાંડી આચાર્યોને બોધ પાઠવવા કહ્યું છે કે કર્મથી ઉત્પન્ન થયેલું ફળ સદા રહેતું નથી. તેથી કર્મ ફળનો ત્યાગ કરવો.

**॥ "જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુધ્રુવં જન્મ મૃતસ્ય ચ" ॥**

**(ગીતા-અ-૨)**

ઉત્પન્ન થયેલું નિશ્ચિત નાશ પામે છે નાશ થયેલું બીજી રીતે ઉત્પન્ન થાય છે. માટે કર્મથી શાશ્વત સુખ મળી શકે નહીં.

દ્વૈતવાદી આચાર્યોનો પણ ગર્જનાથી સત્ય પ્રકાશિત કરવા શિક્ષાપત્રીમાં ઉલ્લેખ કરેલ છે કે દ્વૈતવાદીઓનો સંગ ન કરવો. પછી ભલે રામાનંદી હોય કે પુષ્ટી માર્ગી હોય જયાં દ્વૈત છે ત્યાં "द्वितीया द्वै भयं भवति" ભય છે છે છે ને છે જ.



www.OmShreeMadhavanandji.org

જેને પોતાને કોઈ સ્વાર્થ નથી તે જ સત્ય પ્રકાશિત કરી શકે છે. જેને કાંઈ ભય નથી તેજ નિર્ભયતાથી કહી શકે છે. "तत्वमसि"

જ્ઞાનમાર્ગમાં અંધશ્રધ્ધાને કોઈ સ્થાન નથી. જયાં પ્રકાશ છે ત્યાં અંધકાર હોઈ શકે નહીં. માટે પરિવર્તનશીલ સંસારમાં જે સમયે જે દેશકાળ પ્રમાણે જે કાંઈ કરવું પડે તે નિર્ભય પણે વર્તે તેનું નામ પ્રકાશ. શિયાળામાં ગરમ અને જાડાં કપડાં પહેર્યા પછી ઉનાળો આવે ગરમી થાય, ગભરામણ થાય છતાં પણ ગરમ અને જાડાં કપડાં ના ઉતારે તો સમજણનો અભાવ છે. આવા વિચારવાળા ધર્મગુરુ ન બની શકે. સમય ગરમીનો છે પરંતુ દેશ ઠંડો છે. હિમાલયના વિસ્તાર પર જઈને કોઈ કપડાં ઉતારી પંખા ચલાવે તો પણ મૂર્ખ કહેવાય. માટે આવા લોકો ધર્માચાર્ય તરીકે સમાજનું કલ્યાણ કરી શકતા નથી.

પૂજય સ્વામીજી મહારાજે આપણને ચેતન જાગ્રત અને જ્ઞાનની પરંપરામાં જીવન જીવવાનું શિખવું છે. પોતાનાં સ્વહસ્તે લખેલ સુત્ર બધ્ધ શિક્ષાપત્રીના નિયમો એક પણ જડ નથી. ચેતન છે પણ સમજવાની શકિત હોય તો, નહિતર પોતાની ના સમજથી સારૂં કરવા જતાં ઊલટું થઈ જાય છે શિક્ષાપત્રીમાં કુલ નિયમો ૩૬ જ લખેલા છે. પણ ચેતનાથી ભરપુર છે. ૩૬ના અંકનો વિચાર કરતાં જ ખ્યાલ આવશે કે તગડાનું મોઢું અને છગડાનું મોઢું ઉલટ સુલટ છે એટલે કે વિરોધી છે. એવી રીતે જડ અને ચેતન, ધર્મ અને અધર્મ, પ્રકાશ અને અંધકાર પરસ્પર અતિ વિરુધ્ધ સ્વભાવવાળા છે. વિનાશી જગત અને અવિનાશી પરમાત્મા આ બન્નેને જે સમજે તે જ બધુ સમજી શકે છે. જે જડને પ્રધાનતા આપે છે તેના સંપ્રદાયમાં - ધર્મમાં જડતા વધે છે આવી રૂઢિવાદીતા દુ:ખનું કારણ બને છે જે ચેતનને પ્રધાનતા આપે છે તેનો ધર્મ ચેતન સંપ્રદાય બને છે. ત્યાં રૂઢિવાદને સ્થાન નથી. માટે ત્યાં સુખ સુખને સુખ છે. બીજાને સુખ આપવાની જ જેને ભાવના છે તેને નથી કાંઈ સ્ત્રી દેખાતી કે નથી કોઈ પુરુષ દેખાતો જયાં એક જ ભાવ દ્રઢ થયો છે કે

ममात्मा सर्व भूतात्मा तस्मै श्री गुरवे नम:

બધા જ મોટા આત્મા છે. હું જ બધું છું પછી તેને કોઈ પ્રકારનો દ્વેષ રહેતો નથી.



www.OmShreeMadhavanandji.org

सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ।

આવા ચેતન જ્ઞાનના અટલ વિરલ અને યુગ પુરુષ જેવા શ્રી માધવાનંદજી મહારાજે નંદુબાના આત્માનું કલ્યાણ કરવા સંન્યાસ દિક્ષા આપીને જડતાનો નાશ કર્યો છે. આપ્ત પુરુષોનું વચન તથા વર્તન હંમેશા હિતકારી હોય છે. તેથી પૂજ્ય સ્વામીજીના વચનમાં વિશ્વાસ રાખી નંદુબા ધન્ય બન્યાં છે.

साधूनां दर्शनं पूण्यं तीर्थभूता ही साधवः ।
कालेन फलते तीर्थं सद्यः साधुसमागमः ।।

હવે પૂજ્ય સ્વામીજી પરિવ્રાજક પદને સુશોભિત કરતા એક વખત વસ્તડી મુકામે પધારે છે જે પૂજ્ય સ્વામીની જન્મ સ્થલી છે. વસ્તડી ગામમાં જેઠાભાઈ દરજી રહેતા હતા. તેમની નાની ઉંમરમાં પૂજ્ય શ્રી માધવાનંદ સ્વામીજીના બાળ ગોઠિયા હતા. બંને સાથે રમેલા મોટી ઉંમરે જેઠાભાઈ સ્વામીજીના ભકત બન્યા. જેઠાભાઈને વાધો નામે એકનો એક દીકરો હતો. શિયાળાની ઠંડીમાં એક વખત સ્વામીજી અને જેઠાભાઈ કૂવા ઉપર વહેલી સવારે સ્નાન કરવા ગયેલા. ત્યારે સ્વામીજીએ જેઠાભાઈને કહ્યું કે તમો વાધાને સાથે લેતા આવ્યા હોય તો તે આપણને પાણી સિંચવામાં મદદ કરત.

જેઠાભાઈએ કહ્યું-સ્વામીજી! મારે વાધો એકનો એક દીકરો છે. અને અત્યારે ઠંડી પણ ઘણી છે. કદાચ તેને શરદી થઈ જાય કે માંદો પડી જાય તો?

આવું સાંભળી સ્વામીજીએ કહ્યું કે- તમારે વાધો એક છે પણ તે વાધાને એકના અનેક થશે? અને વાધાના ઘરમાં વાધાના ગાભા ઘરમાં સમાશે નહિ. તું કોઈની ચિંતા કરીશ નહિ. તારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

આ વાધાભાઈ દરજીને દિકરાના દિકરા એમ અત્યારે બધાના ઘરે પણ દિકરા છે. કુટુંબ બહોળું અને સુખી છે. હાલ આ કુટુંબના દરજીઓ મુંબઈ, સુરત, સુરેન્દ્રનગર વસ્તડી બધે વર્તમાનમાં પૂજ્ય સ્વામીજી મહારાજની કૃપાથી સુખી છે. તથા પરંપરાગત ગુરુસેવાનો લાભ લઈ રહ્યાં છે.



www.OmShreeMadhavanandji.org

મહાપુરુષોનાં આશીર્વચનો કદી મિથ્યા થતાં નથી. આપ્ત પુરુષો જે બોલે છે એ થઈને જ રહે છે. માટે આપ્ત પુરુષો વાણીનો સદુપયોગ કરે છે તેઓ કદી પણ દુરુપયોગ કરતા નથી.

એક વખત આશરે ૧૯૨૨ની વાત છે. સ્વામીજી વસ્તડી ગામે પધાર્યા હતા સત્સંગ ચાલતો હતો ભકત જનો સ્વામીજીનો ઉપદેશ ધ્યાન પૂર્વક સાંભળતા હતા. ત્યાં અચાનક ધરતી કંપના આંચકા આવવા લાગ્યા. ઘરો પડવા લાગ્યાં. ગામ લોકો ગભરાઈ ગયા, ને બૂમાબૂમ કરી જેમ નદીમાં પૂર આવે તેમ તમામ ગામ લોકો જાણે કે આખું ગામ સ્વામીજી પાસે આવે છે. જાણેકે આખું ગામ સમાપ્ત થઈ જશે કે શું? પણ સ્વામીજી તો-

**મેરું રે ડગે પણ, જેના મનડા ડગે નહિં પાનબાઈ,**
**ભલેને ભાંગી પડે બ્રહ્માંડ રે..........**

આવા અખંડ અવિચળ બ્રહ્માનંદમાં મસ્ત રહીને તેમનો સત્સંગ ચાલુ જ રહ્યો. જયાંપૂજય સ્વામીજી પ્રગટ બ્રહ્મ સ્વરૂપે હાજર છે ત્યાં બ્રહ્માંડ તૂટી પડે તો પણ કોઈ શોક જેવું હોય જ નહિ. આતો એક સ્વપ્ન માત્ર છે. માટે ધીરજતા રાખવા સ્વામીજીએ કહ્યું કે કોઈ ગભરાશો નહીં હમણાં બધુ શાન્ત થઈ જશે, ભગવાનની કૃપાથી આ ગામમાં કાંઈ નુકશાન ન થયું. થોડી જ વારમાં બધુ શાન્ત થઈ ગયું. આ જોઈને લોકો રાજી રાજી થઈ ગયા. અહોભાવ પૂર્વક સ્વામીજીને વંદન કરવા લાગ્યા.

આવા તો કેટલાય પ્રસંગો સ્વામીજીની વચન સિધ્ધિના છે. જે આપ્ત-પુરુષોનો પરિચય આપે છે. આપ્ત પુરુષોની આપ્ત વાણીમાં દિવ્ય શકિત રહેલી છે.

પૂજય સ્વામીજી નિર્ભય અને સત્ય વકતા પણ હતા. સત્ય વચનનું પોતે પાલન કરવું અને બીજાને સત્ય તરફ લઈ જવા એજ એમનો સિધ્ધાન્ત હતો.

એકવાર ભાવનગરના દરબાર શ્રીએ સ્વામીજીને સંદેશો મોકલ્યો કે આપશ્રીના દર્શને આવવા માગું છું કયારે આવું? તે જણાવશોજી? આપની આજ્ઞાની રાહ જોઉં છું. પૂજય સ્વામીજી મહારાજે કહ્યું કે તમો અહંકાર સાથે આવો છો તેથી એ સ્થિતિમાં તમને કોઈ લાભ થશે નહિ. માટે માન મુકી વિચારી ને આવો.



www.OmShreeMadhavanandji.org

**માન મુકીને તમે આવોરે મેદાનમાં ને**

**સમજો સદગુરુની શાન રે........**

**સદ્‌ગુરુ શબ્દના થાવ અધિકારી પાનબાઈ...**

**મેલીને અંતરના માન રે..........**

સ્વામીજીના દર્શને આવનાર રાજા હોય કે રંક હોય તેમને મન તો બધા સરખા જ હતા. બધાને સત્ય બોધ આપી સન્માર્ગે વાળતા. સ્વામીજીના સત્સંગમાં સૌ સમાન રીતે તેમની સામે સાદી બેઠકમાં આસનમાં બેસતા હતા તેમની જીજ્ઞાસા પ્રમાણે જ્ઞાન આપતા. જે જીજ્ઞાસુ સંસારના બંધનમાંથી છૂટવા માગે છે તે રાય હોય કે રંક. ગુરુનું શિષ્યત્વ સ્વીકારે તો જ ગુરુનું જ્ઞાન હૃદયમાં ઊતરે છે. તેથી પૂજ્ય સ્વામીજીએ ભાવનગરના દરબાર અહંકારની સ્થિતિમાં હોઈ દર્શને આવવાની ના પાડી. અને છેવટ સુધી તેમને દર્શન ન આપ્યાં તે, ન જ આપ્યાં!!!

ગીતાજીમાં પણ અર્જુનજી પોતાના સાળા શ્રી કૃષ્ણની પાસે શિષ્યત્વ સ્વીકારી ને જ ગીતા જ્ઞાન પ્રાપ્ત કરી શકયા છે તે દ્રષ્ટાંત મોજુદ છે.

शिष्यस्ते हं शाधि मां त्वां प्रपन्नम् ।

ગુરુમાં દેહ દ્રષ્ટિ રાખી જ્ઞાન મેળવી શકાતું નથી માટે

**તેમાં આણીશમાં દેહ ભાવ કે મોટો મર્મ છે જી રે.....**

ગુરુમાં દેહ બુધ્ધિ કરનાર, મનુષ્ય બુધ્ધિ કરનાર નરકનો ભાગી થાય છે. જે કાંઈ પાપ છે તેને ધોવા માટે ગુરુના શરણે જઈ અને પ્રાયશ્ચિત કરી શુધ્ધ અંતઃકરણ દ્વારા જ્ઞાન મેળવવું જોઈએ. એ ગુરુની સેવા કરવી એ જ અહંકારતોડી પાપનું પ્રાયશ્ચિત કરવા બરાબર છે. સેવાથી સદ્‌ગુરુ રાજી થાય છે. અને પછી જ દુઃખમાંથી તથા ભાવ બંધનમાંથી છૂટવાનો રસ્તો જાણવા મળે છે.

પાલીતાણાના ઠાકોર સાહેબ સ્વામીજીના દર્શને આવવા નીકળ્યા હતા. તેમને આવવાની સ્વામીજીને જાણ થઈ. સ્વામીજીએ નક્કી કર્યું કે મારે આજે ઠાકોરને દર્શન આપવા નથી. જેવો શિષ્ય



www.OmShreeMadhavanandji.org

અધિકારી હોય તેને તેવો બોધ તથા શિક્ષા કરવામાં પૂજય સ્વામીજી ભૂલતા નહિ. પાલીતાણાના ઠાકોરે પોતાના ભાણેજની હત્યા કરી છે. તેના કુકૃત્યનો તેમને પૂરો પસ્તાવો ન થાય ત્યાં સુધી મારે તેમને દર્શન આપવાં નથી. એનું પાપ ઢાંકવા મારી પાસે આવી મારો સહારો લઈ સમાજમાં ઊજળા દેખાવા પ્રયાસ કરતા હોય તો હું એમના અંહકાર તથા દંભને પોષાણ નહીં આપું. ત્યાર પછી સ્વામીજી ચમારડીથી ચોગઠ જવા ઊપડયા.

આમ સ્વામીજીએ ઠાકોરને દર્શન ન આપ્યાં તે ન જ આપ્યાં. આથી પાલીતાણાના ઠાકોરને અફસોસ થાય છે અને મનોમન સમજે છે કે હું પાપી છું માટે સ્વામીજી મને દર્શન આપતા નથી. મારે આ પાપમાંથી છૂટવું છે. તેમ નક્કી કરી સામેથી પૂજય સ્વામીજીના દર્શને જાય છે. અને તેમને ચરણે પડી જાહેરમાં માફી માગી પાપમાંથી છૂટે છે. પાપ પોકાર્યા વગર પવિત્ર થવાતું નથી. માટે પાપનું પ્રાયશ્ચિત કરી પાપમાંથી છૂટી જવું જોઈએ. ત્યાર પછી ઠાકોરે પવિત્ર જીવન જીવવાનો સંકલ્પ કર્યો. સ્વામીજી પોતે ચુસ્ત આચાર વિચાર પાળતા અને બીજાઓને પણ તેમ શીખવતા હતા.

એક વખત સ્વામીજી કરમસદ ગામે પધારેલા. તેમને ચુનીભાઈ જીવાભાઈ પટેલ, પુંજાભાઈ તથા મણીભાઈ વગેરેના વડવાઓએ સ્વામીજીને ખાસ આમંત્રણ આપીને તેડાવેલા. સ્વામીજી સત્સંગ કરતાં કરતાં પ્રશ્ન કર્યો કે તમને મુકિત મળી કે નહીં? સેવકોએ કહ્યું કે સ્વામીજી આપની કૃપા હોયતો મુકિત મળે. પૂજય સ્વામીજીએ સમજાવતાં કહ્યું કે શરીરમાં રહેવાવાળો આત્મા સ્વયં મુકત છે. માટે બુધ્ધિથી દ્રઢ કરો કે હું આ શરીરનો (ક્ષેત્રનો) ક્ષેત્રજ્ઞ છું. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિનો દ્રષ્ટા છું આનંદરૂપ છું શરીર વિકારીને દુ:ખરૂપ છે. આમ સ્વામીજીએ અમી દ્રષ્ટિ કરી અમૃત મય વાળી દ્વારા અમૃતના રસપાન કરાવ્યાં છે.

**હંસા-વાણી જેની છે અમૃત જેવી.**

**પીતાં આવે અમીના ઓડકાર...દુર્લભ એવા સંત છે.**

સ્વામીજીના બોધથી ઘણા લોકો સ્વામીજીના શિષ્યો થયા અને ત્યાં **"શ્રી માધવાનંદ સ્વામીજીની"** ધર્મશાળા બાંધીસર્વે સેવકો સ્વામીજીના સંગથી સુખી થયા. આજે પણ ત્યાં માધવાનંદ આશ્રમ વિદ્યમાન છે.



www.OmShreeMadhavanandji.org

ધર્મજ ગામે સ્વામીજી ભકતોના આમંત્રણથી પધાર્યા હતા. ત્યાં સ્વામીજીએ સેવકોને સરળ અને સાદું જીવન જીવવાનો તથા લોકોપકારનું જીવન જીવવાનો ઉપદેશ આપ્યો. સર્વમાં આત્મા એક છે. એક પરમાત્માથી આખું વિશ્વ વ્યાપ્ત છે.

"ईसावास्यमिदं सर्वम्" (ઉપનિષત્)

આવું વિચારી કોઈએ કયારેય કોઈને દુ:ખ દેવું નહિ. જેટલી સેવા થાય તેટલી આ શરીરથી કરવી. બીજાના ભલા માટે આ શરીરનો ઉપયોગ કરવો. કારણ કે આ શરીર એક દિવસ રાખમાં રોળાઈ જવાનું છે. માટે શરીરની આળસ કાઢી ને પરોપકારી કામો કરવાં. શરીરને સાચવવું ખરું પણ તેને પ્રમાદી કરી પડી રહેવું નહીં "જન સેવા એજ પ્રભુ સેવા" ના સૂત્રો સમજવા પ્રયત્ન કરવો.

ધર્મજના સેવકોએ સ્વામીજીના સ્મરણાર્થે ત્યાં પણ માધવાનંદ આશ્રમની સ્થાપના કરી. સોજીંત્રા ગામની જનતાએ "सत्यं ज्ञान मनन्तं ब्रह्म" એક પરમાત્મા જ સત્ય છે. જગત મિથ્યા છે એમ સાર રૂપમાં સમસ્ત શાસ્ત્રોના નિચોડ સમજાવતા હતા. પૂજય સ્વામીજીનો આવો વિદ્ધતા પૂર્ણ ઉપદેશ સાંભતા હતા. તેમણે પણ ત્યાં એક માધવાનંદ આશ્રમ બાંધી સ્વામીજીને અર્પણ કર્યો હતો.

સ્વામીજી આમ જયાં જયાં ફર્યા ત્યાં ત્યાં સ્વામીજીના જ્ઞાનથી તેમજ તેમના પ્રત્યક્ષ જીવન જીવવાની સાદી સરળતાથી સૌ પ્રભાવિત થતા. કનક, કાન્તાના ત્યાગી. એમની ચુસ્ત દ્રઢતાને કારણે સૌને સ્વામીજી માટે માન ઉપજતું. ગુજરાતમાં સ્વામીજીએ અદ્વૈત વેદાન્તનો પ્રચાર ઉત્તમ રીતે કરેલો છે. ગામે ગામ નાનામાં નાના માણસ સુધી સંદેશો પહોંચાડયો છે. સ્વામીજી વડદલા, લીંબાસી વગેરે ગામોમાં પણ સ્થાયી રહી સારા એવા સેવકોને બોધ આપી સન્માર્ગે વાળી જીવન જીવવાનો બોધ આપ્યો છે. કઠલાલમાં પણ સ્વામીજીએ ચાતુર્માસ કરેલ અને સત્સંગનો લાભ આપ્યો હતો. અમદાવાદ, ઓઝરાળા, મહેમદાવાદ વગેરે સ્થળોએ પણ સ્વામીજી પધારેલા અને લોકોને સરળ, સાદું, વિવેકી અને ધર્મમય જીવન જીવવાનો ઉપદેશ આપ્યો હતો. અમદાવાદમાં પણ બે આશ્રમની સ્થાપના કરેલી. એવું શ્રી ઉજમશીભાઈ સંઘાડીયા પાસેથી જાણવા મળેલ છે.



www.OmShreeMadhavanandji.org

આમ ધર્મ પ્રચારને અર્થે અને લોકોને ભકિત માર્ગે વાળવાના હેતુથી સ્વામીજીએ ઘણો પ્રચાર પ્રસાર કરેલો. સ્વામીજી જયાં પધારતા ત્યાં તેમના તપોમય જીવનની છાપ પડતી. અને સૌના મનમાં સારી એવી છાપ પડતી હતી. તેમના વેદાન્ત જ્ઞાનથી સૌ પ્રભાવિત થતા. સ્વામીજી પણ આવનાર સેવકોના મન જીતી લેતા, અને ધર્મના પ્રચાર પ્રસારનું કામ પૂર જોશથી ચાલતું હતું.

ત્યાગ અને તપસ્યા એ જ પૂજય સ્વામીજીનું આભૂષણ હતું. કોઈપણ પ્રકારની મમતા નહીં. મારું તારું. અદકું,દવલું નહીં નિ:સ્પૃહ થઈને વિચરણ કરતા. સ્વામીજી જે ગામમાં જાય ત્યાં તેમને સારો આવકાર મળતો. અત્યારે તો આપણે બધા એક પરંપરાગત એક સૂત્રમાં જોડાયેલા છીએ. તેવું તે વખતે નહોતું છુટા પડેલા, વિખરાયેલા મણકાઓને એકત્રિત કરી એક સૂત્રમાં જોડવાનું કામ એ વખતે સ્વામીજી કરતા હતા. અપરિચિત જગ્યામાં જઈ ગામને પાદર એક ઝાડ નીચે આસન વાળી સ્વામીજી બેસતા અને તેમની પાસે જે કોઈ માણસ આવે તેને પ્રેમથી આવકારતા અને વિશ્વાસમાં લેવા પ્રયત્ન કરતા. કોઈ આવી સ્વામીજીને પગે લાગે તો સ્વામીજી પ્રેમથી તેને સમજાવે કે ભાઈ તું મને કેમ પગે લાગે છે? ત્યારે સામેથી જવાબ મળતો કે સ્વામીજી અમોએ જાણ્યું છે કે કોઈ સંત મહાત્માના ચરણે જઈ પ્રણામ કે વંદન કરીએ તો પવિત્ર થવાય છે. તો સ્વામીજી પછી સામેથી કહેતા કે શું હવે તમો પવિત્ર થયા? તો શું જવાબ આપે? પછી તેમની અજ્ઞાની ભાષામાં કહે કે મહારાજ અમો તો સંસારી છીએ. પાપી છીએ! એમ કંઈ પવિત્ર થઈ જવાય? ત્યારે સ્વામીજી કહેતા કે ભાઈ......

**દર્શનથી દુષ્કૃત ટળે ને સ્પર્ષતાં પાવન થાય.**
**બ્રહ્માનંદ સુખ ઉપજે રે આવરણ અવિધા જાય...વારી જાઉં.**

આવું રોકડું જ્ઞાન આપતા કે દર્શન થયા એટલે આપણા બધાના પાપ ગયાં. એમ અહોભાવથી માણસ પવિત્ર થાય છે. તમો મનમાંથી હું પાપી છું એ ભ્રાન્તિ કાઢી નાખો અને આત્મભાવથી બ્રહ્મભાવથી બ્રહ્માનંદ સુખને માણતા રહો.



www.OmShreeMadhavanandji.org

આવો રોકડો ઉપદેશ સ્વામીજી આપતા. જ્યારે ભીક્ષાનો સમય થાય ત્યારે ભીક્ષા લેવા ગામમાં જાય. દુનિયાથી ઉપરામ થયેલા બાપજીને કાંઈ જોવું નહિ ને કંઈ જાણવું નહિ તે હેતુંથી માથા ઉપર કપડું ઢાંકીને ચાલે. એટલે કે માથા ઉપર ઘુંઘટ જેવું લાગે. તેથી લોકો સ્વામીજીને **"ઘુંઘટીયો બાવો"** આવ્યો એવા સંબોધનથી એવખતે બોલાવતા હતા. જેમ પરિચય થાય એમ સત્સંગનો લાભ લેતા જાય તેમ તેમના પ્રતિ કૃતજ્ઞતાનો વધારો થતો જાય. પૂજ્ય સ્વામીજી કોણ છે? તેમની ઓળખાણ ધીમે ધીમે થાય. સ્વામીજી દિવસમાં એક જ વાર ભીક્ષા લેતા. એક જ ઘરની ભીક્ષા માગી નદી કે તળાવ જેવા શુધ્ધ જળાશયમાં ભીક્ષાને પવિત્ર કરી પછી જ જમતા. પાણીમાં ઝબોળીને જે ભીક્ષા લેવામાં આવે તેને માધુકરી ભીક્ષા કહે છે. આવી ભીક્ષા સ્વામીજી માટે એક વિશેષતા હતી. તેનાથી ખ્યાલ આવે છે કે સ્વામીજીને સ્વાદિષ્ટ અન્નની અપેક્ષા નહિ. ભોજનમાં આશકિત નહીં પણ શરીરને ટકાવી રાખવા ખાતર અન્ન આપવાનો હેતું સમજતા હતા. શરીરને સાચવવું પણ મોહિત થઈને નહિ. શરીરને સમાજના પરોપકારી કાર્યો કરવા અને સમાજની સેવા કરવા માટે એક સાધન તરીકે ગણતા.

પોતાના જીવનોપયોગી સામગ્રીમાં દોરી લોટોને એક છરી એની યાત્રા ખરી. એજ એમની યાત્રાની સામગ્રી. તેમનું જીવન સાવ સાદગીથી જીવતા. ભીક્ષા માટે લાકડાનું પાત્ર અને ચાખડીઓ પણ લાકડાની પહેરતા. વસ્ત્રો પણ સાદાં આ બધુ અતિ સાદગીમય છે. અતિ ઉપયોગી પણ છે. તે વખતે કૂવા કે વાવમાંથી પાણી કાઢવા અતિ સરળ પડે. તે વખતે આટલી પાણી ની સુવિધા નહોતી.

પોતાની એક નાની ઝોળીમાં આ સાધન સામગ્રી રાખતા. અને ખભે ભરાવતા. આથી વધારાનું કયારેય સંગ્રહ કરી રાખતા નહીં. કોઈપણ મારું છે તેવો ભાવ નથી કર્યો.

આકરું ગામનો એક પ્રસંગ છે. પૂજ્ય સ્વામીજીને આકરું માટે ઘણું માન હતું. તેથી ત્યાં સ્વામીજીએ હરિભકતોને (સેવકોને) આશ્રમ બાંધવાની પ્રેરણા કરી કે અહીં એક આશ્રમ બનાવો. જેથી બધાને સત્સંગનો લાભ મળે. પૂજ્ય સ્વામીજીની આજ્ઞાનું પાલન કરવા. બધા મળીને આશ્રમ બાંધવાનું નક્કી કર્યુ. જ્યારે આશ્રમ બાંધવાનું ચણતર કામ ચાલું કર્યુ ત્યારે માધવાનંદ સ્વામીજીની કસોટી કરવા માટે કેટલાક વિઘ્ન



www.OmShreeMadhavanandji.org

સંતોષી લોકોએ કોર્ટની મદદથી કાર્ય અટકાવ્યું અને કહ્યું કે માધવાનંદ સ્વામીજી સ્વ મુખે એમ કહે કે આ મકાન મારૂં છે. તો અમે કબજો છોડી દઈએ. ત્યારે પૂજ્ય સ્વામીજી મહારાજે સ્પષ્ટ જવાબ આપતાં કહ્યું કે ભાઈ **"આ દેહ મારો નથી તો પછી હું એવો દાવો કેમ કરી શકું કે આ મકાન મારૂં છે"**

પૂજ્ય સ્વામીજી અપરિગ્રહી અને મમતા રહીત હતા. સંન્યાસીનું ખરું જીવન જીવતા હતા. દિવસે દિવસે સ્વામીજીનું ભકતમંડળ વધારેને વધારે વિસ્તરતું ગયું. ગામે ગામ ફરીને સ્વામીજી લોકોને અમરવાણી સંભળાવતા. પ્રભુને મારગે દોરી રહ્યા હતા. જેમ જેમ બાપજીનો પરિચય વધતો ગયો તેમ તેમ સત્સંગમાં ભકતોની ભીડ વધતી ગઈ.

સત્સંગમાં પૂજ્ય સ્વામીજી કહેતા કે શરીર જડ છે. તેમાં ઈન્દ્રિયો દ્વારા વિષયની વાસનાથી જીવ બંધાય છે. ઈન્દ્રિયોના વિષયોથી મન સુખ ભોગવે છે પણ તે વાસ્તવમાં સાચું સુખ નથાં. ઈન્દ્રિયોના વિષયોથાં મન સુખી દુઃખી થાય છે. સુખદુઃખ એ મનના ધર્મો છે. આંખનો વિષય રૂપ છે આંખનો કેવળ જોવાનું કામ કરે છે. જોયા પછાં મનએ રૂપમાં મોહિત થઈને સુખી દુઃખી થાય છે. કદરૂપું હોય તો દુઃખ થાય છે. માટે ઈન્દ્રિયોના સંયમથાં મનના આવેલ સુખ દુઃખ એ સાચા નથાં ખોટા છે. આવેને જાય એવા સુખદુઃખથી હરખ શોક ન કરવા.

જ્યાં પોતાની જ ભૂલ ઉપર વિચાર કરવાનો હોય છે. ત્યાં સત્સંગમાં શનિ નડે છે. મેલડી નડે છે કુળદેવી નડે છે કે પછી કોઈએ મારાં ઉપર કામણ કર્યું છે. એવું વિચારવું એ કુબુધ્ધિ છે. માટે પૂજ્ય સ્વામીજી એ જાહેર જનતાને એક માત્ર સચ્ચિદાનંદ ધન તમારો આત્મા જ સાચો છે. એવું સમજાવ્યું છે. તમે છો તો જગત છે તમે નથાં તો જગત પણ નથી. તમે છો તો શની છે તમે નથી તો શની પણ નથી. તમે છો તો દેવાં દેવતા છે તમે નથાં તો દેવાં દેવતા કંઈ પણ નથાં. કારણ તમારી પ્રતિષ્ઠાથી જ આખું વિશ્વ પ્રતિષ્ઠિત છે. સ્વરૂપની ઓળખાણ કરવી એજ સાચું જ્ઞાન અને ધર્મ છે. આવી રીતે ધર્મનો પ્રચાર કરતાં પૂજ્ય સ્વામીજી વિચરણ કરતા તેઓશ્રી ચમારડી ગામે જાય છે. શરીર ક્ષીણ થતું જાય છે. સ્વામીજીનો છેવટનો અંતિમ સમય આવાં પહોંચ્યો છે, પૂજ્ય સ્વામીજીએ સમાધિ લેવાનું નક્કી કરી નાખ્યું. તેઓશ્રીના મનનાં ઈચ્છા આકરું ગામે જ સમાધિ લેવાનાં હતાં. માટે બધા ભકતોને



www.OmShreeMadhavanandji.org

ભેગા કરીને કહ્યું કે મારે આકરું જવું છે. જલદી મને જેમ વહેલું આકરું પહોંચાય તેમ વ્યવસ્થા કરો. પૂજય સ્વામીજીની આજ્ઞાનું પાલન કરવા તુરંત બળદ ગાડી તૈયાર કરાવી. તે સમયે એક ગામથી બીજા ગામે જવા માટે બળદ ગાડીનો રિવાજ હતો. બધા ભકતો પૂજય સ્વામીજીને ભાવભીની વિદાય આપે છે.

પૂજય સ્વામીજી જયાં સુધી દેખાતા બંધ ન થયા ત્યાં સુધી બધા ભકતો ધૂન બોલતા રહ્યા અને જયારે દૂર દૂર ક્ષિતિજમાં સ્વામીજી લીન થયા ત્યારે જ બધા ભકતો ઘરે પાછા ફર્યા. બધા ભકતો વિચારમાં પડી ગયા કે સ્વામીજીએ અચાનક પ્રોગ્રામ કેમ બદલી નાખ્યો? અહીં રોકાવવાનું કહીને આકરું જવાનું કેમ નક્કી કર્યું. કોઈ કહે કે ત્યાં તો સ્વામીજી વગર નિમંત્રણે પણ જાય છે. બીજો કોઈ કહે કે તમો બધા ગમે તે વિચારો પણ મને તો આમાં કંઈ બીજું જ સમજાય છે. આવા અનેક તર્ક વિતકો કરે છે. સ્વામીજી ઉતાવળ કરાવે છે કે જેમ બને તેમ જલદી મને આકરું પહોંચાડી દો. તમો પવન વેગી સારા બળદ ને ગાડું લાવો. કે જેથી જલદીથી આકરું પહોંચી શકાય. આજે વગર નિમંત્રણે પહોંચવા અધીરા બને છે. તો તેનો શો હેતુ હોઈ શકે? તેઓશ્રી અગમગામી દિવ્યદર્શી હતા?


ચમારડી થી વિદાય લીધા પછી જલદી જલદી ઉતાવળા પગે બરવાળાના પાદરેથી ગાડું પસાર થતું હતું ત્યારે પાંચ વાગ્યાનો સમય હતો. તે વખતે નાવડાના પીપરીયાના ભકતો બજારમાં હટાણું (ખરીદી) કરવા માટે આવેલા તો તેમને ખબર પડી કે સ્વામીજી બરવાળાના પાદરે આવ્યા છે અને આકરું જઈ રહ્યાં છે. તો તેઓ તથા બરવાળાના ભકતો બધા સ્વામીજીને મળવા માટે રસ્તામાં રોડ ઉપર સ્વામીજીના દર્શન કરે છે અને ધન્યતા અનુભવે છે. નાવડા પીપરીયાના ભકતો સ્વામીજીને પોતાને ગામ લઈ જવા માટે આગ્રહ કરે છે. અને કહે છે કે હવે અમો અમારા ગામ જઈ રહ્યા છીએ તો અમોને તથા અમારા ગામના ભકતોને આપના દર્શનનો લાભ આપવા અમારા ગામે પધારો. પરંતુ સ્વામીજીએ કહ્યું કે મારે જલદી જલદી આકરું જવું છે. સમય પહેલાં આકરું જવાનું છે. તમો બધા કાલે પ્રસાદી લઈને આકરું આવજો.



www.OmShreeMadhavanandji.org




ચમારડીથી આંકરૂ જવા બાપજીને વિદાય આપતા ભાવિક ભક્તો



ચમારડીના ભાવિકભક્તોને સત્સંગની સરવાણી દ્વારા
પરિતૃપ્ત  કરતા પૂજ્ય શ્રી સ્વામી માધવાનંદજી મહારાજ



આંકરૂ જતાં રસ્તામાં બાપુજીને રોકવા આગ્રહ કરતાં
નાવડા, પિપરીયા તથા બરવાળાના ભક્તો



માગશર વદી સાતમને ગુરૂવારની રાત્રે આંકરૂ મુકામે સમાધિસ્થ થયા તે રૂમ

બરવાળાના હરિભકતો સ્વામીજીને લઈ જવા માટે ખૂબ આગ્રહ કરે છે અને રસ્તા વચ્ચે આડા સૂઈ જાય છે. અને કહે છે કે બાપજી આજની રાત ફકત બરવાળા રોકાઈ જાવ. અને અમોને સત્સંગનો લાભ આપતા જાઓ. પરંતુ સ્વામીજીએ ઊભા થઈને કહ્યું કે તમારે મન ગમતું કરવું છે? ત્યારે બધા ભકતોએ કહયું-બાપજી આપ કહેશો તેમ કરીશું. સ્વામીજીએ કહ્યું કે મારી આજ્ઞા છે કે ભલે ત્યારે તમો બધા કાલે આકરું પ્રસાદ લઈને આવશો? આજે મારે સમય સર ત્યાં પહોંચવું છે. આમ પરાણે વિદાય લઈ ને પૂજય સ્વામીજી આકરું પધારે છે. તે વખતે રાત્રીના ૧૦ વાગ્યા છે. આકરુંમાં બધા સેવકોને સમાચાર મળી જાય છે કે સ્વામીજી પધાર્યા છે. તુરંત દર્શન કરવા સૌ દોડીને આશ્રમે આવે છે પૂજય સ્વામીજીએ આવેલા બધા ભકતોને પ્રેમથી આવકાર્યા અને કહ્યું કે સવારે સૌ બધા આવજો અને પ્રસાદ માટે થાળ લેતા આવજો. એ વખતે સ્વામીજીએ પ્રસાદ માટે સવા રૂપિયાના થાળની પ્રથા રાખી હતી.

બધા ભકતોને વિદાય આપી પૂજય સ્વામીજીએ પોતાના શયન કક્ષમાં ગયા ત્યાં તેઓશ્રી પાટ ઉપર પદ્માસન વાળીને પોતાનું ઉપવસ્ત્ર ચારે બાજુ દબાવીને બન્ને હાથ ગોદમાં રાખી ઈષ્ટ દેવનું શિવનું આરાધન કરતા ધ્યાનસ્થ થયા.

સવારના બ્રહ્મ મૂર્હતમાં ઊઠીને ભકતો નિયમિત ગુરુગીતાનો પાઠ કરવા આશ્રમમાં આવતા. પૂજય સ્વામીજી પણ પોતે નિયમમાં રહીને બીજાઓને પણ નિયમપાલનની આજ્ઞા કરતા. ગીતા પાઠ નીચે પડાળી (પરસાળ)માં કાયમ કરવામાં આવતો. સ્વામીજી દરરોજ નિયમ મુજબ નીચે આવી જતા. પણ આજે ગીતાપાઠનો સમય થઈ ગયો છે છતાં સ્વામીજી નીચે આવ્યા નહીં. બધા ભકતો તર્ક વિતર્ક કરે છે કે ગઈ કાલે સ્વામીજી ખૂબ દૂરથી પ્રવાસ કરીને મોડી રાત્રે આવ્યા છે તેથી કદાચ ઊંઘી ગયા હોય--ખૂબ રાહ જોઈ પરંતુ ગુરુદેવ આવ્યા નહીં. સૂર્યોદય થયો. સવારના ૯ વાગવા આવ્યા પરંતુ બાપજી નીચે આવ્યા નહીં કે



www.OmShreeMadhavanandji.org

તેમનો રૂમ પણ ખોલ્યો નહીં. તેથી નીચેથી બધા ભકતો ઉપર ગયા.અને રૂમના દરવાજેથી ધીરે ધીરે ત્રણ વખત - સ્વામીજી સચ્ચિદાનંદ ??? સ્વામીજી સચ્ચિદાનંદ??? સ્વામીજી સચ્ચિદાનંદ??? કહીને પૂજ્ય સ્વામીજીને જગાડવાનો પ્રયાસ કર્યો. પરંતુ દરવાજો ખોલ્યો નહીં. હવે બધા એકબીજા સામું જોઈને મનમાં ને મનમાં આશંકિત બને છે. અને તર્ક વિતર્ક કરે છે. કે સ્વામીજી દરવાજો કેમ ખોલતા નથી? શું હશે? ત્યાં એક ભકત શિરોમણી એવા વડીલ આગળ આવીને કહે છે કે દરવાજો ખોલો! જે હશે તે ખબર પડશે. એટલે બધાએ સંમતિ આપી અને દરવાજો ખોલી અંદર ગયા તો જોયું તો પૂજ્ય સ્વામીજીએ લીલામય ભૌતિક શરીરનો ત્યાગ કરી બ્રહ્મલીન થયા છે.

લોકોને હવે સમજાયું કે સ્વામીજીએ પ્રસાદ લઈ સવારે આવવા શા માટે કહ્યું હતું. માગસર વદ ૭(સાતમે)ને ગુરુવાર રાત્રે પૂજ્ય સ્વામીજીએ આપણી બધાની વચ્ચેથી માયા સંકેલી લીધી. ભકત મંડળ વચ્ચેથી જ્ઞાનનો ભાણ અસ્ત થતાં બધા ભકતો ખૂબ મોટા શોક સાગરમાં ડુબી ગયાં. પરંતુ પૂજ્ય સ્વામીજીના એક શિષ્ય સ્વામીશ્રી શિવાનંદજી મહારાજ હતા. તેમની સાથે બધા ભકતો એ આખા ગામમાં અંગતો(અણુજો) પાળ્યો. અને પૂજ્ય સ્વામીજીના દેહને સમાધિ આપવા આખા ગામમાં ઝુલુસ નીકળ્યું. ધામધૂમથી જય સચ્ચિદાનંદ ની ધૂન સાથે આખા ગામમાં ફર્યુ. ગામ ધૂમાડો બંધ કરાવ્યો. આખા ગામમાં **"સચ્ચિદાનંદ માધવાનંદ"** ની ધૂનથી આખું ગામ ગાજી ઊઠયું. ગામડે જેમ જેમ ભકતોને સમાચાર મળ્યા તેમ તેમ બધા ભકતો આકરુંમાં સ્વામીજીના અંતિમ દર્શનના લહાવો લેવા આવી ગયા બધા ભકતોની હાજરીમાં પૂજ્ય સ્વામીજીના લીલામય શરીરને (પાર્થિવ) ભૂમિમાં શાસ્ત્ર વિધિ પ્રમાણે સમાધિ આપી. બૂલંદ જયકાર સાથે સૌ કૃત્ય થયા.

આજે પણ આકરું ગામમાં સ્વામીજીની સમાધિની પવિત્ર જગ્યા આવેલી છે. સમાધિ ઉપર એક જાળ ઊગી છે જે જાળમાંથી રોજ સવારે ખાંડ ઝરતી હતી. અને આખો ઓટલો ખાંડથી છવાઈ જતો.

આજે સમાધિ ઉપર આરસનો સુંદર ઓટલો છે. એક આરસની તકતીમાં સ્વામીજીની મહાનિર્વાણ તિથિ લખેલી છે. **"માગસર વદ ૭(સાતમ) ગુરુવાર સંવત ૧૯૩૭"** આકરું ગામનો આશ્રમ પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી ત્રણ માળનો બંધાયેલો વિશાળ છે. બીજા માળના



www.OmShreeMadhavanandji.org

એક ઓરડામાં પૂજ્ય સ્વામીજી રહેતા હતા તે ઓરડો આજે પણ પ્રસાદી રૂપે વિદ્યમાન છે. આખો આશ્રમ આજે લગભગ ૧૫૦ વર્ષ થયા પરંતુ એની એ સ્થિતિમાં પણ અડીખમ ઊભો છે. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના ભૂકંપમાં પણ કોઈ નુકશાન થયું નથી. પૂજ્ય સ્વામીજી જે ઓરડામાં રહેતા હતા તે ઓરડામાં આજે પણ પ્રસાદી રૂપમાં સ્વામીજી જે જીવન દરમ્યાન વપરાશમાં લીધેલ તે વસ્તુઓ રાખવામાં આવી છે. ભાવિક ભકતો આ બધી પ્રસાદીના દર્શન કરવા આવે છે. સ્વામીજીનું આખું જીવન કેવું હતું તે વસ્તુઓ જોવાથી સમજી શકાય છે.

ગુરુજીના વચનમાં વિશ્વાસ રાખી ભકતો ધન્ય થયા છે. પૂજ્ય સ્વામીજીએ એક શિક્ષાપત્રી પણ લખી છે. તેમાં પામર, વિષયી અને મુમુક્ષુને અનુસરતાં ૩૬, નિયમોનું એક સંકલન કરેલું છે. આ ૩૬ નિયમોમાં પામર જીવનને કેમ રહેવું તે સમજાવ્યું છે. તેણે કેવા નિયમો પાળવા? વિષયી રજોગુણીને માટે પણ સમજાવ્યું છે કે તે કેવા નિયમોને અનુસરે? મુમુક્ષુ માટે પણ ઊંચી સમજણ પૂર્વક અદ્વૈત સિધ્ધાંતને અનુસરતા નિયમો આપ્યા છે.

શિક્ષાપત્રીના નિયમ નં ૯ માં લખ્યું છે કે

**નિયમ:૯ દારૂ, માટી, ચોરી છિનાલી - એ ચાર વ્રતમાં પણ ન પાલવા / અને ગાંજો ભાંગ અફીણ, તમાકુ ને આધે લઈને વ્યસન માત્ર ન કરવું ।**

આવી રીતે પામર જીવોને પ્રથમ પગથિયું - **"આચારઃ પ્રથમો ધર્મ"** આચરણ કેવું કરવું તે સમજાવ્યું છે.

સકામી વિષયી જીવોને માટે બાધા, આખડી વાર તહેવાર કરવાની ના પાડી છે અને એક પરમાત્મા જ સાચા છે એવું સમજાવ્યું છે.

શિક્ષાપત્રીના નિયમ નં ૫ માં લખ્યું છે કે

**નિયમ:૫ શિવરાત્રી, ગોકુલ - આઠમ, એકાદશીને આધે લઈને વ્રત કરવું નહિ । વાર શનિ આદિત મંગળ સામે આધે લઈને વાર ગ્રહ પૂજન કરવું નહિ ।**

શિક્ષાપત્રી નિયમ નંબર - ૩૦માં

**નિયમ:૩૦ શ્રી સચ્ચિદાનંદ સેવકને દીકરો પરણે તારે સવા રૂપિયાનો થાલ કરવો ।**

**શ્રી સચ્ચિદાનંદના સેવકોએ બાધ આખડી રાખવી નહિ માનતા કરવી તે મધ્યે સચ્ચિદાનંદનો થાલ માનવો.। તે કામ શયા પછે શાલ કરવો.**



www.OmShreeMadhavanandji.org

આવી રીતે રજોગુણી, વિષયી, સકામી જીવને આશા તૃષ્ણાને અંધશ્રધ્ધામાંથી બહાર કાઢવાની કોશિષ કરી છે. અને નિષ્કામ જીવન જીવવાનું માર્ગ દર્શન આપ્યું છે.

મોક્ષની ઈચ્છાવાળા મુમુક્ષુઓને પણ ગુરુ ભકિત ઉપર ભાર દઈને બ્રહ્મવિદ્ ગુરુ પાસે જવું તેની પાસેથી નિર્ગુણ બ્રહ્મને ભજવા ગાવા ગવરાવવા.

"**ब्रह्मविद ब्रह्मैव भवति**" બ્રહ્મને જાણવાવાળા ગુરુ સાક્ષાત બ્રહ્મ જ છે. તેથી ગુરુ ભકિત ઉપર ચેતન ભકિત ઉપર ભાર દીધો છે. અને મૂર્તિની જડતાથી દૂર રહેવા જણાવેલ છે.

આવી રીતે જે તમો ગુણી, રજોગુણી અને સત્વગુણીના અનુક્રમે પામર, વિષયી અને મુમુક્ષુ એમ ત્રણ પ્રકારનાં અધિકારી અનુસાર શિક્ષાપત્રીમાં બોધ આપેલ છે. જેણે વિસ્તાર શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય તેજ સમજી શકે છે. નહિતર અધુરા જ્ઞાનીઓ અર્થનો અનર્થ કરી સાંપ્રદાયિક વિવાદમાં પડે છે. અધિકારી સિવાય શાસ્ત્રનો પૂર્ણ જ્ઞાતા સિવાય સુત્ર બધ્ધ કહેલી વાત જલદી સમજાય તેવી નથી. માટે અધિકારી થઈ. ગુરુને ચરણે પ્રશ્નોત્તરી દ્વારા સેવા કરવી જ્ઞાન મેળવવું.

આંકરું ગામમાં પૂજય સ્વામીજીના સમાધિએ દર્શન કરવા જતા ભકતો જયારે સ્વામીજીના જીવનોપયોગી વસ્તુ જે પ્રસાદી રૂપે છે તેનું દર્શન કરે છે. ત્યારે દૂધીની તૂંબડીમાંથી બનાવેલ સાદા કમંડલ અને લોટા તથા જમવા માટે લાકડાની થાળી અને વાટકા જેવા પાત્રો તથા ગેરુથી રંગેલા સુતરના સાદા વસ્ત્રો જોતાં એમ લાગે છે કે ઉચ્ચ વિચારો ને સાદું જીવન માનવને મહાન બનાવે છે. ભૌતિક પદાર્થોથી મહાન નથી થવાતું.

વૈરાગ્યની સાક્ષાત્ મૂર્તિ એટલે પ્રગટ બ્રહ્મ સ્વરૂપ સ્વામીજી **"શ્રી માધવાનંદજી મહારાજ" "જય સચ્ચિદાનંદ"**



www.OmShreeMadhavanandji.org


ॐ શ્રી સચ્ચિદાય નમઃ

# -: પરમેશ્વરની સ્તુતિ :-


## (વસંતતિલકા)

વાણી અને મન વિચાર કર્યે ન પામે; જ્યાં નેતિ નેતિ કરતાં શ્રુતિઓ વિરામે;
જેને વદે વિવિધ શાસ્ત્ર પવિત્ર ધામ, તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.....(૧)
કાળ સ્વભાવમય જે સૌથી સ્વતંત્ર, જેણે રચ્યું જગત રૂપ વિચિત્ર યંત્ર;
જે શુધ્ધબુધ્ધ સુખકારણ પૂર્ણકામ, તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.....(૨)
જે બુધ્ધિ આદિ શુભ સાધન આપનાર, જેની કળા કુશળતા પ્રગટી અપાર,
જેને ન દોષ ગુણને નહિ રૂપ નામ, તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.....(૩)
જેના ભયે પૃથિવી ધારણ-ધર્મ પાળે, જેના ભયે નહિ હુતાશન સદ્ય બાળે,
જેના ભયે પવન વાય ન થાય ધામ, તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.....(૪)
સીમા તજે નહિ સમુદ્ર સમર્થ તોય, જેનો કદાપિય વિનાશ કરે ન કોય;
આકાશથી ન અવકાશ તજાય આમ, તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.....(૫)
જે જીવ શિવ વળી જે જગત સ્વરૂપ, જે આ ચરાચર તણો અતિ ઉગ્ર ભૂપ;
જે સર્વનું અતિ અલૌકિક એક ઠામ,..તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ....(૬)
પાસે છતાં અદ્રશ્યવત્ સહુથી રહે છે, છેટે છતાં હૃદયમાંહી રમ્યા કરે છે,
જેને જરાય ન અડે જડ હાડચામ, તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.......(૭)
સત્તાવડે પૂરણ પોષણ જે કરે છે, સત્ત્વાદિથી વિવિધ એ અવતાર લે છે,
જેને વિષે પ્રલયમાં સહુને વિરામ, તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.......(૮)
જેને વિરંચી હરિને હર નામ આપી, ભાવે કરે ભજન પુણ્ય વડે પ્રતાપી;
જીભે જપાય હર કેશવ કૃષ્ણ રામ, તે પ્રાણ બંધુ પરમેશ્વરને પ્રણામ.......(૯)


www.OmShreeMadhavanandji.org



પ. પૂ. પ્રવર્તમાન શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર
સ્વામી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય



બ્રહ્મલીન પ્રઘટ સ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર
સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ - વેદાન્તાચાર્ય



પરમ પૂજ્ય પ્રાત: સ્મરણીય સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ

**શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ**

# SAUJANYA

E-Book Conversion Suggested & Managed by

Shree Babubhai Vallabhbhai Mangukiya - Gariyadhar

Technical Support by

Prashant Babubhai Mangukiya
Kalpesh Babubhai Mangukiya

General Support & Help by

Shree Akhandanand Sagar Yuvak Mandal, Surat

Book's Printed Copy Provided by

Shree Madhavanand Ashram
Shree Sachchidanand Sevak Mandal Trust, Surat

**Price:** Precious, Inestimable

**FREE Download from**
**www.OmShreeMadhavanandji.org**







**Disclaimer:** This e-book is available for free download from official website of Shree Madhavanand Ashram (Shree Sachchidanand Sevak Mandal Trust) www.OmShreeMadhavanandji.org only. You can download this e-book for personal use and gaining knowledge about Shree Madhavanand Ashram. This e-book Can Not be used for Sell, Print or any other Commercial purpose that will generate direct or indirect income for individual or company by any means. Also content from this e-book or same Can Not be copied to use in other publications, website, blog post, articles or any other purpose. Please do not post this ebook on other website for download or do not forward it by email attachments or any other means. You can send our website url to your friends & family for download e-book from there.




ॐ

For more information about

**Shree Madhavanand Ashram**

please visit our website

**www.OmShreeMadhavanandji.org**